૨૦૪ વર્ષ

દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 17 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માઘ સુદ - ૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 January 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૨૦ જાન્યુઆરી ૨૦૨૬, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ચાંદી ત્રણ લાખ રૂપિયાને પણ પાર

## ગ્રીનલેન્ડના મુદ્દે ટૅરિફ તણાવ વધતાં ચાંદી વાયદામાં ઊછળીઃ દિલ્હીમાં ગોલ્ડ-સિલ્વર નવી ટોચે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગ્રીનલેન્ડ પર કબજો કરવાની યોજનાને ટેકો ન આપનાર યુરોપિયન દેશો પર વધારાની ટૅરિફ લાદવાની અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ધમકી ઉચ્ચારતા આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ રહેવાની રોકાણકારોની સોના, ચાંદી, જાપાનીઝ યૅન અને સ્વિસ ફ્રાન્કમાં સલામતી માટેની લેવાલી નીકળી હતી. જેમાં ખાસ કરીને સોના અને ચાંદીના વૈશ્વિક ભાવ ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચ્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓના હાજર અને વાયદાના ભાવમાં તેજીનો ચમકારો જોવા મળ્યો હતો. આજે મલ્ટિ કૉમૉડિટી એક્સચેન્જ ખાતે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૬,૪૩૮ અથવા તો છ ટકા વધીને રૂ. ૩,૦૪,૨૦૦ની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા. નોંધનીય બાબત એ છે કે વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૬૮,૪૯૯ અથવા તો ૨૯ ટકા વધી આવ્યા છે. તે જ પ્રમાણે આજે સોનાના વાયદામાં ભાવ ૨.૦૯ ટકા અથવા તો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૯૮૩ની તેજી સાથે રૂ. ૧,૪૫,૫૦૦ની નવી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

વધુમાં આજે નવી દિલ્હી ખાતે પણ હાજરમાં ચાંદીના વેરા સહિતના ભાવ કિલોદીઠ રૂ. ૧૦,૦૦૦ની તેજી સાથે રૂ. ૩,૦૨,૬૦૦ના મથાળે અને સોનાના વેરા સહિતના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૯૦૦ વધીને રૂ. ૧,૪૮,૧૦૦ની નવી ઊંચી સપાટીએ બંધ રહ્યાના અહેવાલ હતા, જ્યારે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨,૦૮૫ના ઉછાળા સાથે રૂ. ૨,૯૩,૯૭૫ની સપાટીએ પહોંચ્યા હતા.

તેમ જ વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૪૪ વધીને રૂ. ૧,૪૩,૩૭૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૩૫૩ વધીને રૂ. ૧,૪૩,૯૪૬ના મથાળે રહ્યા હતા. જોકે, બન્ને કિંમતી ધાતુઓમાં ઊંચી સપાટીએથી માગમાં સૂનકાર હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ભૂરાજકીય અનિશ્ચિતતા, ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને મક્કમ રોકાણલક્ષી માગ સામે પુરવઠા સ્થિતિ તંગ રહેતાં વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીમાં વન વે તેજી જળવાતાં સ્થાનિકમાં પણ ચાંદી અને સોનાના વાયદાએ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ લાખની અને ૧૦ ગ્રામદીઠ રૂ. ૧.૪૫ લાખની સપાટી કુદાવી હોવાનું કોટક મ્યુચ્યુઅલ ફંડના ફંડ મેનેજરે જણાવતાં ઉમેર્યું હતું કે ગ્રીનલેન્ડના મુદ્દે યુરોપના દેશો પર ટ્રમ્પે ટૅરિફની જાહેરાત કરતાં તેજીને વધુ ઈંધણ મળ્યું હતું. ■

## ચીનમાં વસ્તી સંકટઃ જન્મદર ૧૭ ટકા ઘટ્યો

બેંગકોકઃ ચીનમાં જન્મ દર સતત ઘટી રહ્યો છે. ચીન લાંબા સમયથી વિશ્વની સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ રહ્યો છે. વસ્તીને નિયંત્રિત કરવા માટે સરકારે 'એક બાળક' નીતિનો કડક અમલ કર્યો હતો. ચીને તેની લાંબા સમયથી ચાલતી એક બાળક નીતિનો અંત લાવ્યાના એક દાયકા પછી અધિકારીઓ વધુ બાળકોને પ્રોત્સાહન આપવા માટે વિવિધ વિચારો અને નીતિઓ અપનાવી રહ્યા છે. જેમાં રોકડ સબસિડીથી લઇને કોન્ડૉમ પર ટેક્સ લાદવા સુધીનો સમાવેશ થાય છે.

આ પ્રયાસો હજુ સુધી સફળ રહ્યા નથી. આ દર્શાવે છે સોમવારે જાહેર થયેલા વસ્તીના આંકડાઓ. જે હવે વિશ્વનો બીજો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ બન્યો છે. નવા સરકારી આંકડા અનુસાર ચીનની ૧.૪ અબજની વસ્તી સતત ઘટી રહી છે. જેમાં સતત ચોથા વર્ષે ઘટાડો નોંધાયો છે. ૨૦૨૫માં કુલ વસ્તી ૧.૪૦૪ અબજ હતી. જે ગત વર્ષ કરતાં ૩૦

(જુઓ પાનું ૨) ▸▸

## શિંદે ચેકમેટ?: મૅયરપદની મુંબઈની ફોર્મ્યુલા થાણેમાં પણ લાગુ કરવાની ભાજપની શરત

### કલ્યાણ-ડોંબિવલી અને ઉલ્હાસનગર માટે પણ સમજૂતી સધાઈ હોવાનો ભાજપનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના મેયરપદ માટે અઢી અઢી વર્ષ વહેંચી લેવાની ફોર્મ્યુલા શિવસેના દ્વારા ભાજપને આપવામાં આવી છે અને તેની સામે ભાજપે થાણેમાં પણ આ જ ફોર્મ્યુલા લાગુ કરવાની માગણી કરી હોવાથી હવે એકનાથ શિંદેની સમસ્યામાં વધારો થયો છે.

જેવી રીતે મુંબઈમાં ભાજપ એકનાથ શિંદેની શિવસેના કરતાં લગભગ ત્રણગણા વધારે નગરસેવકો ધરાવે છે તેવી જ રીતે થાણેમાં શિંદેસેના ભાજપના અઢીગણા વધારે નગરસેવકો ધરાવે છે, પરંતુ ફરક એ છે કે થાણેમાં શિંદે સેના સ્વબળે પોતાનો મેયર બેસાડી શકે છે. મુંબઈમાં ભાજપને મેયર બેસાડવા માટે શિંદેની જરૂર છે.

આ બાબતને કારણે એકનાથ શિંદે ગુંચવાયા છે, કેમ કે મુંબઈમાં મેયરપદ મેળવવા માટે થાણેની સત્તામાં ભાજપને ફરજિયાત ભાગીદાર બનાવવા પડશે.

બીજી તરફ એવી ચર્ચાઓ થઈ રહી હતી કે ૧૨૨ બેઠકની કલ્યાણ-ડોંબિવલીમાં શિંદે સેના પાસે ભાજપ કરતાં એક નગરસેવક ઓછો છે અને મેયર બેસાડવા માટે તેઓ ભાજપના

(જુઓ પાનું ૨) ▸▸

## ૪૫ વર્ષના નીતિન નબીન ભાજપના પ્રમુખ



**નવા સુકાનની તૈયારીઃ** નવી દિલ્હીમાં ભાજપના નવા પ્રમુખ નીતિન નબીન માટે નામાંકન રજૂ કરી રહેલા જે.પી. નડ્ડા, રાજનાથ સિંહ, અમિત શાહ અને નીતિન ગડકરી સહિતનો નેતાગણ. (એજન્સી)

નવી દિલ્હીઃ ભાજપના પ્રમુખપદના હોદ્દા માટે ૪૫ વર્ષના નીતિન નબીન એકમાત્ર ઉમેદવાર હોવાને કારણે તે પક્ષપ્રમુખ બનવા સજ્જ હોવાની ભાજપના વરિષ્ઠ નેતા અને રિટર્નિંગ ઑફિસર કે. લક્ષ્મણે સોમવારે જાહેરાત કરી હતી.

એક નિવેદનમાં તેમણે કહ્યું હતું કે ભાજપના પ્રમુખ તરીકે નબીનની તરફેણમાં ઉમેદવારીના ૩૭ સૅટ ભરવામાં આવ્યા હતા અને તમામ પેપર યોગ્ય હોવાનું જણાઈ આવ્યું હતું.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષના ઉમેદવાર તરીકે નબીનના નામનો પ્રસ્તાવ મુકનારાંઓમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, પક્ષપ્રમુખ જે. પી. નડ્ડા, કેન્દ્રીય પ્રધાન અમિત શાહ, રાજનાથ સિંહ અને નીતિન ગડકરી સહિતના લોકોનો સમાવેશ થતો હતો. ભાજપ પ્રમુખ જે. પી . નડ્ડા અને સંરક્ષણ પ્રધાન રાજનાથ

(જુઓ પાનું ૨) ▸▸

## પાંચ ટકા વૃદ્ધિદર સાથે ચીનની જીડીપી ૨૦ ટ્રિલ્યન ડૉલરે પહોંચી

બેઈજિંગ : ચીનનું અર્થતંત્ર ગયા વર્ષે પાંચ ટકા વધીને ૨૦.૦૧ ટ્રિલ્યન ડૉલર થયું, જે અમેરિકી ટૅરિફ છતાં મજબૂત નિકાસ પર આધારિત હતું.

ચીનનું કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) ૧૦૨૫માં વાર્ષિક ધોરણે પાંચ ટકા વધ્યું, જે વાર્ષિક લક્ષ્યને પૂર્ણ કરે છે, એમ નેશનલ બ્યુરો ઑફ સ્ટેટિસ્ટિક્સ (એનબીએસ) દ્વારા સોમવારે જાહેર કરાયેલા ડેટામાં

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રેડ વૉર કોઈના હિતમાં નથીઃ યુકે

લંડનઃ ગ્રીનલૅન્ડને મુદ્દે સાથીદેશો પર ટૅરિફ લાદવાની અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ધમકી તદ્દન વાહિયાત છે અને ટ્રેડ વૉર કોઈના હિતમાં નથી, એમ બ્રિટનના વડા પ્રધાન કેઈર સ્ટાર્મરે સોમવારે કહ્યું હતું.

ટ્રમ્પે શનિવારે કહ્યું હતું કે ગ્રીનલૅન્ડ પર અમેરિકાના અંકુશનો વિરોધ કરતા યુકે સહિતના આઠ યુરોપિયન દેશો પર ફેબ્રુઆરીથી લાગુ થાય તે રીતે આયાત પર ૧૦ ટકા ટૅરિફ લાદવામાં આવશે.

ટ્રમ્પની આ જાહેરાતને કારણે યુરોપના દેશો

(જુઓ પાનું ૨) ▸▸

## નોબેલ ન આપ્યો એટલે હવે શાંતિની જવાબદારી મારી તો નહીં જઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ વૈશ્વિક અભિગમમાં દાખવેલી અસાતત્યતાને કારણે મને નોબલ શાંતિ પારિતોષિક ન આપવાના નોબેલ કમિટીના નિર્ણયને ટાંકીને અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે નૉર્વેના વડા પ્રધાન જૉનાસ ગહર સ્ટૉરને પત્ર લખ્યો હતો.

પત્રમાં ટ્રમ્પે લખ્યું હતું કે મને શાંતિ પારિતોષિક ન આપવામાં આવ્યું હોવાને કારણે હવે હું શાંતિ સ્થાપવાનું દાયિત્વ મારું હોવાનું સ્પષ્ટપણે નથી માનતો.

વિશ્વમાં આઠ કરતાં પણ વધુ યુદ્ધને રોકવા છતાં તમારા દેશે મને નોબલ શાંતિ પારિતોષિક ન આપવાના લીધેલા નિર્ણયને ધ્યાન પર લેતાં હવે હું શાંતિ સ્થાપવાનું દાયિત્વ મારું હોવાનું સ્પષ્ટપણે નથી માનતો, એમ ટ્રમ્પે પત્રમાં લખ્યું હતું. નોબેલ શાંતિ પારિતોષિક કોને આપવું તેનો નિર્ણય સ્વતંત્ર કમિટી દ્વારા લેવામાં આવતો હોવા છતાં ટ્રમ્પે નોબેલ શાંતિપારિતોષિક ન આપવા માટે સીધો જ નૉર્વે પર આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે હવે હું વિચારીશ કે

(જુઓ પાનું ૨) ▸▸

### 'ગ્રીનલેન્ડ હવે લઈને જ રહીશ'

વૉશિંગ્ટનઃ કિંગડમ ઑફ ડેન્માર્કના સ્વાયત્ત પ્રદેશ ગ્રીનલેન્ડ પર અમેરિકાના કબજા અંગે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વધુ આક્રમક થઇ રહ્યા છે.

ટ્રમ્પે આરોપ લગાવતા કહ્યું કે ગ્રીનલેન્ડ પરથી રશિયન ખતરો દૂર કરવા ડેન્માર્ક કશું કરી રહ્યું નથી, ટ્રમ્પે કહ્યું કે હવે સમય આવી ગયો છે, અને આ કાર્ય પૂર્ણ કરવામાં આવશે. ટ્રમ્પના નિવેદન બાદ ગ્રીનલેન્ડ પર અમેરિકાની લશ્કરી કાર્યવાહી શક્યતા વધી ગઈ છે.

તાજેતરમાં અમેરિકાએ ડેન્માર્ક સહિત યુરોપિયન યુનિયનના આઠ દેશો પર ટેરિફ લાદવાની ધમકી આપી હતી. આ દેશોએ એક સંયુક્ત નિવેદન બાહર પડીને ગ્રીનલેન્ડ પર ડેન્માર્કના

(જુઓ પાનું ૨) ▸▸

### જર્મનીએ સૈનિકોને પાછા બોલાવી લીધા

લંડન : ગ્રીનલેન્ડમાં જર્મનીનું લશ્કરી સંકલ્પનું પ્રદર્શન અલ્પજીવી રહ્યું હતું. આર્કટિક ટાપુ પર તહેનાત જર્મન જાસૂસી ટીમ માત્ર ૪૪ કલાકમાં ઘરે પરત ફરી હતી, જ્યારે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાના દબાણને કારણે તણાવ વધ્યો હતો.

યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ યુરોપિયન યુનિયન આગામી દિવસોમાં ૨૭ સભ્ય દેશના સરકારના વડાઓની એક અસાધારણ બેઠક બોલાવશે, કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાએ રવિવારે સાંજે જણાવ્યું

(જુઓ પાનું ૨) ▸▸

## માઘ મેળામાં ભયંકર અપમાન પછી શંકરાચાર્યે અન્ન-જળનો ત્યાગ કર્યો

નવી દિલ્હીઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં માઘ મેળા દરમિયાન શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદને રોકી તેમના શિષ્યો સાથે કરવામાં આવેલી મારપીટને કારણે દેશભરમાં રોષ ફેલાઈ ગયો છે. સંતોએ વહીવટીતંત્ર સામે વિરોધ વ્યક્ત કરતાં રામનામનું કિર્તન કર્યું હતું અને પ્રશાસન સાર્વજનિક રીતે માફી માગે એવી માગણી કરી હતી. સંત સમાજે રાષ્ટ્રપતિને લોહીથી લખેલો પત્ર મોકલવાની તેમ જ પ્રયાગરાજ કૂચ કરી જવાની ચેતવણી આપી હતી અને વહીવટીતંત્ર પર બર્બરતાનો

(જુઓ પાનું ૨) ▸▸

## ત્રણ કલાકની મુલાકાતમાં ૨૦૦ અબજ ડૉલરના રોકાણનું ટાર્ગેટ

### યુએઈના પ્રમુખ ભારત આવ્યા, મોદીને મળ્યાઃ એલએનજી સપ્લાય સહિતના સંખ્યાબંધ કરારો કર્યાઃ ધોલેરામાં સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજન માટેય સમજૂતી



**હિંચકે ઝૂલતા - ઝૂલતા વેપારઃ** યુએઈના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન ગઈ કાલે નવી દિલ્હી આવ્યા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. બંને નેતા થોડો સમય હિંડોળે ઝૂલ્યા હતા. (એજન્સી)

નવી દિલ્હીઃ યુએઈના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનની ભારત મુલાકાત દરમિયાન બંને દેશે એલએનજી (લિક્વીફાઈટ નેચરલ ગેસ)ના દીર્ઘકાલીન સપ્લાય સહિતના એકમેકના સહકાર સહિતના ક્ષેત્રમાં શ્રેણીબદ્ધ કરાર સહી કર્યા હતા, એમ વિદેશ સચિવ વિક્રમ મિસરીએ સમાચારસંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું. નાહયાન સોમવારે ભારત માત્ર ત્રણ કલાક માટે જ રોકાયા હતા. ગુજરાતના ધોલેરામાં સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજન વિકસાવવા યુએઈની ભાગીદારી માટે વધુ એક સમજૂતી પર સહી કરવામાં આવી હતી.

સ્પેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જૉઈન્ટ મિશનમાં સહકારને મામલે બંને દેશે લૅટર ઑફ ઈન્ટેન્ટ પર સહી કરી હતી. પ્રતિવર્ષ

(જુઓ પાનું ૨) ▸▸

## ન કામના છે, ન રામના છેઃ શંકરાચાર્ય સાથે દુર્વ્યવહાર અંગે કોંગ્રેસના ભાજપ પર પ્રહાર

નવી દિલ્હીઃ કોંગ્રેસે સોમવારે શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સાથે કથિત દુર્વ્યવહાર અંગે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આ શરમજનક ઘટનામાં હસ્તક્ષેપ કરવા માગ કરી હતી.

કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વિભાગના વડા પવન ખેડાએ ભાજપ પર પ્રહાર કરતાં આરોપ લગાવ્યો કે તેઓ ન કામના છે, ન રામના છે... તેઓ માત્ર સત્તા અને પૈસા પાછળ પડ્યા છે. આ સિવાય તેમને ધર્મ અને શ્રદ્ધાની કોઇ ચિંતા નથી. પોલીસે જ્યોતિર્પીઠ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને મોટી સંખ્યામાં અનુયાયીઓ સાથે સંગમ જતા અટકાવ્યાના એક દિવસ બાદ વિપક્ષ પાર્ટીએ આ પ્રહારો કર્યા છે. આ બનાવને પગલે થોડા સમય માટે હોબાળો થયો હતો.

પોલીસ અધિક્ષક(માઘ મેળા) નીરજ પાંડેએ જણાવ્યું કે અવિમુક્તેશ્વરાનંદે કોઇપણ પૂર્વ પરવાનગી વિના બ્રિજ નંબર ૨ પર બેરિકોડ તોડીને લગભગ ૨૦૦-૨૫૦ અનુયાયીઓ સાથે સ્નાન ઘાટમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો.

પાંડેએ જણાવ્યું કે ભક્તોની ભારે ભીડ વિશે જણાવવામાં આવ્યું હોવા છતાં તેઓએ અટકવાનો ઇનકાર કર્યો હતો અને બાદમાં પવિત્ર સ્નાન કર્યા વિના પાછા ફર્યા હતા.

તેમણે કહ્યું કે પોલીસ વહીવટીતંત્ર તમામ સંતો અને મહાત્માઓનો આદર કરે છે, પરંતુ ભક્તોની સુરક્ષા અમારી ટોચની પ્રાથમિકતા છે.

પત્રકાર પરિષદને સંબોધતા ખેરાએ જણાવ્યું કે આપણે બધા શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સાથે થયેલા દુર્વ્યવહારથી દુઃખી છીએ. આ ઘટના બાદથી શંકરાચાર્ય ભૂખ હડતાળ પર છે, પરંતુ સરકારમાં કોઇને તેની ચિંતા ન હોય એવું લાગી રહ્યું છે.

કોઇપણ બીજી સરકાર હોત તો અત્યાર સુધીમાં શરમજનક સ્થિતિમાં મુકાઇ હોત.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મુલાયમ પરિવારની યાદવાસ્થળી, પ્રતીક નબળા મનનો માણસ કહેવાય

**બિહારના** લાલુપ્રસાદના પરિવારની યાદવાસ્થળી ચાલુ જ છે ત્યાં હવે ઉત્તર પ્રદેશના સૌથી મોટા યાદવ પરિવાર એવા મુલાયમસિંહના પરિવારનો ભવાડો બહાર આવ્યો છે. મુલાયમસિંહ યાદવનાં પુત્ર પ્રતીક યાદવે પોતાની પત્ની અપર્ણા યાદવને સોશ્યલ મીડિયા પર ગાળો ભાંડીને તેને ડિવોર્સ આપી દેવાનું એલાન કરી દીધું છે. મુલાયમના નાના દીકરા અને અખિલેશના સાવકા ભાઈ પ્રતીક યાદવનાં પત્ની અપર્ણા યાદવ ૨૦૨૨થી ભાજપમાં છે.

પ્રતીકે આક્ષેપ મૂક્યો છે કે, અપર્ણાના કારણે તેના પારિવારિક સંબંધો બરબાદ થઈ ગયા છે. પોતે સતત માનસિક તણાવમાં રહે છે પણ અપર્ણાને તેની કંઈ પડી જ નથી. અપર્ણાને પોતાના સિવાય કોઈની પરવા નથી, અપર્ણાને સત્તા અને નામના સિવાય બીજું કશું જોઈતું નથી. પ્રતીકે અપર્ણાને તેની જિંદગીમાં જોયેલી સૌથી ખરાબ વ્યક્તિ ગણાવીને તેની સાથે પોતે લગ્ન કર્યાં તેનો અફસોસ પણ વ્યક્ત કર્યો છે અને પોતે શકય એટલી ઝડપથી અપર્ણાને છૂટી કરી દેશે એવું પણ પ્રતીકે જાહેર કર્યું છે.

અપર્ણાએ પ્રતીકની પોસ્ટનો કોઈ જવાબ આપ્યો નથી પણ મીડિયા અને સોશ્યલ મીડિયામાં આ મુદ્દો ગાજવા માંડ્યો છે. એક તરફ મુલાયમ યાદવના પરિવારની કરમકુંડળી ખોલીને તેની ચોવટ શરૂ થઈ ગઈ છે તો બીજી તરફ પ્રતીકને પુરુષવાદી માનિસકતા ધરાવતો રૂઢિચુસ્ત ગણાવવાથી માંડીને ભાજપ લોકોનાં ઘર ભંગાવે છે ત્યાં સુધીની કોમેન્ટ્સ થઈ રહી છે. સાવ ભૂલાઈ ગયેલાં અપર્ણા -પ્રતીક પણ લાઈમલાઈટમાં આવી ગયાં છે.

આ લાઈમલાઈટ ક્યાં સુધી રહેશે તેનો આધાર પ્રતીક અને અપર્ણા પર છે. અપર્ણા યાદવ કે પ્રતીક બંનેમાંથી કોઈ એક મીડિયા સામે આવીને આપવિતી કહેવાનું ચાલુ રાખશે તો આ મુદ્દો વધારે ચગશે. બાકી બે-ચાર દિવસમાં આખું તોફાન શાંત થઈ જશે. અપર્ણા સમજદારી બતાવીને કંઈ ના બોલે ન એકલો પ્રતીક લવારા કર્યા કરે તો પણ લોકો અઠવાડિયામાં થાકી જશે તેથી વાત ઓલવાઈ જશે પણ અપર્ણા મોં ખોલીને બળતામાં ઘી હોમે તો વધારે ભડકો થશે તેથી અત્યારે સૌની નજર અપર્ણા પર છે.

પ્રતીક અને અપર્ણા લાંબા સમયથી અજ્ઞાતવાસમાં હતાં ને અચાનક ડિવોર્સની વાત આવી તેથી લોકોને આંચકો લાગ્યો છે પણ આ ઘટનાક્રમે પ્રતીકને નબળા મનનો માણસ સાબિત કર્યો છે. અપર્ણાની રાજકીય મહત્ત્વાકાંક્ષા નવી વાત છે જ નહીં અને તેના કારણે અપર્ણા અને અખિલેશ યાદવ વચ્ચે તો બહુ પહેલાં જ અંટસ પડી ગયેલી. આ અંટસના લીધે અપર્ણા ૨૦૨૨માં સમાજવાદી પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ એ વખતે પ્રતીક અપર્ણાની સાથે રહેલો. પ્રતીકને એ વખતે એમ હશે કે, અપર્ણાને ભાજપમાં તક મળશે ને તેની રાજકીય કારકિર્દી બની જશે તેથી પોતાને અખિલેશ કે બીજા કોઈની જરૂર પડવાની નથી.

આ વાતને ત્રણ વર્ષ થયાં ને અત્યારે અપર્ણાનો કોઈ ભાવ પણ પૂછતું નથી. આ કારણે પ્રતીકને અત્યારે ના ઘરના ના ઘાટના જેવી લાગણી થઈ રહી હશે કેમ કે અપર્ણાને સાથ આપવાના શૂરાતનમાં અખિલેશ યાદવ સાથેના સંબધો બગડી ગયા ને અપર્ણાએ ભાજપમાં એવું કાઠું કાઢ્યું નથી કે જેનાથી પોતે આપેલો ભોગ લેખે લાગ્યો હોય એવું લાગે. બીજો કોઈ માણસ હોય તો રાહ જુએ પણ તેના બદલે પ્રતીક ઢીલો પડી ગયો તેના પરથી સ્પષ્ટ છે કે પ્રતીકમાં માનસિક રીત મજબૂત નથી.

મજાની વાત એ છે કે, પત્નીને સાથ આપવાના બદલે એ પરિવાર સાથેના સંબધો બગડી ગયા તેનાં રોદણાં રડવા બેસી ગયો છે પણ યાદવ પરિવાર વાસ્તવમાં તેનો છે જ નહીં. પ્રતીક અને અપર્ણા ભલે મુલાયમ પરિવારમાંથી હોય પણ અખિલેશ સાથે તેમને સીધો સંબધ નથી કેમ કે પ્રતીક અખિલેશનો સગો ભાઈ કે મુલાયમસિંહનો સગો દીકરો નથી. પ્રતીક યાદવ સાથે અખિલેશ કે મુલાયમ બંનેમાંથી કોઈને લોહીનો સંબધ નથી.

પ્રતીકનાં માતા સાધના ગુપ્તા મુલાયમની બીજી પત્ની હતાં. મુલાયમે માલતી દેવી સાથે પહેલાં લગ્ન કરેલાં. અખિલેશ માલતી દેવીનો પુત્ર છે અને માલતી દેવી યાદવ હતાં તેથી મુલાયમ યાદવનો રાજકીય વારસ બન્યો . ૧૯૮૦ના દાયકામાં મુલાયમ સાધના દેવીમાં લપટાયા ને છાનામાના પરણી ગયેલા. સાધનાનાં પણ આ બીજાં લગ્ન હતાં. સાધના ગુપ્તાનાં પહેલાં લગ્ન ચંદ્રપ્રકાશ ગુપ્તા સાથે થયેલાં ને આ લગ્નથી પ્રતીક જન્મ્યો હતો.

સાધનાએ ચંદ્રપ્રકાશને ડિવોર્સ આપી મુલાયમ સાથે લગ્ન કર્યા પછી પ્રતીકના પિતા તરીકે મુલાયમનું નામ લખાય છે પણ પ્રતીકને મુલાયમ સાથે લોહીનો સંબંધ નથી. પોતાની માતા મુલાયમને પરણી એટલે પ્રતીક મુલાયમનો સાવકો પુત્ર બન્યો છે. આ લગ્નના કારણે પ્રતીક મુલાયમ પરિવારમાં ભલે આવી ગયો પણ અખિલેશની જેમ મુલાયમના સાચા વારસ તરીકે સ્થાપિત થઈ શક્યો નથી. અપર્ણા પોતાની રાજકીય કારકિર્દી બનાવવા માગતી હતી ત્યારે આ જ કારણે યાદવ પરિવારમાંથી તેને કોઈનો સાથ નહોતો મળ્યો કેમ કે યાદવ પરિવારમાં અખિલેશ જ મુલાયમના વારસ તરીકે સ્વીકૃત છે.

અપર્ણા યાદવ પરિવારમાં સ્વીકૃત ના બની તેનું કારણ એ છે કે, અપર્ણા યાદવ નહીં પણ ઠાકુર છે. અપર્ણાનું મૂળ નામ અપર્ણાસિંહ બિસ્ત છે. અપર્ણાના પિતા અરવિંદ સિંહ બિશ્ત વરસોથી લખનઊમાં એક ટોચના અંગ્રેજી અખબારના બ્યૂરો ચીફ છે. પ્રતીક-અપર્ણા સ્કૂલમાં ભણતાં ત્યારે બંને પ્રેમમાં પડ્યાં પછી પ્રતીકે પોતાની મા સાધના સાથે અપર્ણાનો પરિચય કરાવ્યો અને પોતાની ઓળખ આપી ત્યારે અપર્ણાને આઘાત લાગી ગયેલો. અપર્ણાએ પરિવારને પ્રતીક વિશે કશું નહોતું કહ્યું. મુલાયમે ૨૦૦૭માં સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ કરીને સાધના સાથેનાં લગ્ન સ્વીકાર્યાં પછી અપર્ણાએ પોતાના પરિવારને પ્રતીક વિશે જણાવેલું.

અરવિંદસિંહ દીકરીની લવ સ્ટોરી સાંભળીને ભડકી ગયેલા ને પ્રતીક-અપર્ણાના મિલન પર પ્રતિબંધ મૂકી દીધેલો. બિસ્તે પછી અપર્ણાને ભણવા માટે યુ.કે. મોકલી દીધી. પ્રતીક પણ ભણવા યુ.કે. ઉપડી ગયો ને લવ સ્ટોરી આગળ ચાલી. વિદેશમાં બંને સાથે જ રહેતાં તેથી એટલાં આગળ વધી ગયેલાં કે તેમના સંબંધોને સ્વીકાર્યા વિના કોઈનો છૂટકો જ નહોતો તેથી લગ્ન કરાવી દીધાં પણ અપર્ણાને યાદવ પરિવારમાં મરતબો નથી મળ્યો. તેના કારણે જ સમસ્યા થઈ ને અપર્ણાએ બગાવત કરી નાંખેલી.

મુલાયમ જીવતા હતા ત્યાં સુધી તેમણે બંને ભાઈને સાથે રાખવા મથામણ કરેલી પણ હવે મુલાયમ પણ નથી ને સાધના પણ નથી તેથી પ્રતીકે પત્નિ કે પરિવાર બેમાંથી કોઈની પસંદગી કરવી પડે એવી હાલત થઈ ગઈ છે. અખિલેશ સત્તામાં નથી પણ તેનો દબદબો છે જ્યારે અપર્ણા અત્યારે નૉબડી છે તેથી પ્રતીકને ડિવોર્સ લેવાનો વિચાર આવી ગયો હોય એ શક્ય છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ,
મંગળવાર, તા. ૨૦-૧-૨૦૨૬, ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક 30, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ સુદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ સુદ-૨
- પારસી શહેનશાહી રોજ ૯મો આદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૯મો આદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ 30મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨જો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર શ્રવણ બપોરે ક. ૧૩-૦૬ સુધી, પછી ધનિષ્ઠા.
- ચંદ્ર મકરમાં મધ્યરાત્રે ક. ૨૫-૩૪ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૭, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતીઓટ • ‌ઙ્ક
- ભરતીઃ બપોરે ક. ૧૨-૪૮, મધ્યરાત્રિ પછી ક. ૦૧-30 (તા. ૨૧)
- ઓટઃ સાંજે ક. ૧૮-૪૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ શુક્લ - દ્વિતીયા. ચંદ્રદર્શન મુહૂર્ત (મૂર્તિ) 30. સામ્યાર્ઘ, ઉત્તર શૃંગોન્નતિ, સૂર્ય સાયન કુંભમાં સવારે ક. ૦૭-૧૬, પંચક પ્રારંભ ક. ૨૫-૩૪.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, શ્રી હરિ પૂજા, ચંદ્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, આંકડાના વૃક્ષનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, હજામત, માલ લેવો, પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, બગીચો બનાવવો, સીમંત સંસ્કાર, ખેતીવાડી, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન.
- આચમનઃ મંગળ-હર્ષલ ત્રિકોણ માથાફરેલ.
- ખગોળ જ્યોતિષઃ મંગળ-હર્ષલ ત્રિકોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર માર્ગી બુધ-મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## કાર ખાડામાં પડી જતાં યુવકનું મોતઃ તપાસ માટે સિટની રચના

નવી દિલ્હીઃ ગ્રેટર નોઈડાના સેક્ટર ૧૫૦ વિસ્તારમાં ખાડામાં કાર પડીને ડૂબી જવાથી ૨૭ વર્ષના યુવકનાં થયેલાં મોતને મામલે તપાસ યોજવા ઉત્તર પ્રદેશ સરકારે સોમવારે ત્રણ સભ્યની સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ)ની રચના કરી હતી.

વધુમાં નોએડાના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર (સીઈઓ) લોકેશ એમ.ને પણ બરતરફ કરવામાં આવ્યા હતા.

અસરગ્રસ્ત યુવકના પરિવારજનોએ વહીવટીતંત્રની કામગીરીમાં ગંભીર ખામી હોવાનો આક્ષેપ કર્યા બાદ સીઈઓને બરતરફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે તાત્કાલિક પગલાં લેવામાં આવ્યાં હોત તો પુત્રનાં મૃત્યુને ટાળી શકાયું હોત કેમ કે યુવક લગભગ બે કલાક સુધી પાણીમાં સાયેલો રહ્યો હતો. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે આ ઘટનાની નોંધ લીધી હતી અને મેરઠ ઝોનના એડીજીના વડપણ હેઠળ તપાસ માટે ત્રણ સભ્યની એસઆઈટીની રચના કરવાનો આદેશ આપ્યો હતો. (એજન્સી) ■

## આર્થિક વિકાસનો દર ૭.૩ ટકા રહેશેઃ આઈએમએફએ વધારીને કહ્યો અંદાજ

નવી દિલ્હીઃ ભારત માટે આર્થિક મોરચે સારા સમાચાર આવ્યા છે. જેમાં આઇએમએફ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારતના કુલ રાષ્ટ્રીય ઉપજ (જીડીપી)ના વૃદ્ધિદરનો અંદાજ ૦.૭ ટકા વધારીને ૭.૩ ટકા કર્યો છે. આઇએમએફ દ્વારા ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં અપેક્ષા કરતા સારા પરિણામો અને ચોથા ક્વાર્ટરમાં મજબૂત ગતિને ધ્યાનમાં રાખીને દેશના જીડીપીના વૃદ્ધિદરમાં આ ફેરફાર કર્યો છે.

આ પૂર્વે આઇએમએફ દ્વારા ઓક્ટોબરમાં ભારત માટે જીડીપી વૃદ્ધિ દર ૬.૬ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો. તેના વર્લ્ડ ઇકોનોમિક આઉટલૂક, ૨૦૨૬માં આઇએમએફનો અંદાજ છે કે કામચલાઉ પરિબળો ઘટવાના કારણે નાણાકીય વર્ષ ૨૦૨૭ અને નાણાકીય વર્ષ ૨૦૨૮ માં ભારતનો વિકાસ દર ૬.૪ ટકા સુધી ઘટી શકે છે. આઇએમએફે જણાવ્યું હતું કે ખાદ્યપદાર્થોના ભાવમાં ઘટાડો થવાને કારણે ભારતમાં ફુગાવો ૨૦૨૫ માં લક્ષિત સ્તરની નજીક પરત ફરવાની ધારણા છે. આઇએમએફે ઓક્ટોબરમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬ માટે વૈશ્વિક આર્થિક વૃદ્ધિનો અંદાજ ૩.૨ ટકા અને ૩.૧ ટકા થી વધારીને ૩.૩ ટકા કર્યો હતો. વર્ષ ૨૦૨૭ માટે તેણે ૩.૨ ટકા વૃદ્ધિનો અંદાજ લગાવ્યો હતો.

જોકે, તેણે ચેતવણી આપી હતી કે એઆઇ વિશેની ઊંચી અપેક્ષાઓ, તેમજ વધતા વેપાર અને ભૂ-રાજકીય તણાવ બજારમાં મોટો કડાકો લાવી શકે છે અને વૈશ્વિક અર્થતંત્રને અસર કરી શકે છે. ■

## ૩ ફ્લૅટ, ૩ રિક્ષા, શૉફર ડ્રિવન કારઃ આ છે ઈન્દોરના ભિખારીની સંપત્તિ

ઇન્દોર : ત્રણ ફ્લૅટ, ત્રણ ઓટોરિક્ષા અને એક ડ્રાઇવર સાથે કારમાં આવતાને જોઈને કોઈને લાગે કે આ ઇન્દોરના સરાફા બજારના એક ઝવેરી છે, કોઈ રક્તપિત્તથી પીડિત ભિખારી નથી, જે પૈડાવાળા બોર્ડ પર ભીખ માંગવા ફરે છે. વળી એ પ્રખ્યાત બુલિયન બજારમાં ચૂપચાપ લાખો રૂપિયા ઉછીના આપે છે.

તાજેતરમાં ઇન્દોરમાં એક ભિક્ષા વિરોધી ઝુંબેશ તેમને એક ૫૦ વર્ષીય વ્યક્તિ સુધી લઈ ગઈ જેણે ભિક્ષા માંગીને લાખો રૂપિયાની સંપત્તિ એકઠી કરી હોવાના અહેવાલ છે ત્યારે અધિકારીઓ સ્તબ્ધ થઈ ગયા.

એક અધિકારીએ જણાવ્યું કે, આ વ્યક્તિ અહીંના પ્રખ્યાત બુલિયન બજારમાં પૈસા ઉધાર આપે છે અને આ વ્યવસાયમાંથી દરરોજ સારું વ્યાજ કમાય છે.

ભીખ માંગવાની નાબૂદી ઝુંબેશના નોડલ અધિકારી મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારી દિનેશ મિશ્રાએ જણાવ્યું હતું કે, જાહેર માહિતીના આધારે સરાફા વિસ્તારમાંથી એક રક્તપિત્તના ભિખારીને બચાવી લેવામાં આવ્યો હતો, જે શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

અમને જાણવા મળ્યું છે કે આ માણસ પાસે ત્રણ પાક્કા મકાન છે, જેમાં ત્રણ માળનું મકાન પણ છે. આ ઉપરાંત, તેની પાસે ત્રણ ઓટોરિક્ષા પણ છે જે તે ભાડે આપે છે. તેની પાસે એક કાર પણ છે જેમાં તે ભીખ માગવા જાય છે. તેણે આ હેતુ માટે એક ડ્રાઇવર પણ રાખ્યો છે. તે પૈડાવાળા બોર્ડ પર ફરતી વખતે ભીખ માંગે છે, એમ મિશ્રાએ જણાવ્યું હતું. 'ચીંથરાથી ભરેલી ધનવાન' વાર્તા વિશે વધુ વિગતવાર જણાવતા, અધિકારીએ જણાવ્યું કે ૨૦૨૧થી ભીખ માંગી રહેલા આ માણસે અહીંના બુલિયન માર્કેટમાં લોકોને ૪-૫ લાખ રૂપિયા ઉછીના આપ્યા હતા અને વ્યાજ વસૂલ્યું હતું જેના કારણે તેને દરરોજ ૧૦૦૦-૧૨૦૦ રૂપિયા મળે છે. વધુમાં, તેને દરરોજ ભિક્ષા તરીકે ૪૦૦ થી ૫૦૦ રૂપિયા મળે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

તે વ્યક્તિ હાલમાં એક આશ્રય ગૃહમાં રહે છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### નીતિન નબીનની

સિંહે ગૃહ પ્રધાન અમિત શાહ, માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી અને વરિષ્ઠ નેતાઓ ધર્મેન્દ્ર પ્રધાન, ભૂપેન્દ્ર યાદવ અને કિરેન રિજિજુની હાજરીમાં સોમવારે ચૂંટણીના રિટર્નિંગ ઓફિસર કે. લક્ષ્મણને પાર્ટીના ૪૫ વર્ષીય કાર્યકારી પ્રમુખ નીતિન નબીનના નામાંકન પત્રનો સેટ સોંપ્યો.

બાદમાં, અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખાંડુ અને અન્ય રાજ્યના નેતાઓએ ગયા મહિને કાર્યકારી પ્રમુખ તરીકે નિયુક્ત થયેલા નબીનના સમર્થનમાં ઉમેદવારી પત્રોનો બીજો સેટ રજૂ કર્યો હતો.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ, પુષ્કર સિંહ ધામી, નાયબ સિંહ સૈની અને પ્રમોદ સાવંત પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

બિહાર, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, આસામ, ઝારખંડ અને અન્ય રાજ્યોના નેતાઓએ પણ નબીનના સમર્થનમાં ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા.

નવીનને ભાજપના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટવામાં આવે તેવી શક્યતા છે, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ સહિત પક્ષના ટોચના નેતાઓ તેમની ઉમેદવારીને સમર્થન આપી રહ્યા છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી પક્ષની રાષ્ટ્રીય પરિષદ અને રાજ્ય પરિષદના પ્રતિનિધિઓ ધરાવતી ચૂંટણી મંડળ દ્વારા કરવામાં આવે છે, અને પ્રક્રિયાનું નિરીક્ષણ તેના રાષ્ટ્રીય રિટર્નિંગ અધિકારી દ્વારા કરવામાં આવે છે. (એજન્સી) ■

### નોબેલ ન આપ્યો

અમેરિકા માટે શું સારું અને યોગ્ય છે.

ડૅન્માર્ક રશિયા અને ચીનથી ગ્રીનલૅન્ડનું રક્ષણ કરી શકે એમ નથી એમ જણાવી ટ્રમ્પે ગ્રીનલૅન્ડ પર ડૅન્માર્કના દાવા સામે સવાલ કર્યો હતો અને કહ્યું હતું કે શા માટે ગ્રીનલૅન્ડ પર ડૅન્માર્કની માલિકી હોવી જોઈએ.

કોઈ લેખિત દસ્તાવેજ નથી. માત્ર સેકડો વર્ષ અગાઉ એક વહાણ ત્યાં પહોંચ્યું હતું. હવે અમારા પણ વહાણ ત્યાં જઈ રહ્યા છે, એમ ટ્રમ્પે લખ્યું હતું.

ટ્રમ્પે દાવો કર્યો હતો કે અગાઉના નેતૃત્વની સરખામણીએ મારા નેતૃત્વમાં 'નાટો' વધુ મજબૂત બન્યુ હોવોની વાતને ધ્યાનમાં રાખીને સાથી દેશોએ હવે અમેરિકાના હિતમાં કામ કરવું જોઈએ. ગ્રીનલૅન્ડ પર અમેરિકાનો સંપૂર્ણ કબજો નહીં હોય ત્યાં સુધી વિશ્વ સુરક્ષિત નથી, એમ ટ્રમ્પે કહ્યું હતું. ■

### ટ્રેડ વૉર

સાથેની અમેરિકાની ભાગીદારી સામે મોટું જોખમ ઊભું કર્યું છે. ગ્રીનલૅન્ડ 'નાટો'ના સાથીદેશ ડૅન્માર્કનું સેમીઑટોનોમસ પ્રદેશ છે.

ગયા અઠવાડિયે યુરોપિયન દેશોએ ગ્રીનલૅન્ડમાં પ્રતીકાત્મક રીતે સુરક્ષા દળ ગોઠવી દીધું હોવાની જવાબી કાર્યવાહીના ભાગરૂપે આ ટૅરિફ લાદવાનાં ટ્રમ્પે સંકેત આપ્યા હતા.

ગ્રીનલૅન્ડ અમેરિકાની 'ગૉલ્ડન ડૉમ' મિસાઈલ સિસ્ટમ માટે આવશ્યક હોવાનું ટ્રમ્પે કહ્યું હતું. ટ્રમ્પે દલીલ કરી હતી કે રશિયા અથવા ચીન ગ્રીનલૅન્ડ પર કબજો મેળવવાના પ્રયાસ કરી શકે એમ છે. સ્ટાર્મરે કહ્યું હતું કે બ્રિટન ગ્રીનલૅન્ડના મૂળભૂત અધિકારની સુરક્ષાને ટેકો આપે છે અને ગ્રીનલૅન્ડના ભાવિનો નિર્ણય ડૅન્માર્કે લેવો જોઈએ.

અમેરિકા સાથેના સંબંધ મજબૂત બનાવવા કાર્ય કરી રહેલા સ્ટાર્મરે કહ્યું હતું કે અમેરિકા અને યુકેના સંબંધ મહત્ત્વના છે અને અમે એ સંબંધ મજબૂત, રચનાત્મક અને પરિણામલક્ષી રાખવા દૃઢનિશ્ચયી છીએ, પરંતુ એનો મતલબ એ નથી કે અમારી વચ્ચે કોઈપણ પ્રકારના મતભેદ નથી તેવો ડોળ કરતા રહેવું.

બ્રિટન અમેરિકા પર વળતો ટૅરિફ લાદવાની કોઈ યોજના ન બનાવી રહ્યું હોવાનું જણાવતાં સ્ટાર્મરે કહ્યું હતું કે અમે આ વાતને એ સ્તર સુધી લઈ જવા નથી માગતા. વાત એ તબક્કે ન પહોંચે તેની ખાતરી કરવા પર જ મારું ધ્યાન કેન્દ્રિત છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### ગ્રીનલૅન્ડ

સાર્વભૌમત્વને સમર્થન આપ્યું. જેનાં જવાબમાં ગ્રીનલેન્ડ પર વધુ અમેરિકાના કબજા પર વધુ ભાર મુક્યો છે. યુરોપ અને અમેરિકા વચ્ચે રાજદ્વારી તણાવ પણ વધી રહ્યો છે.

ટ્રમ્પ અગાઉ દાવો કરી ચુક્યા છે કે રશિયા અને ચીનના જોખમ સામે અમેરિકાની સુરક્ષા માટે ગ્રીનલેન્ડ મહત્વનો પ્રદેશ છે. હવે ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરી લખ્યું, નાટો ૨૦ વર્ષથી ડેન્માર્કને કહી રહ્યું છે કે તમારે ગ્રીનલેન્ડથી રશિયન જોખમને હટાવવું જોઈએ. દુર્ભાગ્યવશ, ડેન્માર્ક આ વિષે કશું કરી રહ્યું નથી.

ટ્રમ્પે કડક ચેતવણી આપતા લખ્યું ''હવે સમય આવી ગયો છે, અને આ કાર્ય પૂર્ણ થઇને રહેશે!!! ■

### જર્મનીએ

હતું. કોસ્ટાએ એક્સના પર જણાવ્યું હતું કે યુરોપિયન કાઉન્સિલની બેઠક ''તાજેતરના વિકાસના મહત્વને ધ્યાનમાં રાખીને અને વધુ સંકલન માટે'' યોજાશે.

યુરોપ, ગ્રીનલેન્ડ મામલે વિરોધને કારણે ઘણા દેશો સામે ટેરિફની ધમકી આપ્યા બાદ ટ્રમ્પના ''બ્લેકમેલ'' સામે વળતા પગલાં લેવાની તૈયારી કરી રહ્યું છે, તેવું જર્મનીના વાઇસ ચાન્સેલરે સોમવારે જણાવ્યું હતું.

''અમે બ્લેકમેઇલ કરવા દઈશું નહીં,'' એમ લાર્સ ક્લિંગબેલે ફ્રેન્ચ અર્થતંત્ર અને નાણા પ્રધાન રોલેન્ડ લેસ્ક્યુર સાથે બર્લિનમાં એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું.

### પાંચ ટકા

જણાવાયું હતું.

એનબીએસ ડેટા અનુસાર, જીડીપી ૧૪૦૧૮૭૯ ટ્રિલ્યન યુઆનનો રેકોર્ડ બનાવ્યો જે પ્રથમ વખત ૨૦.૦૧ ટ્રિલ્યન ડોલરનો આંકડો વટાવી ગયો.

જોકે, સ્થાનિક અવરોધોની શ્રેણીને કારણે છેલ્લા ક્વાર્ટરમાં વૃદ્ધિ ધીમી પડીને ૪.૫ ટકાના ત્રણ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગઈ.

૨૦૨૨ના છેલ્લા ત્રિમાસિક ગાળા પછી ચીન દ્વારા નોંધાયેલો આ સૌથી ધીમો ત્રિમાસિક વિકાસ હતો, જ્યારે તે હજુ પણ કોવિડ-૧૯ કટોકટીથી પ્રભાવિત હતો, પરંતુ તે માત્ર ૩ ટકા જ વધ્યો હતો.

ક્વાર્ટર-દર-ક્વાર્ટરમાં, ૨૦૨૫ના છેલ્લા ત્રણ મહિનામાં ચીનનું અર્થતંત્ર ૧.૨ ટકા વધ્યું.

ચીન ગયા વર્ષે ૧.૧૯ ટ્રિલ્યન ડોલરના રેકોર્ડ માલ નિકાસ વેપાર સરપ્લસને કારણે પાંચ ટકા જીડીપી વૃદ્ધિ દર હાંસલ કરવામાં સફળ રહ્યું, જે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ટેરિફ આક્રમણ અને અન્ય બજારોના ઝડપી વિકાસને કારણે અમેરિકાના શિપમેન્ટમાં ઘટાડાની અસરને અવગણીને હતું.

એનબીએસ ડેટા અનુસાર, દેશની માથાદીઠ નિકાલજોગ આવક ૪૩,૩૭૭ યુઆન (લગભગ ૬૧૯૨ ડોલર) રહી, જે વાર્ષિક ધોરણે પાંચ ટકાનો વધારો દર્શાવે છે. ■

### ત્રણ કલાકની

પાંચ લાખ ટન લિક્વિફાઈડ નેચરલ ગૅસ (એલએનજી)ના પુરવઠા માટે બંને દેશે લાંબાગાળાના કરાર પર સહી કરી હતી. હાલમાં ભારતને સૌથી વધુ એલએનજી પૂરો પાડનાર દેશમાં યુએઈ બીજા ક્રમે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે દિલ્હીસ્થિત તેમના સત્તાવાર નિવાસસ્થાને યુએઈના પ્રમુખ સાથે પ્રતિનિધિમંડળ સ્તરના બેઠક કરી હતી.

વિક્રમ મિસરીએ કહ્યું હતું કે સંરક્ષણ ક્ષેત્રે વ્યૂહાત્મક ભાગીદારી, સ્પેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, તેમ જ તેનાં વેપારીકરણ અને ધોલેરામાં સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજન વિકસાવવા યુએઈની ભાગીદારી માટેના કરાર પર સહી કરવામાં આવી હતી.

મોદીએ પ્રોટોકોલ તોડીને ઍરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું હતું.

મોદી પ્રોટોકોલ તોડીને તેમનું સ્વાગત કરવા ઍરપોર્ટ પર ગયા હતા. બંને ઉષ્માભેર એકમેકને મળ્યા હતા અને એક જ કારમાં ઍરપોર્ટથી બહાર નીકળ્યા હતા.

આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ વેપાર, રક્ષા, ઊર્જા સહિત પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. આ તક બંને દેશ વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવાની હતી. (એજન્સી)

### ચીનમાં

લાખ ઓછી છે. આ આંકડા દેશ સામે રહેલા ગંભીર વસ્તી વિષયક દબાણને દર્શાવે છે.

૨૦૨૫માં જન્મેલા નવા બાળકોની સંખ્યા માત્ર ૭૯.૨ કરોડ હતી. જે ૧૬.૨ કરોડ અથવા ૧૭ ટકાનો ઘટાડો દર્શાવે છે. તાજેતરના જન્મ આંકડા દર્શાવે છે કે ૨૦૨૪માં થોડો વધારો ટકાઉ વલણ ન હતું. ૨૦૨૩ સુધી સતત સાત વર્ષ સુધી જન્મ દરમાં ઘટાડો નોંધાયો હતો.

મોટાભાગના પરિવારો અત્યંત સ્પર્ધાત્મક સમાજમાં બાળકના ઉછેરના ખર્ચ અને દબાણને મહત્વપૂર્ણ અવરોધો ગણાવે છે. જે હવે આર્થિક મંદીને કારણે વધુ વકરી ગયા છે. જેના કારણે જીવન ખર્ચને પહોંચી વળવા માટે સંઘર્ષ કરી રહેલા પરિવારો પ્રભાવિત થયા છે. પરિવારોને વધુ બાળકો પેદા કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે નીતિગત ફેરફારો લાગુ કરવામાં અધિકારીઓને મર્યાદિત સફળતા મળી છે. ■

### શિંદે ચેકમેટ

૧૨ નગરસેવકોને ફોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. અહીં ઉલ્લેખનીય છે કે શિંદે સેના પાસે બાવન અને ભાજપ પાસે એકાવન નગરસેવક છે. આવી સ્થિતિમાં મુંબઈની ફોર્મ્યુલા અપનાવવામાં આવે તો શ્રીકાંત શિંદેનો દબદબો ઘટી શકે છે. ઉલ્હાસનગરમાં પણ બંનેના લગભગ સરખેસરખા નગરસેવકો છે અને અહીં પણ મેયરપદની મુંબઈની ફોર્મ્યુલા લાગુ કરવામાં શિંદે સેના તૈયાર હોય એવી શક્યતા ઓછી જણાઈ રહી છે.

રાજ્યમાં પ્રવર્તી રહેલી અફવાઓને રદિયો આપતાં એકનાથ શિંદેએ કહ્યું હતું કે શિવસેના એવો કોઈ નિર્ણય લેશે નહીં જે લોકોના આદેશની વિરુદ્ધ જાય.

એવી અટકળો છે કે શિંદે શિવસેના માટે ઓછામાં ઓછા પહેલા અઢી વર્ષ માટે - બીએમસીના મેયરનું પદ મેળવવા માટે ઉત્સુક છે કારણ કે તે પાર્ટીના સ્થાપક સ્વર્ગસ્થ બાળ ઠાકરેનું જન્મશતાબ્દી વર્ષ છે.

'શિવસેના અને ભાજપે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી ગઠબંધનમાં લડી હતી અને તેથી મહાયુતિના ઉમેદવાર મેયર બનશે. થાણે, કલ્યાણ-ડોંબિવલી, ઉલ્હાસનગર અને અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં પણ આ જ નિર્ણય લાગુ કરવામાં આવશે જ્યાં ગઠબંધન સંયુક્ત રીતે ચૂંટણી લડ્યું હતું,' એમ શિંદેએ સોમવારે પત્રકારોને જણાવ્યું હતું.

તેમણે એમ પણ કહ્યું કે મુંબઈ કે મહારાષ્ટ્રમાં અન્યત્ર નવા રાજકીય સમીકરણો રચાઈ રહ્યા હોવાના અહેવાલોમાં કોઈ સત્ય નથી અને મહાયુતિ જ્યાં પણ ગઠબંધન સાથે મળીને ચૂંટણી લડશે ત્યાં મહાયુતિના મેયરનું નેતૃત્વ મેળવશે.

બીજી તરફ ભાજપના ઉચ્ચ પદાધિકારીઓએ કહ્યું હતું કે શિંદે સેના દ્વારા મુંબઈમાં અમારી નબળાઈનો લાભ લઈને મેયરપદની માગણી કરવામાં આવી રહી છે, જે અયોગ્ય છે. આવી સ્થિતિમાં તેમને બાકીની મહાનગરપાલિકામાં બાંધી લેવાનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે, જેથી ભાજપને અન્ય મનપામાં સત્તામાં ભાગીદારી મળી શકે.

આમેય જ્યાં સુધી ફડણવીસ દાવોસથી પાછા નહીં આવે ત્યાં સુધી મેયરપદનો નિર્ણય થવાની કોઈ શકયતા જણાતી નથી. ■

### માઘ મેળામાં

આક્ષેપ કર્યો હતો. ભગવતાચાર્ય પંડિત પવન કૃષ્ણ શાસ્ત્રીએ કહ્યું હતું કે શંકરાચાર્ય ગંગા સ્નાન માટે જઈ રહ્યા હતા, પરંતુ તેમને બળજબરીપૂર્વક રોકવામાં આવ્યા હતા.

મારપીટ પછે શંકરાચાર્ય ધરણાં પર બેઠા છે અને તેમણે અન્ન-જળનો ત્યાગ કર્યો છે. ■

# સુરતમાંથી ₹૫.૮૫ કરોડનું કોબ્રાનું ઝેર ઝડપાયું, એસઓજીની ટીમે સાત શખસને દબોચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માદક પદાર્થો અને પ્રતિબંધિત વસ્તુઓની હેરાફેરી વિરુદ્ધ સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ (એસઓજી)ને મોટી સફળતા મળી હતી. રાજ્યના ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત, પોલીસે અંદાજે ₹૫.૮૫ કરોડની કિંમતનું પ્રતિબંધિત કોબ્રા સાપનું ઝેર જપ્ત કર્યું હતું. વડોદરાથી સુરત ઝેર વેચવા આવેલા સાત શખસની આ ટોળકીને પોલીસે સરથાણા વિસ્તારમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઓપરેશનની વિગતો મુજબ, એસઓજી પી.આઈ. એ.પી. ચૌધરીને બાતમી મળી હતી કે એક ગેંગ કોબ્રા સાપનું કિંમતી ઝેર વેચવા માટે સુરતમાં ગ્રાહક શોધી રહી છે. ગુનેગારોને પકડવા માટે પોલીસે ફિલ્મી સ્ટાઈલમાં છટકું ગોઠવ્યું હતું. પી.આઈ. ચૌધરીએ પોતે ગ્રાહક બનીને આ ટોળકીનો સંપર્ક કર્યો અને કરોડો રૂપિયામાં ઝેર ખરીદવાની લાલચ આપી હતી. નાણાંની લાલચમાં આવી ગયેલી આ ટોળકી સોદો નક્કી કરવા માટે સરથાણા વિસ્તારમાં મીટિંગ કરવા પહોંચી હતી, જ્યાં અગાઉથી વોચમાં રહેલી પોલીસે ત્રાટકીને સાતેય આરોપીઓને રંગેહાથ દબોચી લીધા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ ઝેર વડોદરાથી સુરત લાવવામાં આવ્યું હતું. સામાન્ય રીતે કોબ્રાનું ઝેર અત્યંત મોંઘું અને પ્રતિબંધિત હોય છે. તબીબી ક્ષેત્રે તેનો ઉપયોગ બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, અને લોહી ગંઠાઈ જવાની સમસ્યા નિવારવાની દવાઓ બનાવવામાં થાય છે. આ ઉપરાંત કેન્સરની સારવાર અને સાપ કરડ્યા સામેની 'એન્ટી-વેનમ' રસી બનાવવામાં પણ તે મુખ્ય ઘટક છે.

# અમદાવાદમાં ઘાટલોડિયાની નેશનલ સ્કૂલમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થી પર જીવલેણ હુમલો

અમદાવાદઃ શહેરમાં હિંસાખોરી સતત વધી રહી છે, તેમાં પણ શાળાના વિદ્યાર્થીઓ હિંસાના માર્ગે વળ્યા છે. શહેરના ખોખરા વિસ્તારની સેવન્થ-ડે સ્કૂલમાં વિદ્યાર્થીની હત્યાની ઘટના બાદ વધુ એક હિંસાની ઘટના ઘાટલોડિયાની નેશનલ સ્કૂલમાં બની હતી. સ્કૂલ બહાર ધોરણ ૧૦ના એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર છરી વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં વિદ્યાર્થીને ઈજા પહોંચતા તેને હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી. હુમલા પાછળ જૂની અદાવત હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતાં ઘાટલોડિયા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. આ મારામારીની ઘટના નજીકમાં લાગેલા ઈઈઝટ કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જો કે આ હિંસક ઘટનાને પગલે શહેરમાં ચકચાર મચી ગઈ હતી. આ સમગ્ર મામલે રાજ્યના શિક્ષણ પ્રધાન પ્રદ્યુમન વાજાએ તપાસનો આદેશ આપ્યો છે.

આ સમગ્ર મામલે નેશનલ સ્કૂલના સંચાલક, નરેશભાઈ અમીને જણાવ્યું હતું કે, અમારી સ્કૂલથી ૧૦૦ મીટર દૂર આ ઘટના બની છે, જ્યાં વિદ્યાર્થીઓ વચ્ચે અંદરો-અંદર ઝઘડો થયો હતો. જે દરમિયાન બહારથી આવેલા કેટલાક વિદ્યાર્થીઓએ અમારી સ્કૂલના વિદ્યાર્થીને માથામાં કડુ માર્યું હતું. અમારી સ્કૂલના વિદ્યાર્થીને ઇજા થતા તેને અમારા ખર્ચે સારવાર આપવામાં આવી છે. સામાન્ય સારવાર આપ્યા બાદ તેને વાલી સાથે પરત ઘરે મોકલી દેવામાં આવ્યો છે.

એ ડિવિઝનના એસીપીએ જણાવ્યું હતું કે, નેશનલ સ્કૂલ પાસે વિદ્યાર્થીઓ અંદરોઅંદર ઝઘડ્યા હોવાની પોલીસને માહિતી મળી હતી. જેથી તાત્કાલિક પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. સ્થળ પર જઈને તપાસ કરતા ખબર પડી કે ગેટની બહાર વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી થઈ હતી. જે વિદ્યાર્થી ઇજાગ્રસ્ત થયો છે તેને લઈને બોલાચાલી થઈ હતી. મસ્તી મસ્તીમાં સામાન્ય બોલાચાલી થઈ હતી. હુમલો કરનાર વિદ્યાર્થીઓને રાઉન્ડઅપ કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે જેથી તાત્કાલિક તમામને રાઉન્ડ અપ કરી લેવામાં આવશે. કુલ ૮થી ૧૦ જેટલા લોકોએ હુમલો કર્યો હોવાની હકીકત બહાર આવી છે. અત્યારે જે હકીકત મળી તેના આધારે ભોગ બનનારની ફરિયાદ નોંધવામાં આવશે. કાયદાના દાયરામાં સખતમાં સખત કાર્યવાહી કરવામાં આવશે.

# ગુજરાત ભાજપ પ્રદેશ કારોબારીમાં ૧૦૬ સભ્યની નિમણૂક, ૨૬ વિશેષ આમંત્રિતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા સંગઠનના પ્રદેશ કારોબારીની જાહેરાત કરવામાં આવી હતી. પ્રદેશ કારોબારીમાં કારોબારી સભ્યો અને વિશેષ કારોબારી સભ્યોની ૧૯ જાન્યુઆરીના રોજ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

પ્રદેશ પ્રમુખ જગદિશ વિશ્વકર્માએ સૂચવેલા નવા સંગઠન માળખામાં ૧૦૬ સભ્યને સ્થાન આપવામાં આવ્યું હતું, જેમાં ૭૯ કારોબારી સભ્યો તેમ જ ૨૬ વિશેષ આમંત્રિત સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય જનતા પાર્ટીના બંધારણ મુજબ પ્રદેશ અધ્યક્ષ તથા પ્રદેશ હોદ્દેદારો સહિતના (એક પ્રદેશ અધ્યક્ષ+૧૦૫ સભ્ય) કુલ ૧૦૬ લોકોની પ્રદેશ કારોબારી હોય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે સંગઠનમાં કે મંત્રીમંડળમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અગ્રણીઓની બાદબાકી થઈ હતી, પરંતુ આ જમ્બો કારોબારીમાં સૌરાષ્ટ્રના ૨૨ સભ્યને લેવામાં આવ્યા છે. જ્યારે વિશેષ આમંત્રિત સભ્યોમાં સૌરાષ્ટ્રના ૧૦ સભ્યને સ્થાન આપવામાં આવ્યું છે, જેમાં રાજકોટ શહેરમાં વજુભાઈ વાળા, ભાવનગર શહેરમાં રાજેન્દ્રસિંહ રાણા, અમરેલીમાં પરશોત્તમભાઈ રૂપાલા, જામનગર જિલ્લામાં આર. સી. ફળદુ, મહેસાણામાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, અમદાવાદ જિલ્લામાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કર્ણાવતીમાં સુરેન્દ્રભાઈ પટેલ, ગોરધનભાઈ ઝડફિયા, પ્રદિપસિંહ જાડેજા, નરહરિભાઈ અમીન સહિત ૨૬ આમંત્રિત સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# અમદાવાદમાં રખડતી ગાયોના ત્રાસથી છુટકારો મળશે, મનપા ઢોરને પકડવા એઆઇનો ઉપયોગ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકાર આધુનિક ટેક્નોલોજી અને આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સના ઉપયોગને પ્રાથમિકતા આપી રહી છે. ગાંધીનગરમાં એઆઇ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના કર્યા બાદ આ ટેક્નોલોજીને રાજ્યના શાસનમાં સમાવિષ્ટ કરીને નાગરિક સેવા વિતરણને સમૃદ્ધ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં આગળ વધતા અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારને આવરી લેતી સમસ્યા માટે એક મહત્ત્વપૂર્ણ પાઇલટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે, જેના લીધે આવનારા દિવસોમાં રખડતાં પશુઓના લીધે પેદા થતી સમસ્યાઓનું સમાધાન લાવવામાં વધુ સરળતા રહેશે.

અમદાવાદમાં રખડતી ગાયોના લીધે ઘણીવાર ટ્રાફિકની સમસ્યાઓ જોવા મળે છે. અત્યારે અમદાવાદ મહાનગરપાલિકાની ટીમ સીસીટીવી કેમેરાની મદદથી અલગ અલગ વિસ્તારોમાં રખડતી ગાયોના ફોટા લીધા બાદ, તેમાં લાગેલી માઇક્રો ચીપ અને આરએફઆઇડી ટેગના આધારે ગાયની ઓળખ કરે છે. આ પ્રક્રિયા મેન્યુઅલી થતી હોવાથી તેમાં સમય અને ઊર્જાનો ઘણો વ્યય થાય છે. આ કામગીરીને ઝડપી બનાવવા, તેમજ સમય અને ઊર્જાનો વ્યય ઘટાડવા માટે અત્યારે અઈ ટેક્નોલોજીને સામેલ કરવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. આ સમસ્યાને દૂર કરવાના ઉદ્દેશથી ગાંધીનગર ગિફ્ટ સિટીમાં સ્થિત એઆઇ સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા એક એજન્સીને એઆઇ મોડેલ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું છે. એજન્સીએ ડીપ લર્નિંગ મૉડેલ દ્વારા આ સમસ્યાના નિરાકરણ માટે અમુક સૂચનો રજૂ કર્યા છે, અને તેના આધારે તેઓ સ્ટિયરિંગ કમિટી સમક્ષ તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલું મોડલ ટૂંક સમયમાં રજૂ કરશે. આ મોડેલ સીસીટીવી કેમેરા દ્વારા લેવામાં આવતી તસવીરોને એઆઇ મૉડેલ સાથે એકીકૃત કરીને રિયલ ટાઇમમાં ગાય અને તેના માલિકની ઓળખ કરતું એઆઇ મોડલ તૈયાર કરી રહી છે.

એજન્સીએ કોમ્પ્યુટર વિઝન અને ડીપ લર્નિંગ એઆઇ મોડલ દ્વારા આ સમસ્યાનું સમાધાન સૂચવ્યું છે. આ મોડલ અંતર્ગત એઆઇ ગાયના ચહેરાને સ્કેન કરશે જેમાં સૌથી મહત્ત્વની ઓળખ ગાયના નાકના આધારે થશે. જે રીતે દરેક વ્યક્તિના ફિંગરપ્રિન્ટ અલગ અલગ હોય છે, એવી જ રીતે દરેક ગાયના નાકની ડિઝાઇન અલગ અલગ હોય છે. તે સિવાય ગાયની આંખો અને ચહેરા પર કોઈ દાગ કે નિશાન હોય તો તેનું પણ સ્કેનિંગ કરવામાં આવશે. તેના આધારે એઆઇ મોડલ તે ગાયને ભીડમાંથી ઓળખી લેશે.

# અમદાવાદ સહિત ગુજરાતમાં વાતાવરણ પલટાશે, માવઠાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઑક્ટોબર મહિનામાં માવઠાનો ભાર સહન કરી ચૂકેલા ગુજરાત-સૌરાષ્ટ્રના ખેડૂતો માટે માઠા સમાચાર છે. આગામી બે દિવસમાં ગુજરાતના વાતાવરણમાં પલટો આવવાની શક્યતા છે. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં વાતાવરણ બદલાશે. જોકે હવામાન ખાતાએ તાત્કાલિક વરસાદ પડવાની શક્યતાઓ નકારી છે, પરંતુ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને અમુક વિસ્તારોમાં વરસાદી છાંટા પડવાની સંભાવના છે. જોકે હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ગુજરાતના વાતાવરણમાં ધરખમ ફેરફાર કરવામાં આવશે. ૨૨મી થી ૨૬ જાન્યુઆરી દરમિયાન ઉત્તર ગુજરાત, કચ્છ, પશ્ચિમ સૌરાષ્ટ્ર અને ઉત્તર સૌરાષ્ટ્રમાં વરસાદ પડવાની સંભાવના છે. આ સાથે મહેસાણા અને સાબરકાંઠામાં પણ વરસાદી ઝાંપટાની સંભાવના છે. જોકે અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, વડોદરા જેવા શહેરોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. તા. ૨૩ અને ૨૪ જાન્યુઆરીના રોજ વરસાદની સંભાવના છે અને ત્યારબાદ ફરી ઠંડીનો એક રાઉન્ડ આવશે અને ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં પારો ગગડશે, તેવી શક્યતા પણ નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. સોમવારે અમરેલીમાં ૧૨ ડિગ્રી સૌથી નીચું તાપમાન નોંધાયું હતું, જ્યારે નલિયામાં ૧૩.૨ ડિગ્રી અને અમદાવાદમાં ૧૪.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આવનારા દિવસોમાં અમદાવાદમાં આકાશ વાદળછાયું રહેવાની શકયતા છે. શહેરમાં મહત્તમ તાપમાન ૨૫-૨૭.૭ વચ્ચે નોંધાયું હતું, જ્યારે લઘુતમ તાપમાન ૧૪.૮ નોંધાયું હતું. આગામી થોડા દિવસોમાં લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. જોકે ખેડૂતો હવામાન વિભાગની આગાહીઓને કારણે ચિંતામાં પડી ગયા છે. ખેતપેદાશો અને બાગાયતી પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

# વડોદરામાં પાંચ વર્ષની બાળકીનું કફ સિરપ પીધા બાદ મોત, તપાસની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કફ સિરપ પીધા બાદ વડોદરાની પાંચ વર્ષની બાળકીનું મોત થયું હોવાની ઘટના પ્રકાશમા આવી હતી. નાની વયે માતા-પિતાની છત્રછાયા વગરની બાળકીના મોતથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી હતી. બાળકીના માસીના કહેવા પ્રમાણે, મેડિકલ સ્ટોરમાંથી ખરીદેલી શરદી-ખાંસીની સીરપ પીવડાવ્યા બાદ તબિયત લથડી હતી. જેના કારણે તેનું મોત થયું હતું. જોકે તેમણે તપાસની માગણી પણ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

મળતી વિગત પ્રમાણે, વડોદરામાં પાંચ વર્ષની બાળકી તેના દાદા-દાદી સાથે રહેતી હતી. નાની ઉંમરમાં જ તેના માતા-પિતાનું મોત થયું હતું. જેથી દાદા-દાદી તથા અન્ય સંબંધીઓ સંભાળ રાખતા હતા. થોડા દિવસ પહેલા તેને ખાંસી અને શરદી થઈ હોવાથી તેના પિતરાઈ કાકા નજીકના મેડિકલ સ્ટોર પરથી શરદી ખાંસીની સીરપ લઈને આવ્યા હતા. જોકે રાહત થવાના બદલે તબિયત લથડી હતી.

જેના કારણે તેને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ સારવાર મળે તે પૂર્વે જ બાળકીએ અંતિમ શ્વાસ લીધા હતા. પરિવારજનો દ્વારા મેડિકલ સ્ટોર પરથી ખરીદેલા કફ સીરપ પર આશંકા વ્યક્ત કરીને ન્યાયની માગણી કરી હતી. મૃતક બાળકીના માસીએ રડતા રડતા કહ્યું કે, બાળકી સાથે કઈંક અજુગતુ બન્યું છે કે દવાની આડઅસર છે કે અન્ય કારણ તેની તપાસ થવી જોઈએ.

રાજ્યની જાહેર જનતાને જીવનજરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખૂબ સતર્કતાપૂર્વક કામગીરી કરીને કાયદાનું ઉલ્લંઘન કરનાર ઇસમો સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે.

# અભિનેતા વિક્રમ ઠાકોર રાજકારણમાં જોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતી ફિલ્મોના જાણીતા અભિનેતા વિક્રમ ઠાકોરે રાજકારણમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. અંબાજી ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના એક મેળાવડામાં વિક્રમ ઠાકોરે આ એલાન કર્યું હતું. અભિજિતસિંહ બારડની આગેવાની હેઠળ શ્રી ભવાની ધામ સંકલ્પ યાત્રા નીકળી હતી. આ વિશાળ યાત્રામાં કલાકાર વિક્રમ ઠાકોરે જાહેરાત કરી હતી કે તેઓ આજે નહીં તો કાલે રાજકારણમાં જોડાશે જોકે કયા પક્ષ સાથે અને ક્યારે જોડાશે, તે મામલે તેમણે કોઈ સ્પષ્ટતા કરી ન હતી. અભિનેતાએ જણાવ્યું હતું કે તેઓ દરેક પક્ષ સાથે સારા સંબંધો ધરાવે છે આથી ક્યા પક્ષ સાથે જોડાવું તે આવનાર સમયમાં નક્કી કરશે.

તેમણે અંબાજી ખાતે જાહેર મંચ પરથી કહ્યું હતું કે રાજકારણમાં આજે પણ ઘણા સારા આગેવાનો રાજકારણમાં સક્રિય છે, હું પણ આજે નહીં તો કાલે રાજકારણમાં જોડાઈશ.

# મહેસાણામાં કોમી એકતાની મિશાલઃ હિંદુ ભાઈએ મુસ્લિમ બહેનના ઘરે વાજતે ગાજતે મામેરું કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશ અને રાજ્યમાં જ્ઞાતિ-જાતિ અને ધર્મના નામે વૈમનસ્યની ઘટનાઓ બહાર આવતી રહે છે, ત્યારે મહેસાણામાં કોમી એકતાની મિશાલરૂપ ઘટના બની હતી. મહેસાણાના નાગલપુર કસ્બા વિસ્તારમાં એક હિન્દુ ભાઈએ પોતાની મુસ્લિમ ધર્મની બહેનના સંતાનોના લગ્નમાં ૧.૦૧ લાખ રૂપિયાનું મામેરું ભરીને સમાજમાં માનવતાનો સંદેશ આપ્યો હતો.

આ અંગે મળતી વિગત મુજબ, આશરે ૨૫ વર્ષ અગાઉ સાથે મજૂરી કામ કરતા મહેસાણાના સુલતાનાબીબી અને વડોસણ ગામના સુરતાનજી ઠાકોર સાથે મજૂરી કામ કરતા હતા. મજૂરી કરતાં-કરતાં તેમની વચ્ચે ભાઈ-બહેનનો એક પવિત્ર અને અતૂટ સંબંધ બંધાયો હતો. આ સંબંધ માત્ર નામ પૂરતો જ મર્યાદિત ન રહ્યો, પરંતુ સમય જતાં વધુ મજબૂત બન્યો હતો. તાજેતરમાં સુલતાનાબીબીના પુત્ર અરમાન અને તેમની પુત્રીના લગ્ન પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરતાનજી ઠાકોરે પોતાની ધર્મની બહેન પ્રત્યેની ફરજ અદા કરતા મામા તરીકેની જવાબદારી સ્વીકારી હતી. સુલતાનાબીબીના પોતાના સગા ભાઈઓ હોવા છતાં સુરતાનજી ઠાકોરે આગળ આવીને એક લાખ એક હજાર રૂપિયાની રોકડ રકમ સાથે મામેરું કર્યું હતું.

આ અંગે સુરતાનજી ઠાકોરે જણાવ્યું હતું કે ધર્મ ગમે તે હોય પણ બહેન પ્રત્યેની ભાઈની ફરજ સૌથી મોટી છે. ૨૫ વર્ષ જૂના આ પવિત્ર સંબંધે સમગ્ર પંથકમાં ચર્ચા જગાવી છે અને લોકો આ ભાઈચારાની મિશાલને બિરદાવી રહ્યા છે. સુલતાનાબીબી અને તેમના પુત્ર અરમાને પણ સુરતાનજી પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નવરચિત વાવ-થરાદ જિલ્લામાં થશે

અમદાવાદઃ ૭૭મા પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી નવા રચાયેલા વાવ-થરાદ જિલ્લામાં થશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વાવ-થરાદ જિલ્લામાં મલુપુર ખાતે નવી કોર્ટની સામેના હેલીપેડ ગ્રાઉન્ડમાં પ્રજાસત્તાક પર્વે સવારે ૯:૦૦ કલાકે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરાવશે તેમજ પરેડ માર્ચ પાસ્ટની સલામી ઝીલશે. રાજયકક્ષાની ઉજવણી અવસરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પોલીસ દળ દ્વારા વિવિધ નિદર્શનો પણ પ્રસ્તુત કરાશે.

આ રાષ્ટ્રીય પર્વની રાજ્યના વિવિધ જિલ્લાઓના તાલુકા મથકોએ જે ઉજવણી થશે તેમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અમદાવાદમાં મકરબા ખાતે ધ્વજવંદન કરાવશે. આ ઉપરાંત રાજ્યમંત્રી મંડળના પ્રધાનો જે તે જિલ્લાઓના તાલુકા મથકોએ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહીને ધ્વજવંદન કરાવશે.

રાજ્યના સામાન્ય વહિવટ વિભાગ દ્વારા આ સંદર્ભમાં જાહેર કરાયેલી યાદીમાં જણાવ્યા મુજબ નાણાપ્રધાન કનુભાઈ દેસાઈ, નવસારી જિલ્લાના ચિખલીમાં, કૃષિ પ્રધાન જીતુભાઈ વાઘાણી રાજકોટ જિલ્લાના જેતપુરમાં, ઊર્જા પ્રધાન ઋષિકેશ પટેલ ગાંધીનગર જિલ્લાના માણસામાં, શ્રમ-રોજગાર પ્રધાન કુંવરજીભાઈ બાવળીયા પોરબંદર જિલ્લાના રાણાવાવમાં, આદિજાતિ વિકાસ પ્રધાન નરેશભાઈ પટેલ વલસાડ જિલ્લાના ઉમરગામમાં, વન અને પર્યાવરણ પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયા દાહોદ જિલ્લાના ગોવિંદગુરૂ-લિંબડીમાં, શિક્ષણ પ્રધાન ડો. પ્રદ્યુમનભાઈ વાજા સાબરકાંઠાના હિંમતનગરમાં, અન્ન અને નાગરિક પુરવઠા પ્રધાન રમણભાઈ સોલંકી ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં, ધ્વજવંદન કરાવશે.

# ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૭૫ આરોપીનાં મોત, એનસીઆરબીના રિપોર્ટમાં મોટા ખુલાસા

અમદાવાદઃ ગુજરાતમાં કસ્ટોડિયલ ડેથ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. કાચા કામના કેદીઓ પોલીસ કસ્ટડીમાં જ મોતને ભેટી રહ્યા છે. તાજેતરમાં જાહેર થયેલા નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી) ના રિપોર્ટમાં આ અંગે મોટા ખુલાસા થયા છે.

એનસીઆરબીના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૦થી પોલીસ કસ્ટડીમાં થતા મોતના કિસ્સામાં ગુજરાત મોખરે રહ્યું છે. વર્ષ ૨૦૨૩માં મહારાષ્ટ્ર ૧૭ મોત અને ગુજરાત ૧૩ મોત મળીને દેશના કુલ કસ્ટોડિયલ ડેથના અડધા હિસ્સા માટે જવાબદાર છે. ગુજરાતમાં છેલ્લાં પાંચ વર્ષમાં ૨૦૧૯-૨૦૨૩માં કુલ ૭૫ આરોપીઓના કસ્ટડીમાં મોત થયાં હતાં, જેમાં આત્મહત્યા અને બીમારી મુખ્ય કારણો દર્શાવવામાં આવ્યાં હતાં. નોંધવા જેવી બાબત એ છે કે, મોટાભાગના મોત રિમાન્ડ વગરની કસ્ટડી દરમિયાન થયા હતા. રાજ્યમાં પોલીસ દ્વારા સ્વબચાવમાં ગોળીબાર કરવાના કિસ્સાઓ પણ ચર્ચામાં રહ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૨૫માં ગાંધીનગરના અડાલજ પાસે ફેશન મોડલની હત્યાના આરોપી વિપુલ ઉર્ફે નીલ પરમારનું પોલીસ એન્કાઉન્ટરમાં મોત થયું હતું. પોલીસે દાવો કર્યો હતો કે આરોપીએ હથિયાર છીનવી હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આવો જ એક કિસ્સો ૨૦૨૧માં સુરેન્દ્રનગરમાં હનીફખાન જત મલેક અને તેના ૧૪ વર્ષના પુત્રના મોતમાં જોવા મળ્યો હતો. જોકે, આ કેસમાં સાત મહિનાની તપાસ બાદ પોલીસે તમામ આરોપી પોલીસકર્મીઓને ક્લીન ચિટ આપતો ક્લોઝર રિપોર્ટ કોર્ટમાં રજૂ કર્યો હતો. વર્ષ ૨૦૨૫ના અંતિમ મહિનાઓમાં પોલીસ દ્વારા આરોપીઓ પર ગોળીબારની ઘટનાઓમાં ઉછાળો જોવા મળ્યો હતો. નવેમ્બર અને ડિસેમ્બરના માત્ર ૫૦ દિવસના ગાળામાં ૮ જેટલી ઘટનાઓ બની હતી, જેમાં પોલીસે આરોપીના પગમાં ગોળી મારી તેમને ઈજાગ્રસ્ત કર્યા હતા. આમાં રાજકોટ ગ્રામ્યમાં સગીરા પર બળાત્કાર કરનાર રામસિંગ ડુડવા, સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા પકડાયેલા બૂટલેગર અશોક બિશ્નોઈ અને સુરેન્દ્રનગરના રાયોટિંગના આરોપીઓનો સમાવેશ થાય છે. મોટાભાગના કિસ્સામાં 'ક્રાઈમ સીન રિકન્સ્ટ્રક્શન' વખતે આરોપીએ હુમલો કર્યો હોવાનું પોલીસનું કારણ રહ્યું હતું. એક તરફ રાજ્યના ગૃહ વિભાગે મહિલાઓ વિરુદ્ધના ગુનાઓમાં કડક વલણ અપનાવ્યું હતું, તો બીજી તરફ કસ્ટડીમાં થતા મોત અને પોલીસ અત્યાચાર સામે કોર્ટમાં અનેક અરજીઓ પેન્ડિંગ છે.

# કરાર આધારિત ક્લાર્કની ભરતી મુદ્દે સરકાર સામે કોર્ટમાં જવાની રાજ્યના શાળા સંચાલકોની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યની ૬૫૦૦ જેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓમાં છેલ્લા ૧૯ વર્ષથી ૪૫૪૬ જેટલા ક્લાર્કની જગ્યા ખાલી છે તેવામાં શાળા કમિશનર ઓફિસે શિક્ષણ વિભાગને શાળા સહાયકની ભરતી કરાર આધારિત કરવા દરખાસ્ત મોકલતા વિરોધ થયો છે. રાજ્યના શાળા સંચાલકોએ કરાર આધારિત ક્લાર્કની ભરતી મામલામાં સરકાર સામે કોર્ટમાં જવાની ચીમકી ઉચ્ચારતા મામલો વકર્યો છે. રાજ્ય શાળા સંચાલક મંડળે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ક્લાર્કની ૧૧ મહિનાની કરાર આધારિત ક્લાર્કની ભરતીના બદલે કાયમી ક્લાર્કની માગ કરી છે. જો સરકાર સંચાલક મંડળની માગણી નહીં સ્વીકારે તો તેમણે કોર્ટમાં જવાની ચીમકી ઉચ્ચારી છે.

આ સમગ્ર મામલે રાજ્ય શાળા સંચાલક મંડળના પ્રમુખે જણાવ્યું હતું કે, રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં પહેલા ૨૫૦ વિદ્યાર્થીઓએ એક ક્લાર્ક ભરતી કરવાની જોગવાઈ હતી. ત્યારબાદ રાજ્ય સરકારે તેમાં સુધારો કરી ૫૦૦ વિદ્યાર્થીઓએ એક ક્લાર્કની ભરતીની જોગવાઈ કરી હતી. ત્યારબાદ શ્રમયોગી અને કર્મયોગીના નામ આપી ફિક્સ પગારે ક્લાર્કની ભરતીની જોગવાઈ કરી અને ત્યારબાદ ૨૦૦૭થી ૨૦૨૬ સુધી હવે શાળાઓમાં ક્લાર્ક નથી અને હવે પ્રાથમિક શાળાઓની માફક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શાળા સહાયકની ભરતી કરવા માંગે છે.

જે માટે શાળા કમિશનર ઓફિસે શિક્ષણ વિભાગને શાળા સહાયકની ભરતી કરાર આધારિત કરવા દરખાસ્ત કરી એ કોઈપણ સંજોગોમાં ચાલી ન શકે. અમારે કાયમી ક્લાર્કની જરૂર છે તે માટે અમે સરકાર સામે હાઈ કોર્ટમાં પણ જઈશું.

# સુરતમાં ૮૦૦ કરોડના કૌભાંડમાં વધુ બે આરોપીની ૧૧ વર્ષે ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત ક્રાઈમ બ્રાન્ચે છેલ્લાં ૧૧ વર્ષથી ફરાર મોસ્ટ વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. ડુપ્લિકેટ દસ્તાવેજોના આધારે 'એન માર્ટ' (ગ ખફ્ી) મોલ શરૂ કરી દેશભરમાં ૮૦૦ કરોડથી વધુનું ફૂલેકું ફેરવનાર ગોપાલ શેખાવત અને મોહમ્મદ સલીમખાનને પોલીસે દબોચી લીધા હતા. ગોપાલ શેખાવત અને મોહમ્મદ સલીમખાને દેશમાં ૫૪ જેટલા ગુનાઓને અંજામ આપ્યો છે. આરોપીઓ સુરતના અડાજણ-રાંદેરમાં ભાડાના ફ્લેટમાં રહેતા હતા.

આરોપીઓએ અડાજણ વિસ્તારમાં નકલી ડોક્યુમેન્ટ્સ બનાવી એન માર્ટ, ન્યુ લુક મલ્ટી ટ્રેડ અને ન્યુ લુક રિટેલ્સ જેવી કંપનીઓ ઊભી કરી હતી. મોલની ફ્રેન્ચાઈઝી આપવાના નામે ગુજરાત, મહારાષ્ટ્ર સહિત છ રાજ્યોના હજારો લોકોને કરોડો રૂપિયાનું રોકાણ કરવા લલચાવ્યા હતા. બિહાર પોલીસે દરેક આરોપી પર ૫૦ હજારનું ઈનામ જાહેર કર્યું હતું.

વર્ષ ૨૦૨૩માં સુરતના વેસુ પોલીસ સ્ટેશનમાં તેમની સામે છેતરપિંડીનો વધુ એક ગુનો નોંધાયો હતો. આરોપીઓ વિરુદ્ધ કોર્ટ દ્વારા સીઆરપીસી ૭૦ મુજબનું વોરંટ પણ ઇશ્યુ કરવામાં આવ્યું હતું. ક્રાઈમ બ્રાંચે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આખરે આ આંતરરાજ્ય ગેંગના મુખ્ય સૂત્રધારોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે ૧૧ વર્ષ સુધી આ આરોપીઓ કોના આશ્રય હેઠળ હતા અને ૮૦૦ કરોડની મિલકતો ક્યાં છુપાવી છે. આગામી દિવસોમાં આ મામલે મોટા ખુલાસા થાય તેવી શક્યતા છે.

# અમદાવાદમાં સગીર વાહનચાલકોનો આંક ૨૦૨૫માં વધીને ૫,૮૩૫ પર પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ સતત વધી રહી છે ત્યારે બીજી ચિંતાજનક બાબત એ છે કે સગીર વાહન ચાલકોની સંખ્યામાં મોટો ઉછાળો નોંધાયો છે. શહેરના માર્ગો પર સગીરો રસ્તા પર ટુ વ્હિલર અને ફોર વ્હિલર વાહનો બેફામ ગતિએ ચલાવતા જોવા મળે છે. શહેરના ટ્રાફિક વિભાગ દ્વારા સતત અમલીકરણ ઝુંબેશ અને કડક દંડની કામગીરી કરવામાં આવતી હોવા છતાં પણ આ આંકડો સતત વધી રહ્યો છે.

અમદાવાદ ટ્રાફિક પોલીસના આંકડા મુજબ સગીરો દ્વારા ડ્રાઇવિંગના કેસ ૨૦૨૪માં માત્ર ૧૧ હતા, જે ૨૦૨૫માં વધીને ૫,૮૩૫ પર પહોંચી ગયા હતા. આ ગુના પેટે વસૂલવામાં આવેલો દંડ પણ ૨૦૨૪માં રૂ. ૩૩,૦૦૦ થી વધીને બીજા વર્ષે રૂ.૨૧.૧૧ લાખ થઈ ગયો હતો. સગીરોને વાહનો ચલાવતા રોકવા માટે શહેરની ટ્રાફિક પોલીસે શાળાઓ અને ટ્યુશન સેન્ટરો પાસે નિયમિત તપાસ હાથ ધરી હતી અને સાથે શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ કાર્યક્રમો પણ યોજ્યા હતા.

# સંસ્થા સમાચાર

## BCOCJITO જોબ ફેર ૨૦૨૬



સહયોગ, હેતુ અને સમુદાય-સંચાલિત અસરના શક્તિશાળી પ્રદર્શનમાં, BCOCJITO મેગા જોબ ફેર ૨૦૨૬ ૧૭ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ ઘાટકોપર પૂર્વના ભાનુશાલી બેન્કવેટ્સ ખાતે સફળતાપૂર્વક યોજવામાં આવ્યો હતો. આ ઇવેન્ટ બે જીવંત વ્યવસાયિક સમુદાયો - જૈન અને ભાનુશાલી - એક સહિયારા વિઝન સાથે કેવી રીતે એક સાથે આવ્યા તેનું એક તેજસ્વી ઉદાહરણ હતું: બધા ભારતીયો માટે અર્થપૂર્ણ તકો દ્વારા રોજગાર અને આર્થિક સશક્તિકરણને સક્ષમ બનાવવું. આ સીમાચિહ્નરૂપ પહેલ ભાનુશાલી ચેમ્બર ઓફ કોમર્સ - BCOC જોબ્સ અને જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન-JITO જોબ્સ દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવી હતી, જે અનુક્રમે ભાનુશાલી અને જૈન સમુદાયોની ઉદ્યોગસાહસિક અને વ્યાવસાયિક શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. આ ભાગીદારી શ્રી કચ્છી ભાનુશાલી સેવા સમાજ ટ્રસ્ટ અને JITO એપેક્સના મજબૂત સમર્થન અને માર્ગદર્શન દ્વારા મજબૂત બની હતી, જેમના નેતૃત્વએ ઇવેન્ટને આકાર આપવામાં અને સ્કેલ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ સહયોગનું નેતૃત્વ અને સમર્થન SKBSST અને BCOC ના પ્રમુખ ડો. હર્ષદ ભાનુશાલી અને JITO જોબ્સના ચેરમેન શ્રી વિનોદ જૈન સહિત બંને સમુદાયોના અન્ય ઘણા આદરણીય નેતાઓ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમના પ્રોત્સાહન અને હાજરીથી પહેલને અપાર શક્તિ મળી.

જમીન પર, અમલીકરણ અસાધારણ ટીમવર્કને પ્રતિબિંબિત કરે છે. CA. કેતન કટારિયા અને CA. આનંદ દામા, તુષાર ભદ્રા, ઈજચાંદની મેંગર અને CA. રાહુલ રત્ડા દ્વારા આગળથી નેતૃત્વ કરાયેલ BCOC ટીમે અથાક મહેનત કરી હતી જેથી સુગમ સંકલન સુનિશ્ચિત કરી શકાય. નેહા શાહ, પ્રિતેશ મીશેરી અને CA. મુદિત ભણસાલીના નેતૃત્વમાં JITO ટીમે કોર્પોરેટ, ઉમેદવારો અને સ્વયંસેવકોને એકત્ર કરવામાં સમાન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

### લોકશાહીને સશક્ત બનાવવાનો સંદેશ

અંધેરી ઈસ્ટમાં આવેલી શ્રી નાગરદાસ ધારસી ભુતા હાઈ સ્કૂલના વિદ્યાર્થીઓએ મતદાર જાગૃતિ રેલીનું સફળ આયોજન કર્યું હતું. સાથે જ તેમણે લોકોને મતદાન માટે પ્રેરિત કરવા માટે પથનાટ્ય ભજવ્યું હતું. એ સિવાય ઉપસ્થિત લોકોને મતદાન કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર, પોસ્ટર અને સંદેશાના માધ્યમથી ખૂબ જ સરસ રીતે લોકોને વોટિંગ કરવાની વિનંતી કરી હતી.

### આનંદ મેળો

કાંદિવલી વેસ્ટમાં આવેલા કાંદિવલી રિક્રેશન ક્લબની મનોરંજન સમિતિ દ્વારા ફન ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આનંદ મેળામાં લગભગ ૩ હજાર લોકોએ ભાગ લીધો હતો. એમાં કોર્પોરેટ સ્ટોલ, ગેમ્સ સ્ટોલ, ફૂડ સ્ટોલ અને એક્ઝિબિશને લોકોમાં આકર્ષણ જમાવ્યું હતું.

### વાર્ષિક મેળાવડો

શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ એલ્યુમની અસોસિએશનનો વાર્ષિક મેળાવડો ૧૮ જાન્યુઆરીએ યોજવામાં આવ્યો છે. બિરલા માતુશ્રી સભાગૃહમાં સવારે સાડા નવ કલાકથી બપોરે દોઢ વાગ્યા સુધી આ કાર્યક્રમ આયોજિત થવાનો છે.

### નિર્ગુણ માનસ પૂજા પર વિવેચન

વિદ્યાવિહારમાં આવેલી કે.જે. સોમૈયા ટ્રસ્ટ દ્વારા આયોજિત જ્ઞાનયજ્ઞમાં પરમ પૂજ્ય સ્વામી તદ્રુપાનંદ સરસ્વતી પણ હાજર રહેશે. તેઓ ૨૧ જાન્યુઆરીથી ૩૧ જાન્યુઆરી સુધી નિર્ગુણ માનસ પૂજા પર વિવેચન આપવાનાં છે. આ કાર્યક્રમ સાકરબેન કરમશી સોમૈયા સભાગૃહ, વિદ્યાવિહાર (ઇસ્ટ)માં સવારે ૦૬-૪૫થી ૦૮.૦૦ કલાક સુધી યોજવામાં આવ્યો છે.

### શ્રી કાંદિવલી હિતવર્ધક મંડળના નવા હોદ્દેદારો

કાંદિવલીમાં કોઈપણ નાતજાતના ભેદભાવ વગર શ્રી કાંદિવલી હિતવર્ધક મંડળ દ્વારા રાહત દરે મલ્ટિ-સ્પેશ્યાલિટી કે.એચ.એમ. હૉસ્પિટલમાં જરૂરતમંદોને સારવાર આપવામાં આવે છે. સાથે જ એ ગ્રેડનું પુસ્તકાલય, સ્ત્રી સશક્તીકરણને પ્રોત્સાહન પણ આપે છે. હવે તેમના મંડળમાં નવા હોદ્દેદારો અને કમિટીના સભ્યોની વરણી કરવામાં આવી છે.

### પાર્શ્વભૈરવ મહાભક્તિ

નાકોડા ભૈરવની દિવ્ય પ્રેરણા અને રાષ્ટ્રસંત જિનશાસન ભૂષણ પ.પૂ. આચાર્યભગવંત શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના અસીમ આશીર્વાદ સાથે નાકોડા દરબાર મંડળ લાલબાગ દ્વારા ભાયખલાના શેઠ મોતીશા આદેશ્વર જૈન મંદિરમાં ૨૪મી નપાર્શ્વભૈરવ મહાભક્તિથર૫નું આયોજન કરવામાં આવ્યું હતું.

### ગોવર્ધનનાથજીની હવેલીનો પાટોત્સવ અને અન્નકૂટ ઉત્સવ

જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રાગટ્યપીઠ ગૃહાધિપતિ ૧૦૮ દ્વારકેશલાલજી મહારાજ, ૧૦૮ પુરુષોત્તમલાલજી મહારાજ તથા લાલનઅનુગ્રહકુમારની અધ્યક્ષતામાં વસઈની ગોવર્ધનનાથજીની હવેલીનો ૧૩મો પાટોત્સવ અને અન્નકૂટ ઉત્સવ બે દિવસ સુધી મનાવવામાં આવ્યો હતો.

### વસુધૈવ કુટુંબકમ ૪.૦માં ત્રીજા દિવસે વ્યાપક વિચાર-વિમર્શ

ઓગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે આયોજિત 'વસુધૈવ કુટુંબકમ કી ઓર' કોન્ક્લેવ અને પ્રદર્શનનો ત્રીજો દિવસ ઘણો નોંધપાત્ર રહ્યો. કાયદા ક્ષેત્રના નિષ્ણાતોએ કાયદાકીય ચર્ચા કરી તે ઉપરાંત વિદ્યાર્થી કેન્દ્રિત પ્રવૃત્તિઓમાં પણ યુવાનો ઉત્સાહપૂર્વક જોડાયા. સાથે જાહેર ચર્ચાના મંચ પર ઉપસ્થિત લોકોની સક્રિય ભાગીદારી જોવા મળી. 'વસુધૈવ કુટુંબકમ' પ્રદર્શન આખો દિવસ ખુલ્લું રહ્યું હતું અને મુલાકાતીઓની સંખ્યા પણ ઉત્સાહપ્રેરક રહી. મુલાકાતીઓએ ન્યાય અને શાશ્વત વિશ્વ વ્યવસ્થા માટે પ્રાચીન ભારતીય જ્ઞાનમાં રહેલા પરિવારના ૧૨ શાશ્વત સિદ્ધાંતોની પ્રસ્તુતિ નિહાળી હતી. આ સાથે ભારતીય બંધારણના ૭૫ વર્ષ પર આધારિત પ્રદર્શન પણ યોજાઈ રહ્યું છે, જેમાં સંયુક્ત પારિવારની સંગઠન ક્ષમતા, બંધારણીય સંતુલન, સામાજિક જવાબદારી અને નૈતિક શાસન જેવા વિષયો રજૂ કરવામાં આવ્યા.

કોન્ક્લેવના સ્થળે મથુરાદાસ હોલ ખાતે 'મૂળભૂત અધિકારો' વિષય પર પેનલ-૩ સાથે કાયદાકીય ચર્ચા વધુ વ્યાપક અને ફળદાયી બની હતી. આ સત્રમાં બોમ્બે હાઈ કોર્ટના સિનિયર એડવોકેટો રફીક દાદા, ઝાલ અધ્યારુજીના, પ્રદીપ સંચેતી તથા ચેતન કાપડિયાએ મૂળભૂત અધિકારોના ઉદ્ભવ, અર્થઘટન અને વર્તમાન પડકારો પર વિગતવાર અને માર્ગદર્શક મંતવ્યો રજૂ કર્યા હતા. આ ચર્ચામાં ન્યાયિક સંતુલન, નાગરિક સ્વતંત્રતા અને બંધારણીય સુરક્ષા કવચ જેવા વિષયો આવરી લેવાયા હતા.

સ્થળ: ઓગસ્ટ ક્રાંતિ મેદાન, મુંબઈ તારીખ: ૧૬થી ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ પ્રદર્શનનો સમય: સવારે ૯.૦૦ વાગ્યાથી સાજે ૯.૦૦ વાગ્યા સુધી. રજિસ્ટ્રેશન: નિ:શુલ્ક અને જાહેર જનતા માટે ખુલ્લું

# મેરથન કે કચરાથન

## પાલિકાના કર્મચારીઓ દ્વારા સફાઈની વિશેષ ઝૂંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં મેરથનના આયોજન બાદ શહેરમાં ઠેર-ઠેર જોવા મળેલી પ્લાસ્ટિકની ખાલી બાટલીઓના કચરાને જોઈને અનેક મુંબઈગરાની લાગણી દુભાઈ હોવાનું જોવા મળ્યું હતું. મેરથન પૂરી થયા બાદ આ રૂટ પરથી રોજ પસાર થનારા મુંબઈ સમાચારના એક વાચકને રસ્તા પર ઢગલામોઢે પડેલી પાણીની બાટલીઓ જોઈને ખાસ્સું દુઃખ થયું હતું અને તેઓ વિચારી રહ્યા હતા કે મુંબઈગરાઓ ક્યારે સિવિક સેન્સ શીખશે, પરંતુ ત્યારે જ તેમની નજર રસ્તા પરથી પાણીની બાટલીઓ ઉંચકીને સફાઈ કરી રહેલા કચરો વીણનારા અને પાલિકાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સફાઈ કરતા પાલિકાના કર્મચારીઓ જોવા મળ્યા હતા, જેમણે ગણતરીના કલાકોમાં આખા રસ્તા પર ફેલાયેલી પ્લાસ્ટિકની બાટલીઓ સાફ કરી નાખી હતી.

# ગુરુવારે મુંબઈ સહિત ૨૯ પાલિકાના મેયરની કરાશે જાહેરાત

મુંબઈ: રાજ્યની ૨૯ મહાનગરપાલિકાના પરિણામો આવી ગયા હોવા છતાં પાલિકાના મેયર કોણ બનશે એ કોઈ નથી જાણતું. શહેરી વિકાસ વિભાગે હવે મેયર પદ અંગે મોટી જાહેરાત કરી છે. તમારી મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર કોણ બનશે એનો જવાબ મેળવવા તમારે ત્રણ દિવસ રાહ જોવી પડશે. રાજ્યની ૨૯ મહાનગર પાલિકાઓના મેયર પદ માટે અનામત લોટરી ૨૨ જાન્યુઆરી ગુરુવારના રોજ યોજાશે. આ પ્રક્રિયા સવારે ૧૧ વાગ્યે મંત્રાલયના કાઉન્સિલ ચેમ્બરમાં યોજાશે. અનામત લોટરી જાહેર થયા પછી જ રાજ્યની ૨૯ મહાનગર પાલિકાઓના મેયર કોણ હશે એ નક્કી કરવામાં આવશે. અત્યાર સુધી મેયર પદ માટે અનામત અનુસૂચિત જાતિ (એસસી), અનુસૂચિત જનજાતિ (એસટી), મહિલાઓ અને અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે વારાફરતી વારોના ધોરણે નિર્ણય લેવામાં આવતો હતો. જોકે સૂત્રોના જણાવ્યા અનુસાર નિયમોમાં નવો ફેરફાર કરીને આ અનામત પરિપત્ર રીતે નવેસરથી તૈયાર થવાની સંભાવના છે. આનો અર્થ એ છે કે અનામતનું આ ચક્ર ફરીથી 'ઓપન કેટેગરી'માંથી શરૂ થવાની પ્રબળ શક્યતા છે. મેયર પદનું અનામત પરિપત્ર ચક્રાકાર રીતે નક્કી કરવા પાછળ એક મુખ્ય હેતુ સમાજના દરેક વર્ગ અને વર્ગને શહેરના મેયર પદ પર બેસવાની સમાન તક મળે એ છે. એમાં વસ્તી અનુસાર અને કયા વર્ગને અગાઉ તક મળી છે તે ધ્યાનમાં લઈને આગામી અનામત નક્કી કરવામાં આવે છે. જો અનામત છોડી દેવામાં આવે અને ફરીથી 'ઓપન કેટેગરી' થી શરૂ કરવામાં આવે, તો ઘણા પ્રતિષ્ઠિત નેતાઓને મેયર પદની તક મળી શકે છે.

# બાળ ઠાકરેનું જન્મશતાબ્દી વર્ષ હોવાથી પહેલા અઢી વર્ષ શિવસેનાનો મેયર બનાવવાની ડિમાન્ડ

મુંબઈ: મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ સોમવારે એવી સ્પષ્ટતા કરી હતી કે મુંબઈના આગામી મેયર મહાયુતિના જ હશે, ગયા અઠવાડિયે પાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી નવા રાજકીય સમીકરણોના અહેવાલોને વહેતા થયા હતા તેને રદિયો આપતાં તેમણે એવી પણ ખાતરી આપી હતી કે જે પાલિકામાં શિવસેના અને ભાજપે સાથે મળીને ચૂંટણી લડી હતી તે બધી જ મહાનગરપાલિકામાં પણ મહાયુતિના જ મેયર બેસાડવામાં આવશે. જોકે, એવું જાણવા મળ્યું છે કે શિંદે સેના દ્વારા એવી માગણી કરવામાં આવી છે કે બાળ ઠાકરેની જન્મ શતાબ્દી વર્ષ હોવાથી મુંબઈનું મેયરપદ શિવસેનાને આપવામાં આવે. રાજ્યમાં પ્રવર્તી રહેલી અફવાઓને રદિયો આપતાં એકનાથ શિંદેએ કહ્યું હતું કે શિવસેના એવો કોઈ નિર્ણય લેશે નહીં જે લોકોના આદેશની વિરુદ્ધ જાય. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ-શિવસેના ગઠબંધને પાતળી બહુમતી મેળવ્યા પછી શિવસેનાના ૨૯ ચૂંટાયેલા કોર્પોરેટરોને મુંબઈની એક હોટલમાં ખસેડવામાં આવ્યા બાદ થઈ રહેલી લાંબી ચર્ચા વચ્ચે શિંદેનું આ નિવેદન આવ્યું છે. એવી અટકળો છે કે શિંદે શિવસેના માટે ઓછામાં ઓછા પહેલા અઢી વર્ષ માટે - બીએમસીના મેયરનું પદ મેળવવા માટે ઉત્સુક છે કારણ કે તે પાર્ટીના સ્થાપક સ્વર્ગસ્થ બાળ ઠાકરેનું જન્મશતાબ્દી વર્ષ છે. 'શિવસેના અને ભાજપે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી ગઠબંધનમાં લડી હતી અને તેથી મહાયુતિના ઉમેદવાર મેયર બનશે. થાણે, કલ્યાણ-ડોંબિવલી, ઉલ્હાસનગર અને અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં પણ આ જ નિર્ણય લાગુ કરવામાં આવશે જ્યાં ગઠબંધન સંયુક્ત રીતે ચૂંટણી લડ્યું હતું,' એમ શિંદેએ સોમવારે પત્રકારોને જણાવ્યું હતું. સત્તાવાર રીતે, શિવસેનાનો દાવો છે કે નવા ચૂંટાયેલા સભ્યોને દેશના સૌથી શ્રીમંત પાલિકાની કાર્યપ્રણાલીથી વાકેફ કરવા માટે ઓરિએન્ટેશન વર્કશોપ માટે હોટલમાં ખસેડવામાં આવ્યા હતા. શિંદેએ કહ્યું કે મુંબઈવાસીઓએ શિવસેના-ભાજપ જોડાણને વિશ્વાસ સાથે મત આપ્યો હતો અને તે વિશ્વાસનું સન્માન કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે મુંબઈ કે મહારાષ્ટ્રમાં અન્યત્ર નવા રાજકીય સમીકરણો રચાઈ રહ્યા હોવાના અહેવાલોમાં કોઈ સત્ય નથી અને મહાયુતિ જ્યાં પણ ગઠબંધન સાથે મળીને ચૂંટણી લડશે ત્યાં મહાયુતિના મેયરનું નેતૃત્વ મેળવશે. શિવસેનાએ એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે ભલે કોઈ એક પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નથી, પરંતુ મુંબઈમાં જનતાનો જનાદેશ શિવસેના-ભાજપ ગઠબંધનની તરફેણમાં છે.

# ફડણવીસના વિશ્વાસુ ભાજપના વિધાનસભ્ય સંદીપ જોશીએ અકળાઈને નિવૃત્તિની જાહેરાત કરી

મુંબઈ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના વિશ્વાસુ અને ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા વિધાન પરિષદના સભ્ય સંદીપ જોશીએ રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. રાજકારણ એ સામાન્ય લોકોના જીવનમાં આમૂલાગ્ર પરિવર્તન લાવવાનું એક સાધન છે, પણ સત્તા મેળવવા થઈ રહેલું પક્ષાંતર, તકવાદ અને વધી રહેલી સ્પર્ધાને કારણે નિષ્ઠાવાન લોકો અસ્વસ્થ થઈ રહ્યા છે, એમ સંદીપ જોશીએ જણાવ્યું છે.

આ પત્ર લખતા પહેલા બે વાર વિચાર કર્યો છે એ સ્પષ્ટ કરી સંદીપ જોશીએ વધુમાં જણાવ્યું હતું કે રાજકારણ હંમેશા મારા માટે પદ કે પ્રતિષ્ઠાનો નહીં, સમાજ સેવા અને નિષ્ઠાનો માર્ગ રહ્યો છે. જોકે આજકાલ ચાલી રહેલા પક્ષપલટા, તકવાદ અને સત્તા માટે ચડસાચડસી સામાન્ય મતદારો તેમજ વફાદાર કાર્યકરોને પરેશાન કરી રહી છે. એ હકીકત છે કે મર્યાદિત બેઠકો અને વધેલી અપેક્ષાઓને કારણે કોઈ અટકવા તૈયાર નથી. આજે પણ હું મારી જાતને એક સામાન્ય ભાજપ કાર્યકર માનું છું, પરંતુ અત્યારની પરિસ્થિતિ જોઈને બસ હવે બહુ થઈ ગયું એ વિચાર મનમાં દ્રઢ થઈ ગયો છે. એટલે જ આ નિર્ણય હું આ પત્રમાં વ્યક્ત કરી રહ્યો છું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે હું આજે નીતિનજી ગડકરી અને રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની માફી માગીને આ નિર્ણયની જાહેરાત કરી રહ્યો છું. વિધાન પરિષદના સભ્યપદ એટલે કે વિધાનસભ્યનો મારો કાર્યકાળ ૧૩ મેના દિવસે પૂરો થઈ રહ્યો છે. હું આ કાર્યકાળને પક્ષ દ્વારા આપવામાં આવેલી જવાબદારી ગણીને પૂર્ણ કરીશ. વિધાન સભ્ય તરીકે મારી બંધારણીય નૈતિક અને જાહેર ફરજો હું સંપૂર્ણ જવાબદારી સાથે પૂર્ણ કરીશ.

૧૩ મે પછી હું સક્રિય રાજકારણમાંથી સંપૂર્ણપણે નિવૃત્તિ લેવાનો નિર્ણય લઈ રહ્યો છું. આ નિર્ણય કોઈ ક્ષણિક લાગણી પર આધારિત નથી, પરંતુ ઊંડા ચિંતન પર આધારિત છે. હવેથી, હું મારું જીવન એક સામાન્ય સામાજિક કાર્યકર તરીકે જીવીશ અને સામાન્ય લોકોની સેવા અને કાર્ય કરવાનું ચાલુ રાખીશ.

# ઠાકરે બંધુના નગરસેવક 'નોટ-રિચેબલ'

કલ્યાણ: કલ્યાણ ડોમ્બિવલી મહાનગરપાલિકા (કેડીએમસી)ની ચૂંટણીના પરિણામો બાદ મહાયુતિમાં શિવસેના શિંદે જૂથ અને ભાજપ વચ્ચેનો વિવાદ સામે આવ્યો છે. બંને પક્ષો વચ્ચે મેયર પદ માટે ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. ૧૨૨ નગરસેવક ધરાવતી આ મહાનગરપાલિકામાં કોઈને સ્પષ્ટ બહુમતી નથી મળી. અહીં, શિવસેના શિંદે જૂથ ૫૩ બેઠકો જીતીને અગ્રણી પક્ષ બન્યો છે. ભાજપ ૫૦ બેઠક સાથે બીજા સ્થાને છે. બંને પક્ષો સ્પષ્ટ બહુમતીથી ઘણા દૂર છે. સ્વબળે સરકાર બનાવવા માટે ૬૨ના જાદુઈ આંકડા સુધી પહોંચવું જરૂરી છે. બંને પક્ષોએ કમર કસી લીધી છે. અહીં શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથના ૧૧ અને મનસેના પાંચ નગરસેવક ચૂંટાયા છે. શિંદે જૂથ કે ભાજપને મેયર બનાવવા ઠાકરે બંધુઓના ૧૬ નગરસેવકોની જરૂર પડશે. જોકે, રસપ્રદ વાત એ છે કે આ સોળે સોળ નગરસેવકોનો નથી થઈ શકતો અને એટલે રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચી ગયો છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે શિવસેના શિંદે જૂથમાંથી ઉમેદવારી ન મળવાને કારણે યુબીટી અને મનસેમાંથી ચૂંટાયેલા છ થી સાત નવા નિયુક્ત નગરસેવકોને મનાવી સરકાર બનાવવાનો પ્રયાસ શિંદે જૂથ કરી રહ્યું છે. આ દરમિયાન, મનસેના બે નગરસેવક ઠાકરે જૂથના પ્રતીક પર ચૂંટણી લડ્યા છે.

# 'એ મરાઠી વ્યક્તિ બહુ જલદી વડા પ્રધાન બની જશે'

## સંજય રાઉતે ઉડાવી ફડણવીસની ઠેકડી

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં હોટેલ પોલિટિક્સ અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની દાવોસ મુલાકાત મુદ્દે શિવસેના ઠાકરે જૂથના નેતા સંજય રાઉતે શાસક પક્ષ પર જોરદાર શાબ્દિક હુમલો કર્યો છે. ભાજપના નગરસેવકોને હવે ફાઇવ સ્ટાર હોટલમાં શિફ્ટ કરવા પડી રહ્યા છે ત્યારે સરકાર કોનાથી ડરે છે એવો સવાલ સંજય રાઉતે કર્યો છે. આ વાત કરી સંજય રાઉતે દેવેન્દ્ર ફડણવીસના વડા પ્રધાન પદના સંભવિત દાવા પર ટીખળ કરી છે. સંજય રાઉતે વધુમાં જણાવ્યું હતું કે 'રાજ્યમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ અને રાજકીય સમીકરણો બદલાઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં ઘણા નગરસેવકોને સલામત સ્થળે ખસેડવાની વાતો થઈ રહી છે. અમે હજુ સુધી કોઈ ભૂમિકા સ્પષ્ટ કરી નથી, અત્યારે તો જે થઈ રહ્યું છે એની મજા લઈ રહ્યા છીએ. જેમની પાસે સત્તા છે, જે પોતાને શક્તિશાળી માને છે, તેમને જ પોતાના નગરસેવકો સાચવી રાખવા હોટલોમાં આશરો લેવો પડી રહ્યો છે. હાલમાં મહારાષ્ટ્રમાં ભયનું વાતાવરણ કોણે ઉભું કર્યું છે એ આના પરથી સ્પષ્ટ થાય છે.મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ હાલમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમ માટે દાવોસ (સ્વિટ્ઝર્લેન્ડ) માં છે.

# હિન્દુ મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોટી કુંકાવાવ નિવાસી હાલ મલાડ સ્વ. વૈકુંઠલાલ કેશવલાલ કામદારના ધર્મપત્ની મંગળા ગૌરી (ઉં. વ. ૯૬) તા. ૧૬-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. કમલેશભાઇ સ્વ. આશાબેન વિજયભાઇ શાહ, પન્નાબેન અનિલભાઇ ગોડાના માતુશ્રી. સુધાબેનના સાસુમા. કોમલ દર્શન દોશી, હીરુપ શ્રેણીક મડીયા સંકેત કામદારના દાદી. સ્વ. અમૃતલાલ કામદારના ભાભી. પીયર પક્ષે બાબરા નિવાસી સ્વ. ઝવેરચંદ હીરાચંદ મોદીના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

પાળિયાદ નિવાસી હાલ મુલુંડ સ્વ. રમેશભાઇ હિંમતલાલ બારભાયાના ધર્મપત્ની અરુણાબેન (ઉં. વ. ૭૫) તે બાબુલાલ ઓઘડદાસ વસાણીની દીકરી તા. ૧૮-૧-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે નીશીત તથા સ્વ. કોમલ નિલેશકુમાર ગાંધીના મમ્મી તથા ખ્યાતિના સાસુ. તથા દિનેશભાઇ તથા ભરતભાઇના ભાભી. સીમાબેન તથા બીનાબેનના જેઠાણી. કુશલ તથા ક્રિશાના નાની. તથા દિયાનના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. રૂનવાલ ગ્રીન, મુલુંડ ગોરેગાંવ લીંક રોડ, નાહુર (વેસ્ટ).

**ઝાલાવાડી સ્થાનકવાસી વિશા શ્રીમાળી જૈન**

ખાંભા નિવાસી હાલ સાયન મુંબઇ રોહનભાઇ ભૂષણભાઇ શેઠના ધર્મપત્ની અ. સૌ. મિતલ (ઉં.વ.૪૬) રવિવાર, તા. ૧૮-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પિયર પક્ષે સ્વ. સરોજબેન વસંતલાલ દોશીની સુપુત્રી. મોના પ્રતિકભાઇ શેઠની બહેન. ભૂપેનભાઇ, દિગંતભાઇ પ્રીતમભાઇ દોશીની બહેન. તથા સમીરભાઇ વિજયભાઇ કામદારની બહેન. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૦-૧-૨૬ના ૫થી ૬.૩૦. ઠે. બ્યુમોન્ટે ટાવર એ, મલ્ટી પરપોઝ હોલ, લેવલ પી-૫, સાયન સર્કલ, સાયન મુંબઇ-૨૨,.

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

ખીલોસ જામનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ.પદમશી પુરુષોતમ ઠક્કરના સુપુત્ર સૂર્યકાંત પદમશી ઠક્કર (ઉં.વ.૯૦) શુક્રવાર ૧૬ જાન્યુઆરી ૨૬ના અરિહંતશરણ પામેલ છે. અ. સૌ. મંજુલાબેનના પતિ. નિલેશ, મનીષ, ભાવના, સંગીતાના પિતાશ્રી. સ્મિતા, ગીતાંજલી, પંકજ પારેખ, જતીન દોશીના સસરા. તે તેજસ, કૃણાલ, ફોરમ, ગુંજન, પાયલ, કેયુરના દાદા. તે હિંમતલાલ સવજી શાહના જમાઇ. ઠે. રબી, ગેલ્ડા જયોત, ૧૨ રાઇફલ રેન્જ રોડ, ઘાટકોપર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ મુંબઇ અ. સૌ. મીનલબેન મુકેશભાઇ દેસાઇ (ઉં. વ. ૬૭) સ્વ. મંગળાબેન અને સ્વ. જુગલદાસભાઇ દેસાઇના પુત્રવધૂ. પ્રેમિલાબેન અને સ્વ.અરવિંદભાઇ શેઠના સુપુત્રી તા. ૧૭-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે.તે મુકેશભાઇ દેસાઇના ધર્મપત્ની. કુમાશ, શ્રુજલના માતુશ્રી. સ્વ. જયોતિબેન અને નરેન્દ્રભાઇ ઝવેરી, સ્વ. જયંતભાઇ અને રોહિણીબેન દેસાઇ, રશ્મિબેન અને સ્વ. વિરેનભાઇ દેસાઇ, જયશ્રીબેન અને જગતભાઇ ગાંધીના ભાભી. રૂપલબેન પિયૂષભાઇ અવલાણી, સોનલબેન અમિતભાઇ શાહના બેન. ચક્ષુ અને ત્વચા દાન કરેલ છે. લૌકિક વ્યવહારની પ્રથા બંધ રાખેલ છે.

**લાડ વણીક**

વડોદરા નિવાસી હાલ વસઈ, સ્વ. જયંતીલાલ ચંદુલાલ શાહ (ઉં. વ. ૯૯) ૧૮/૦૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. દિલીપભાઈ અને સનત અને નિલેષના પિતાશ્રી. વર્ષા, વિભા, ભક્તિના સસરા. ચિરાગ, નિકિતા, ચિંતન, દર્શિતા, પ્રિયંકાના દાદા. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨૦-૧-૨૬ના રોજ ૪ થી ૬. એડ્રેસ: કે.ટી.વાડી, ૬૦ ફીટ રોડ, કે.ટી. વિલેજ, વસઈ વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ ગામ અગતરાય હાલ મલાડ, રાજેન્દ્ર હરિલાલ જોગી (ઉં. વ. ૬૯) તા. ૧૬.૧.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે બીજલબેનના પતિ. પરાગ, સ્વ. કેતનના પિતાશ્રી. મનીષાના સસરા. તરુણભાઈ (બટુક) કૌશિકભાઈ અને અનિલા (મુન્નીબેન) ભુપતરાય સેતાના ભાઈ. નવીનચંદ્ર મંગળદાસ ચુડગરના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૦.૧.૨૬ને મંગળવારના ૪ થી ૬. સ્થળ: કાંદીવલી હલાઈ લોહાણા મિત્ર મંડળ ટ્રસ્ટ, એસ.વી રોડ નિયર શંકરમંદિર, કાંદીવલી વેસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

તળાજા નિવાસી, હાલ અંધેરી, સ્વ. રમણીકલાલ વ્રજલાલ મહેતાના પત્ની ગં.સ્વ. કુંદનબેન (ઉં. વ. ૧૦૪) તે સ્વ. નિર્મળાબેન હરિલાલ શાહના દિકરી. સ્વ. ઇન્દ્રવદનભાઈ, દિલીપભાઈ, સ્વ. અશોકભાઈ, સ્વ. પૂર્ણિમાબેન પ્રદ્યુમનભાઈ વળિયા, સ્વ. પલ્લવીબેન લલિતભાઈ પટેલના માતા. રેખાબેન, આશાબેન, નયનાબેનના સાસુ. અર્ચના- નિમેષ, વૈશાલી- અમિત, શિલ્પા- મિતેષ, વિરલ- કેયુર, કૃપાલી- ચિરાગના દાદી. પાર્થ, ક્રિશા, ઋશીલ, આરવ, રિયાંસના પરદાદી રવિવાર તા. ૧૮.૦૧.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

નોઘણવદરવાળા, હાલ રાજકોટ, સ્વ. કંચનબેન ભગવાનદાસ મહેતાના પુત્ર નવનીતરાય (ઉં. વ. ૮૩) તા. ૧૭.૧.૨૬ના રાજકોટ શ્રીજીશરણ પામ્યા છે. તે સ્વ. કોકિલાબેનના પતિ. અલ્પા વિજયકુમાર શેઠ. સમીર, હેતલ, દિપ્તી અમિતકુમાર ચિતળીયા, મયુર, પલવી કુંતલ શેઠના પિતાશ્રી. સ્વ. મહેન્દ્રભાઈ, રમેશચંદ્ર. સ્વ. ચંદ્રકાંત, ભરતના ભાઈ. અમરેલીવાળા સ્વ. નાગરદાસભાઈ જગજીવનદાસ મેહતાના જમાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ બ્રહ્મપુરી, હાલ વાલકેશ્વર નિવાસી કિશોરભાઈ જટાશંકર મહેતા (ઉં. વ. ૮૧) તા. ૧૯/૦૧/૨૬ને સોમવારના અક્ષરધામ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. વિનોદભાઈ, કીરીટભાઇ અને બીરજુ નારાયણદાસ મહેતાના ભાઈ. મહેશ્વરીબેન અને દીપિકાબેન અને કિરણબેનના જેઠ. ધાગંધ્રા નિવાસી સ્વ. મનહરલાલ દેવશંકર દવેના જમાઈ. સૂધીરભાઈ, અશોકભાઈ, દીપકભાઈ દવે અને હીનાબેન હિતેશભાઈ મહેતાના બનેવી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

# પારસી મરણ

હિલૂ હોમી ખાંડવાલા (ઉં. વ. ૯૩) તા. ૧૯-૧-૨૬ના ગુજરી ગયાં છે. તે મરહૂમ હોમી ખાંડવાલાના પત્ની. તે મરહૂમ બમનશા અને ફ્રેની માદનનાં દીકરી. તે મરહૂમ અદી માદન, મરહૂમ સોમી માદન, મરહૂમ દિના માદનના બહેન. ઉઠમણું તા. ૨૦-૧-૨૦૨૬ના ઠે.એડી હાઉસ, ૩. ડૉ. દેશમુખ રોડ, ૩ પેડર રોડ, મુંબઇ-૨૬.

બાનુ દાદીબા સંજાણા (ઉં. વ. ૮૩) તા. ૧૮-૧-૨૦૨૬એ ગુજરી ગયા છે. તે મરહૂમ દાદીબા મીનોચેર સંજાણાના વાઇફ. મરહૂમ અરદેશીર કેકશરુ રબાડી અને મરહૂમ ખોર્શેદ અરદેશીર રબાડીના દીકરી. શિરીન મીનુ સુખીઆ, બેનૈફર ફરશોસ્ત્ર મહેરજીના માતા. મીનોચેર અને નરગિશ સંજાણાના વહુ. મીનુ જીમી સુખીઆ, ફરશોસ્ત્ર દારા મહેરજીના સાસુ. ઉઠમણું તા. ૨૦-૧-૨૦૨૬એ.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ મુલુંડ ઇલાબેન કૈલેશભાઇ શેઠ (ઉં. વ. ૬૩) તા. ૧૯-૧-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ઉર્મિલાબેન હર્ષદરાય ઉમેચંદ શેઠના પુત્ર. કૈલેશભાઇની ધર્મપત્ની. સમૃદ્ધિ ધ્રુવિન દેસાઇના માતુશ્રી. કિર્તિભાઇ તથા અક્ષયભાઇના ભાભી. સ્વ. મિતાબેન ઇશ્વરકુમાર શાહ (આકોલા) તથા વસુંધરાબેન અજિતકુમાર શાહ (મુલુંડ)ના ભાભી. પિયર પક્ષે સ્વ. નવલચંદ બાવચંદ શાહ (દાઠાવાળા) હાલ ભાવનગરની પુત્રી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાતી વિશાશ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ બોરીવલી, કલ્પનાબેન વિનોદકુમાર શાહ (ઉં. વ. ૭૨) તા. ૧૮/૦૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે વિનોદકુમાર હીરાલાલ શાહના પત્ની. સ્વ. ચિરાગ તથા જયશ્રીબેનના મમ્મી. રાજવીરના નાની. સ્વ. દિનેશભાઇ, સ્વ. મુકેશભાઈ, કીર્તિભાઇ અને સ્વ. ચંદ્રિકાબેનના ભાભી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન**

મૂળી નિવાસી હાલ બોરીવલી, રતનબેન કાંતીલાલ કોઠારીના સુપુત્ર હસમુખભાઈ કાંતીલાલ કોઠારી (ઉં. વ. ૮૪) તા. ૧૭.૧.૨૬ના શનિવાર અરિહંતશરણ પામ્યા છે. તે જયોત્સ્નાબેનના પતિ. ચિ. ગૌતમ તથા બીનનાં પપ્પા. અ.સૌ. અવની તથા વિજયકુમારના સસરા. સ્વ. અનુભાઈ, પ્રવિણભાઇ, કુશુમબેન તથા રેખાબેનનાં ભાઈ. સ્વ. દુર્લભજીભાઈ ધનજીભાઈના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

વરતેજ નિવાસી હાલ મોરબી, સ્વ. ગુલાબચંદ ઝવેરચંદ જસાણીના પુત્ર સ્વ. શાંતિલાલના ધર્મપત્ની જયાબેન (ઉં. વ. ૮૩) તા. ૧૮/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મિલન, નિતીન, સ્વ. અભય, નીતા રાજેશ કુમારના માતૃશ્રી. સ્વ. ચુનીલાલ સ્વ. કેશવલાલ સ્વ. ભુપતરાયના ભાઈના ધર્મપત્ની. સ્વ. ફતેચંદભાઈ, ચંદ્રકાંતભાઈ સ્વ. કમળાબેન હિંમતલાલ સંઘવી (વલભીપુર) સ્વ. મધુબેન ફુલચંદ શાહ (ઢુઠસર )ના ભાભી. પિયરપક્ષે પાલીતાણાવાળા સ્વ. નાગરદાસ હઠીચંદ ગાંધીની દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ગામ મોટી પાનેલીહાલ મીરા રોડ, નવીનચંદ્ર ગુલાબચંદ શાહ (ઉં. વ. ૭૮) તા. ૧૭-૧-૨૬ને શનિવાર અરિહંતશરણ પામેલ છે. તે ગુલાબચંદ શાહના સુપુત્ર. મુળજીભાઈ પરસોતમ સંઘવીના જમાઈ. સ્વ. ચંદ્રિકાબેનનના પતિ. જયશ્રી કમલેશ શાહ, દર્શના ભાવિન મોદી, ટ્વિંકલ રોહિત ગાંધી, સ્વ. વિકાસ શાહના પિતાશ્રી, દીપ, વિકાસ, જેસિકાના દાદાજી.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેશલપુર કંઠીના શામજી રામજી વીરા (ઉં. વ. ૮૫) તા. ૧૭-૧-૨૬ના અરિહંત શરણ પામેલ છે. જેઠીબાઇ રામજી વિજપાર વીરાના સુપુત્ર. વિમળાના જીવનસાથી. કલ્પના, જયેશના પિતાશ્રી. વસનજી, તલકશી, નાનજી, ગંગાબાઇ, કસ્તુરબેન, ચંદ્રાવતી, નિર્મળાના ભાઇ. મુંદ્રા ભાણબાઇ ભાણજી જીવરાજના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જયેશ વીરા, સાંઇનાથ, સુરેન્દ્ર નિવાસ, આર.એચ.બી. રોડ, મુલુંડ, મુંબઇ-૮૦.

નાંગલપુરના મંજુલા ધીરજલાલ દેઢીયા (ઉં. વ. ૬૫) ૧૭-૧-૨૬નાં અવસાન પામેલ છે. રતનબેન કોરશી નથુના પુત્રવધુ. મઠાંબેન વસનજીના પુત્રી. ખારૂઆના કુસુમ અરવિંદ, રામાણીયા જયશ્રી વિનયના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધીરજ કોરશી, એ-૨, વિસામો, નવનીતનગર, દેશલેપાડા, ડોંબીવલી (ઇ.)

મોટા લાયજાના શ્રી વીરજી દેવજી રાંભીયા (ઉં. વ. ૯૨) તા. ૧૮-૧-૨૬ ના અરિહંત શરણ પામેલ છે. મોંઘીબાઈ દેવજી ના સુપુત્ર. મીઠીબાઈના પતિ. અશોક, સુરેશ, પ્રફુલ્લાના પિતા. મુલચંદ, શામજી, કલ્યાણજીના ભાઇ. મોટા લાયજાના ગંગાબાઈ ગાંગજી છેડાના જમાઈ. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની શ્રી નારાણજી શામજી વાડીમાં ૪ થી ૫.૩૦.

વડાલાના જસવંતીબેન રસિકભાઈ નિસર (ઉં. વ. ૫૯) તા.૧૫-૦૧-૨૬ના અવસાન પામેલ છે. મણીબેન પ્રેમજીના પુત્રવધુ. રસિકના પત્ની. ઉમંગ, જયના માતા. અમૃતબેન ડુંગરશીના પુત્રી. ચંદ્રકાંત, રાજેશ, નીલમના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રસિક નિસર, ૨૩, વિજય પાર્ક સોસાયટી, કૃષ્ણનગર, અમદાવાદ-૩૮૨૩૪૫.

વડાલાના ભાણબાઈ વેલજી રામજી વોરા (ઉં.વ. ૮૮) તા. ૧૭-૧-૨૬ ના અવસાન પામેલ છે. હાંસબાઈ રામજી ખેરાજના પુત્રવધુ. મુલચંદ, સુનિલ, ભારતી, રસીલા, જ્યોતિના માતા. રતાડીયા ગણેશ ખીમઈબેન લાલજી મોણશી છેડાના પુત્રી. ધરમશી, નવીન, લક્ષ્મીચંદ, હસમુખના બેન. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૨ થી ૩.૩૦.

મોટા આસંબીયાના મેઘજી ખેરાજ ગડા (ઉં.વ. ૯૬) તા. ૧૭-૧-૨૬ના અવસાન પામ્યા છે. દેવકાબાઈ ખેરાજ ગંગુના સુપુત્ર. લક્ષ્મીબેનના પતિ. નાની તુંબડીના સુંદરબેન મેઘજી પદમશી સાવલાના જમાઈ. ધીરેન, યોગેશ, જયેશ, જયશ્રી, હેમલતા (કુમુદ)ના પિતાશ્રી. દેવજી, ઘેલાભાઈ, ભવાનજી, વાંઢ કુંવરબાઈ દામજી રામજીના ભાઈ. પ્રા : શ્રી માટુંગા ક.શ્વે. મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૩ થી ૪.૩૦).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# તન-મન-ધનથી રહો તરોતાજા




## આપણે ટૅક્સ ન ભરીએ તો એને કાળું નાણું કહેવાય- આપણે ભગવાનનો ભાગ ન આપીએ તો...?

શાંતિલાલ સવારથી ચિંતામાં છે. અદાલતમાં એમના પર ચાલી રહેલા કરચોરીના કેસની આજે સુનાવણી થવાની છે. તેઓ સ્ટેનલેસ સ્ટીલ અને અન્ય ધાતુના સફળ વેપારી છે. ઈન્કમ-ટૅક્સ કમિશનરની ઑફિસના અધિકારીઓનું કહેવું છે કે શાંતિલાલે બહુ મોટી રકમની કરચોરી કરી છે.

ગઈ રાતે એમને એક સપનું આવેલું. સપનામાં શાંતિલાલ ભગવાનને વિનવણી કરી રહ્યા હતા...

શાંતિલાલ: 'હે ભગવાન, મને બચાવી લે. ઈન્કમ-ટૅક્સવાળાઓ તોતિંગ રકમનો ટૅક્સ ભરવાની માગણી કરે છે. વ્યાજ અને દંડ અલગ. એટલું જ નહીં, સરકારને મારી વિરુદ્ધ કાયદેસર કામ ચલાવવા પણ કહ્યું છે. જો આમ થશે તો મારી આબરૂ ધૂળધાણી થઈ જશે...'

ભગવાન: 'તેં આના વિશે પહેલાં કેમ ન વિચાર્યું?'

શાંતિલાલ: 'મેં તો બધી ગોઠવણી કરી રાખેલી. હિસાબના ચોપડાઓમાં ઍકાઉન્ટન્ટ્સ પાસે બરાબર ઘાલમેલ કરાવી હતી. ઈન્કમ ટૅક્સના અધિકારીઓને પૈસા પણ ખવડાવ્યા હતા.'

ભગવાન: 'તો પછી ક્યાં ગડબડ થઈ?'

શાંતિલાલ: 'અરે મારો ઍકાઉન્ટન્ટ કાળાં નાણાંનો રેકર્ડ સગેવગે કરવાનું જ ભૂલી ગયો. એમાં આ ઉપાધિ થઈ.'

ભગવાન: 'કાળું નાણું એટલે? મેં તો ક્યારેય કાળા રંગના પૈસા જોયા નથી.'

શાંતિલાલ: 'ના ના, આ તો કોડવર્ડ છે. જે આવક સરકાર સામે જાહેર કરવામાં ન આવે એને કાળું નાણું કહેવાય.'

ભગવાન: 'ઓહો, હવે સમજ્યો, પણ મારો એક સવાલ છે.'

શાંતિલાલ: 'શું ભગવાન?'

ભગવાન: 'તેં મને મારો ભાગ તો આપ્યો જ નથી. એના માટે શું કોડવર્ડ રાખ્યો છે?'

શાંતિલાલ: 'આ તમે શું કહો છો, ભગવાન? મેં તો તમને નિયમિતપણે તમારો હિસ્સો આપ્યો છે. મેં કેટલા બધા રૂપિયા દાનમાં આપ્યા છે એ તો જુઓ. સ્કૂલો, હૉસ્પિટલો, મંદિરો... મેં છૂટા હાથે દાન કર્યાં છે. અરે, આ બધી જગ્યાએ મારાં નામની તકતીઓ પણ મુકાવી છે.'

ભગવાન: 'એ જ તો હું કહું છું. તકતીઓ પર તારું નામ છે. મારું નામ ક્યાં છે? જો તેં મારા વતી દાન કર્યાં હોય તો મારું નામ હોવું જોઈએને?'

શાંતિલાલ: 'અચ્છા, એટલે તમે કહો છો કે બધે તમારું નામ હોવું જોઈએ. મને ખબર નહીં કે તમને પણ નામનો આટલો મોહ હશે. ઠીક છે. એક કામ કરો. મને આ કોર્ટ કેસના બખેડામાંથી હેમખેમ બહાર કાઢો. હું તમારા નામે મસમોટાં દાન કરીશ, એટલું જ નહીં, તમને પાંચસો ગ્રામ સોનું પણ ચડાવીશ. બસ?'

ભગવાન: 'તારે મારા પર ભરોસો મૂકવો પડશે.'

શાંતિલાલ: 'મને તમારા પર પૂરો ભરોસો છે.'

ભગવાન: 'તો પહેલાં મારા નામ મોટી રકમનું દાન કર... અને હા, એમાં ક્યાંય તારો ઉલ્લેખ ન થવો જોઈએ. આ ઉપરાંત મને ૫૦૦ ગ્રામ સોનું પણ ચડાવ. આ બેય કામ થઈ જાય પછી હું તારું કામ કરી આપીશ.'

શાંતિલાલ: 'ઓહ, એટલે તમને ઍડવાન્સ જોઈએ છે, એમને? તમારે પણ મારા પર ભરોસો મૂકવો પડશે.'

ભગવાન: 'મેં તો તારા પર પહેલેથી ભરોસો મૂક્યો છે. તને ધનદોલત આપી, પણ તેં દાનધર્માદા તારા નામે કર્યાં. આ વખતે મારા પર વિશ્વાસ મૂક્યા વગર તારો છૂટકો નથી. ચાલ, લાવ મારું ઍડવાન્સ.'

બરાબર એ જ વખતે શાંતિલાલની પત્નીએ એમને ઊંઘમાંથી જગાડ્યા. સપનું અધૂરું રહી ગયું.

આપણું અસ્તિત્વ ઈશ્વરને કારણે છે. આપણી પાસે જે કંઈ છે તે સઘળું ઈશ્વરે જ આપેલું છે. તેથી આપણે સામો બદલો ચૂકવવો પડે. તે પણ કૃતજ્ઞતાના ભાવ સાથે. દાનધર્માદા સાથે આપણું નામ ન જોડીએ. અલબત્ત, હિસાબ-કિતાબ માટે અને ઈન્કમ-ટૅક્સની જરૂરિયાત પ્રમાણે આપ-લેની નોંધ જરૂર કરવી પડશે. ઔપચારિકતા ખાતર આ બધું કરવું પડે તે સમજી શકાય એવું છે, પણ મુદ્દો એ છે કે સમાજમાં પોતાનું નામ થાય તે માટે કે પોતાને બદલામાં કશુંક મળે તેવી અપેક્ષા સાથે દાન કરવાથી ઈશ્વર ખુશ થતો નથી. ભગવાન તો ક્યારેય આપણને ધનદોલત આપતી વખતે ઉપર પોતાનું નામ કોતરાવતો નથી. અરે, પૈસા આવે ત્યારે ભગવાનને યાદ સુદ્ધાં ન કરીએ તો પણ એ આપણને આપતો જ રહે છે. કલ્પના કરો કે ઈશ્વર આપણને કંઈ પણ આપતાં પહેલાં તે વસ્તુ પર પોતાનું નામ કોતરાવતો હોત તો? ક્યારેક મને લાગે છે કે ભગવાને ખરેખર આ પ્રમાણે કરવું જોઈએ. એમનું નામ અત્ર તત્ર સર્વત્ર દૃશ્યમાન હોવું જોઈએ. કમસે કમ આ રીતે આપણે એમને યાદ તો કરત. સંપત્તિની ભૂખ રાખીશું તો ભિખારી બનીશું,

**યોગિક વેલ્થ**

।। યોગિક વેલ્થ: કામ અને જીવન વચ્ચે સંતુલન લાવવા માટે દિવસના ૮ કલાક કામ પાછળ ગાળો, ૮ કલાક નિદ્રા, આરામ અને પોતાની જાતની સંભાળ લેવા પાછળ ગાળો તથા બાકીના ૮ કલાક પરિવારસાથે ગાળો. ।। ■

---

**ફાઈનાન્સના ફંડા**

**મિતાલી મહેતા**




## રૂલ ઓફ ૭૦: મોંઘવારી સામે સંપત્તિની સુરક્ષા

આ અગાઉના લેખોમાં આપણે રૂલ ઓફ ૭૨, રૂલ ઓફ ૧૧૪ અને રૂલ ઓફ ૧૪૪ જેવા સરળ ગણિતના નિયમો વિશે વાત કરી હતી, જે આપણને ચક્રવૃદ્ધિ દ્વારા પૈસા બમણા, ત્રિગુણા કે ચાર ગણા થવામાં કેટલો સમય લાગે તે સમજવામાં મદદ કરે છે. આ નિયમો એટલા માટે અસરકારક છે કે તે ટકાવારીને સમયમાં ફેરવી દે છે અને રોકાણને સમજવું સરળ બનાવે છે.

જોકે અહીં એક વધુ એટલો જ મહત્ત્વનો પ્રશ્ન ઊભો થાય છે. ખાસ કરીને નિવૃત્તિની નજીક આવેલા લોકો માટે 'જો હેતુ પૈસા ઝડપથી વધારવાનો નહીં, પરંતુ તેની કિંમત જાળવી રાખવાનો હોય તો?'

આ પ્રશ્ન આપણને એક ઓછો ચર્ચાતો, પરંતુ અત્યંત મહત્ત્વનો નિયમ સમજાવે છે રૂલ ઓફ ૭૦.

### રૂલ ઓફ ૭૦ શું છે?

રૂલ ઓફ ૭૦ આપણને અંદાજ આપે છે કે મોંઘવારીના કારણે પૈસાની ખરીદ શક્તિ અડધી થવામાં કેટલો સમય લાગશે.

તેનું ગણિત સરળ છે.

મોંઘવારીના દરથી ૭૦ ને ભાગો, તો અંદાજે કેટલા વર્ષમાં પૈસાની કિંમત અડધી થશે તે જાણી શકાય.

ઉદાહરણ તરીકે:

- ૬% મોંઘવારી → ૭૦ ૬ ÷ = ૧૨ વર્ષ
- ૫% → ૭૦ ÷ ૫ = ૧૪ વર્ષ
- ૪% → ૭૦ ÷ ૪ = ૮ વર્ષ

રૂલ ઓફ ૭૦ એક અંદાજ છે, પરંતુ લાંબા ગાળાની નાણાકીય યોજના માટે પૂરતો ચોક્કસ છે.

### આ નિયમ પર ધ્યાન કેમ આપવું જોઈએ?

ઘણા રોકાણકારો માત્ર રિટર્ન પર ધ્યાન કેન્દ્રિત કરે છે, પરંતુ સાચું મહત્ત્વ વાસ્તવિક રિટર્નનું છે. મોંઘવારી બાદ જે બચી રહે તે.

મોંઘવારી ધીમે અને શાંતિથી કામ કરે છે, પરંતુ લાંબા સમયગાળે તે ખરીદ શક્તિને સતત ખોખલી કરતી જાય છે. આજે જે પૂરતું લાગે છે, તે આવતીકાલે અપૂરતું લાગી શકે છે ખર્ચ બદલાયા વિના પણ.

આ બધા વચ્ચે રૂલ ઓફ ૭૦ આ અદૃશ્ય ક્ષયને સ્પષ્ટ કરે છે અને આપણને એક અસહજ સત્ય સામે ઊભા કરે છે: સાધારણ મોંઘવારી પણ એક કાર્યજીવન દરમ્યાન પૈસાની ખરીદ શક્તિ અડધી કરી શકે છે.

### દૃષ્ટિકોણમાં બદલાવ

- રૂલ ઓફ ૭૨, ૧૧૪ અને ૧૪૪ બધા વૃદ્ધિ વિશે છે.
- રૂલ ઓફ ૧૪૪ સંરક્ષણ વિશે છે.

નિવૃત્તિની નજીક અથવા નિવૃત્તિ પછી, આ દૃષ્ટિકોણ અત્યંત મહત્ત્વનો બની જાય છે. આવક ધીમી પડે કે બંધ થાય ત્યારે સંપત્તિ વધારવા જેટલું જ મહત્ત્વ તેનું રક્ષણ કરવાનું બની જાય છે.

ઉદાહરણ: જો રોકાણ ૬% વધે, પરંતુ મોંઘવારી પણ ૬% હોય, તો હકીકતમાં સંપત્તિ વધતી નથી તે માત્ર ખરીદ શક્તિ જાળવી રાખે છે. મોંઘવારીને પાછળ ન છોડતી સંપત્તિ ધીમે ધીમે નબળી પડે છે. જ્યારે ચક્રવૃદ્ધિ બધી દિશામાં કામ કરે છે. ચક્રવૃદ્ધિ તટસ્થ છે. તે વૃદ્ધિને પણ મજબૂત બનાવે છે અને ક્ષયને પણ.

રૂલ ઓફ ૭૦ આ સમતોલતાને દર્શાવે છે. તે યાદ અપાવે છે કે મોંઘવારીને અવગણવી નાની ભૂલ નથી. લાંબા ગાળાનું જોખમ છે.

લાંબા ગાળાની નાણાકીય યોજના માત્ર નિશ્ચિત રિટર્ન અથવા આંકડાઓ પર આધારિત ન હોવી જોઈએ. સમય સાથે ખરીદ શક્તિ જ સાચું માપદંડ છે.

### નિષ્કર્ષાત્મક વિચાર

રૂલ ઓફ ૭૦ ડર પેદા કરવા માટે નથી, પરંતુ સ્પષ્ટતા માટે છે.

તે આપણને પૂછવા પ્રેરે છે:

- શું મારા રોકાણ મોંઘવારી કરતાં ઝડપથી વધી રહ્યા છે?
- મારી સંપત્તિ માત્ર સુરક્ષિત છે કે ખરેખર સંરક્ષિત?
- શું હું ભવિષ્યની ખરીદ શક્તિ માટે યોજના બનાવી રહ્યો છું?

ઝડપી નફા પાછળ દોડતી દુનિયામાં, રૂલ ઓફ ૭૦ એક શાંત, પરંતુ પ્રભાવશાળી સત્ય તરફ ધ્યાન દોરે છે. એવું સત્ય જે સતત, ધીમે અને અવિરત રીતે કાર્ય કરે છે.

અંતે, સફળ રોકાણ તે નથી જે સૌથી વધુ રિટર્ન આપે, પરંતુ તે છે જે સમય અને મોંઘવારીને પહોંચી વળીને ભવિષ્યની ખરીદ શક્તિ સાચવી શકે, કારણ કે અંતે સંપત્તિ માત્ર એટલી નથી કે તમારી પાસે કેટલા પૈસા છે, પરંતુ એ છે કે આવતાં વર્ષોમાં એ પૈસા તમારા માટે શું કરી શકે છે. ■

---

feedback@bombaysamachar.com

**આરોગ્ય એક્સપ્રેસ**

**રાજેશ યાજ્ઞિક**

## વિરુદ્ધ આહાર...આરોગ્ય માટે છે રેડ એલર્ટ



આપણે સહુ જાણીએ જ છીએ કે દરેક જીવિત પ્રાણી માટે આહાર અતિ આવશ્યક છે. આયુર્વેદ કહે છે કે આરોગ્ય અને વ્યાધિ બંને માટે જવાબદાર છે આપણો આહાર... બીજા શબ્દોમાં કહીએ તો યોગ્ય આહારથી જેમ આપણું આરોગ્ય સુધરે છે, તેવી રીતે અયોગ્ય આહારથી વ્યાધિ પણ ઉત્પન્ન થઇ શકે છે.

વિધિ (આહાર પદ્ધતિ) અનુસાર જો હિત આહાર (સુસંગત આહાર) લેવામાં આવે તો તે બળ (શક્તિનો વધારો), વર્ણ (રંગ) અને ઇન્દ્રિયપ્રસાદ (ઇન્દ્રિયોનું પોષણ) પ્રદાન કરે છે. જો ખોરાક અષ્ટ આહાર વિધિ (વિશેષતા) અનુસાર તૈયાર ન કરવામાં આવે તો તે શરીરને કોઈ ફાયદો કરતું નથી.

આચાર્ય વાગ્ભટ્ટે 'અષ્ટાંગ સંગ્રહ' ગ્રંથમાં વિરુદ્ધ અહાર (અસંગત ખોરાક)નું વર્ણન કર્યું છે, જે પદાર્થોનું સેવન કરવાથી દોષો વધે છે, પણ શરીરમાંથી બહાર નીકળતા નથી અને રસ વગેરે ધાતુઓ (શરીરની પેશીઓ)માં અસામાન્યતાઓ ઉત્પન્ન થાય છે સાથે વિવિધ રોગોને જન્મ આપે છે. આવા ખોરાકને વિરુદ્ધ આહાર (અસંગત આહાર) કહેવામાં આવે છે.

આયુર્વેદિક ગ્રંથોમાં વિરુદ્ધ આહારના વિવિધ પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. આચાર્ય સુશ્રુતે સુત્રસ્થાનના ૨૦મા અધ્યાયમાં વિરુદ્ધ અહારનું વર્ણન કર્યું છે. આયુર્વેદમાં આચાર્ય ચરકે પણ કહ્યું છે કે, આહાર એ વ્યક્તિનું જીવન છે, પરંતુ જ્યારે તે યુક્તિ (યોગ્ય આયોજન) સાથે લેવામાં આવે તો... યુક્તિ સાથે લેવામાં આવે તો આહાર રસાયણ (કાયાકલ્પ) જેવું અસરકારક બને છે, પરંતુ યુક્તિ વિના, તે વિષ (ઝેર) જેવું બની શકે છે.

આપણે કહીએ છીએ કે 'જેવું અન્ન તેવું મન' આયુર્વેદે ખોરાકને તેના મૂળભૂત ગુણોના આધારે ત્રણ પ્રકારમાં વર્ગીકૃત કર્યો છે : સાત્વિક - રાજસિક અને તામસિક... સાત્વિક આહાર મન અને આત્મા માટે ઉર્જાના સ્તરને સમૃદ્ધ અને ઉન્નત બનાવે છે, જ્યારે રાજસિક આહાર માણસને ભૌતિકવાદી અને સ્વાર્થી જીવનશૈલી તરફ ઉશ્કેરે છે. તામસિક આહાર એક એવો આહાર છે જે વ્યક્તિને દુષ્ટતા તરફ દોરી જાય છે.

આચાર્ય ચરકે ૧૮ પ્રકારના વિરુદ્ધ આહારનું વર્ણન કર્યું છે.

૧) દેશ વિરુદ્ધ - વ્યક્તિ જે સ્થળે રહેતો હોય ત્યાંની આબોહવાને અનુરૂપ સ્થાનિક ભોજન ન લેતા તેનાથી વિપરીત આહાર લેવો.

૨) કાળ વિરુદ્ધ - સમય કે ઋતુ અનુસાર આહાર ન લેતા, વિપરીત આહાર, જેમકે ઉનાળામાં અત્યંત તીખું ભોજન, ઠંડીમાં વધારે ગળ્યાં કે ઠંડા પદાર્થોનું સેવન ન કરાય.





આઈસ્ક્રીમ-બ્રાઉની

૩) અગ્નિ વિરુદ્ધ - વ્યક્તિની પાચન શક્તિથી વિપરીત. આપણા જઠરાગ્નિને માફક આવે તેવો ખોરાક લેવો જોઈએ.

૪) માત્રા વિરુદ્ધ - ઉદાહરણ તરીકે ઘી અને મધ સમાન માત્રામાં લેવું હાનિકારક કહેવાયું છે.

૫) સાત્મ્ય વિરુદ્ધ - એલર્જિક ખોરાક લેવો, જેમકે લેક્ટોઝની અસહિષ્ણુતા ધરાવતી વ્યક્તિ દૂધજન્ય પદાર્થોનું સેવન કરે.

૬) દોષ વિરુદ્ધ - ઉદાહરણ તરીકે વાત, પિત્ત કે કફ દોષ ધરાવતી વ્યક્તિને તેવા જ ગુણધર્મ ધરાવતો ખોરાક લેવાથી તકલીફ ઊભી થાય છે.

૭) સંસ્કાર વિરુદ્ધ - ભોજન તૈયાર કરવાની રીતમાં વિપરીત હોય તેવા. જેમકે, તાંબાના વાસણમાં દહીં ખાવું.

૮) વીર્ય વિરુદ્ધ - ગુણ વિરોધી આહાર. જેમકે આઈસ્ક્રીમ વિથ બ્રાઉનીમાં અત્યંત ઠંડો પદાર્થ, ખૂબ ગરમ વસ્તુ સાથે ભેગા કરીને ખવાય છે. તે અહિતકારી છે.

૯) કોષ્ઠ વિરુદ્ધ - ઉદાહરણ તરીકે શિથિલ આંતરડા ધરાવતી વ્યક્તિને પચવામાં ભારે અને અધિક મળ ઉત્પન્ન કરે તેવો ખોરાક આપવો.

૧૦) અવસ્થ વિરુદ્ધ - વ્યક્તિની અવસ્થા પ્રમાણે ખોરાક ખાવો જોઈએ. જેમકે બાલ્યાવસ્થામાં કફવર્ધક પદાર્થો ન ખવાય, વૃદ્ધાવસ્થામાં વાયુવર્ધ પદાર્થો ટાળવા જોઈએ. શારીરિક પરિશ્રમ કર્યા પછી તરત પચવામાં ભારે અથવા વાયુવર્ધક ખોરાક લેવો વગેરે.

૧૧) ક્રમ વિરુદ્ધ - ભોજન કરીને સ્નાન કેવું ક્રમ વિરુદ્ધ ગણાય છે.

૧૨) પરિહાર વિરુદ્ધ - ઉદાહરણ તરીકે ગુણધર્મમાં ગરમ હોય તેવી વસ્તુ પછી તરત તેનાથી વિપરીત ગુણધર્મ વળી ઠંડી વસ્તુ ખાવી.

૧૩) ઉપચાર વિરુદ્ધ - શરદી થઈ હોય અને તેની સારવાર ચાલતી હોય ત્યારે વધુ કફ શરદી થાય તેવો ખોરાક ખાવો તે પણ વિરુદ્ધ આહાર જ છે .

૧૪) પાક વિરુદ્ધ - ભોજન તૈયાર કરતી વખતે તેને અગ્નિ પર યોગ્ય રીતે પાકવા દેવો જોઈએ. કાચો રહી ગયેલો, વધારે પકાવેલો, કે અધકચરો ખોરાક તૈયાર કરવો તે વિરુદ્ધ આહાર બને છે.

૧૫ ) સંયોગ વિરુદ્ધ - ઉદાહરણ તરીકે દૂધ સાથે ખાટી ચીજોનું સેવન. ફ્રૂટ સલાડ બનાવતી વખતે આવો વિરુદ્ધ આહાર ઘણા તૈયાર કરે છે.

૧૬) હૃદય વિરુદ્ધ - અપ્રિય હોય તેવું ભોજન પણ વિરુદ્ધ આહારનું કામ કરે છે.

૧૭) સમ્પદ વિરુદ્ધ - અધકચરા કે બગડેલા ખોરાકનું સેવન કરવું, વધારે પડતા ખોરાકનું સેવન કરવું પણ વિરુદ્ધ આહાર બને છે.

૧૮) વિધિ વિરુદ્ધ - જેમકે ઊભા રહી ખાવાનું કે પાણી ન પીવું જોઈએ. વાત કરતા કરતા ન જમવું જોઈએ એવા અનેક નિયમો આહાર વિધિમાં કહેલાં છે જે અનુસરણ કરવું જોઈએ. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ કશું અનોખું!

feedback@bombaysamachar.com
ફોકસ પ્લસ
રેખા દેશરાજ

# જડીબુટ્ટી ઓનલાઇન ખરીદતી વખતે રાખો આવી સાવધાની...



આજના ડિજિટલ યુગમાં જડીબુટ્ટીઓ એટલે કે ઔષધિની ખરીદી અને વેચાણ એક ક્લિકમાં થઇ જાય છે. આજે ભારતની ૫૦ ટકાથી વધુ વસ્તી ઇન્ટરનેટ પર વિહરતી જોવા મળે છે. તેથી બજારમાંથી ખરીદી કરવા કરતાં લોકો આયુર્વેદિક જડીબુટ્ટીઓ વધુ ઓનલાઇન ખરીદવાનું રાખે છે. તે પછી વજન ઘટાડવા માટે જરૂરી જડીબુટ્ટીઓ હોય કે સદીઓ જૂની રોગપ્રતિકારક શક્તિ વધારતી ઔષધિઓ હોય, પરંતુ પ્રશ્ન એ છે કે શું દરેક ઓનલાઇન જડીબુટ્ટી શુદ્ધ અને સલામત હોય છે? મોટાભાગના નિષ્ણાતોની ચિંતા છે કે નમૂનાઓની ગુણવત્તા જુદી હોય છે અને સામાન્ય રીતે તૈયાર માલ ઓછી ગુણવત્તાવાળા હોય છે. તેથી ઓનલાઇન ખરીદી કરતી વખતે આપણને શુદ્ધ અને સલામત જડીબુટ્ટી મળે તેના માટે કઇ-કઇ વાતોનું ધ્યાન રાખવું જોઇએ તે અંગે ચાલો વિગતે વાત કરીએ.

**વિક્રેતાની વિશ્ર્વસનીયતા પર ધ્યાન આપવું**

કોઇપણ વેબસાઇટ કે વિક્રેતા દ્વારા કરવામાં આવેલા દાવાઓ પર વિશ્ર્વાસ કરતાં પહેલા તેમનાં પ્રમાણપત્રો, લાઇસન્સ અને અત્યાર સુધીના વેચાણ પર ગ્રાહકોની સમીક્ષા ખાસ વાંચવી જોઇએ. આયુર્વેદિક ડોક્ટર ડો. અનુપમા વર્મા જણાવે છે કે વ્યક્તિએ ફક્ત સ્થાપિત બ્રાન્ડ અથવા આયુર્વેદિક ફાર્મા કંપની પાસેથી જ જડીબુટ્ટીઓ ખરીદવી જોઇએ. કારણ કે તેમનાં ઉત્પાદનો પર કડક ગુણવત્તા નિયંત્રણ હોય છે. જ્યારે પણ ઓનલાઇન જડીબુટ્ટીઓ ખરીદો છો ત્યારે આ બાબતો પર ખાસ ધ્યાન આપો-જીએમપી(ગુડ મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસ), આઇએસઓ પ્રમાણપત્ર, એફએસએસએઆઇ લિસ્ટિંગ, મૂળ પેઢીનું સરનામું અને ગ્રાહક સપોર્ટ. જો આ માહિતીઓનો કોઇપણ ઉત્પાદનમાં ઉલ્લેખ છે તો તેનો વિક્રેતા કાયદેસર હોવાનું માનવામાં આવે છે.

**પ્રમાણિત લેબલ અને લેબલિંગ તપાસ**

નીચે મુજબની માહિતી ઔષધિના લેબલ પર આવશ્યક અને સ્પષ્ટ રીતે લખેલી હોવી જોઇએ.

* છોડનું વૈજ્ઞાનિક નામ
* ઉપયોગની પદ્ધતિ
* માત્રા(મોતી, પાવડર, ફર્મેન્ટેશન)
* ઉત્પાદન અને સમાપ્તિ તારીખ બેચ/લોટ નંબર
* ઉત્પાદકનું નામ અને સરનામું

ઘણીવાર ઉત્પાદનો પર મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે. જેમ કે ૧૦૦ ટકા શુદ્ધ, ત્વરિત પરિણામો આપનાર વગેરે વગેરે. પરંતુ હર્બલ નિષ્ણાંત રણજીત સિંહ કહે છે કે શુદ્ધ ઔષધિના પેકેજિંગ પર વૈજ્ઞાનિક નામ અને સ્રોત સ્પષ્ટપણે લખેલા હોવા જોઇએ. માત્ર ટ્રેડ નામ કે બ્રાન્ડ નામ શુદ્ધતાની ગેરંટી આપતું નથી.

**ગ્રાહક સમીક્ષા**

ઓનલાઇન શોપિંગના આ યુગમાં જ્યારે પણ ઓનલાઇન ખરીદી કરો છો ત્યારે તે ઉત્પાદન અને વિક્રેતાઓ વિશે ગ્રાહક સમીક્ષાઓ જરૂરથી વાંચવાનું રાખો. ઓનલાઇન પ્લેટફોર્મ પર તમામ રેટિંગ અને રિવ્યુઝ સાથે છેડછાડ કરવાના પ્રયાસો છતાં ગ્રાહક સમીક્ષાઓ હજુ પણ ઉત્પાદનની ગુણવત્તાનો સૌથી મોટો આધાર હોય છે. તેથી કોઇપણ જડીબુટ્ટી અથવા તેનું ઉત્પાદન ખરીદતા પહેલા ગ્રાહક સમીક્ષાઓ વાંચો. તે કેટલી સકારાત્મક અને કેટલી નકારાત્મક છે. વપરાશકર્તાની વાસ્તવિક છબી અથવા તેના ફીડબેક પર ધ્યાન આપો. કોઇ ઉત્પાદન માટે ઉપલબ્ધ સમીક્ષાઓમાંથી ઓછામાં ઓછી ૫૦ ટકા તો વાંચવાનું રાખવું જ જોઇએ. ઘણી વખત ફાઇવ સ્ટાર રેટિંગ છતાં ઓછી સમીક્ષાવાળી વસ્તુ છેતરપિંડી સાબિત થઇ શકે છે.

**અહેવાલોની શુદ્ધતા**

ક્યારેક ક્યારેક કેટલાક વિક્રેતાઓ દાવો કરે છે કે તેમની ઔષધિઓ પરીક્ષણ કરાયેલ છે. જેમ કે

* એચપીએલસી/ટીએલસી/જીસી-એમએસ જેવા પરીક્ષણ
* ભારે ધાતુ મુક્ત
* માઇક્રોબાયલ ટેસ્ટ પાસ

જો આ પરીક્ષણ અહેવાલો ઉપલબ્ધ છે તો ઉત્પાદનની શુદ્ધતા અને તેની અસરકારકતાની સંભાવના નોંધપાત્ર રીતે વધી જાય છે. કેટલીક ઔષધિઓ બાળકો, સગર્ભા સ્ત્રીઓ, સ્તનપાન કરાવતી માતાઓ, ડાયાબિટીસ અથવા હાઇ બ્લડ પ્રેશર પીડિત લોકો માટે યોગ્ય હોતી નથી. જો કે ઘણીવાર કેટલીક બ્રાન્ડ આ માહિતી અથવા સંકેત આપતા હોતા નથી. તેથી નિસર્ગોપચારક નિષ્ણાંત ડો. પ્રિયંકા જોશી કહે છે કે કોઇપણ નવી ઔષધિને ૭ થી ૧૦ દિવસ સુધી ઓછી માત્રામાં લો અને તમારા શરીરની પ્રતિક્રિયાનું અવલોકન કરો.

**ઘટકોનો સ્તોત્ર અને ખેતીની પદ્ધતિ**

શુદ્ધ ઔષધિનું સૌથી મહત્ત્વપૂર્ણ પાસું તેનો સ્તોત્ર એટલે કે તે ક્યાં અને કેવી રીતે મળી આવે છે તે હોય છે.

* શું તે ઓર્ગેનિક ખેતી દ્વારા ઉત્પન્ન થાય છે?
* શું તે કુદરતી જંગલોમાંથી એકત્રિત કરવામાં આવે છે?
* શું તે સસ્ટેનેબલ હાર્વેસ્ટિંગ એટલે કે પર્યાવરણીય રીતે સુરક્ષિત વાતાવરણમાં ઉગાડવામાં આવી છે?

હકીકતમાં કોઇપણ ઉત્પાદન પર માત્ર ઓર્ગેનિક લખી દેવું પૂરતું હોતું નથી. જો પ્રમાણિત લેબલ હોય તો જ વિશ્ર્વાસ કરવો જોઇએ. જડીબુટ્ટી ઓનલાઇન ખરીદતી વખતે એ વાત પર ધ્યાન આપવું જોઇએ કે તે બજાર ભાવ કરતાં ઓછી કિંમતે વેચાઇ રહી નથી.

* જો એમ હોય તો ગડબડ હોઇ શકે છે. કારણ કે નિષ્ણાતો અનુસાર તેમાં ભેળસેળ હોવાની શક્યતા વધુ હોય છે.
* આવી ઔષધિઓ દૂષિત હોઇ શકે છે. એટલે કે તેમાં માટી, રેતી અથવા ભારે ધાતુઓ હોઇ શકે છે અને સૌથી અગત્યની વાત કે આવી ઔષધિઓની અસરો ખૂબ જ નબળી હોય છે.

તેથી નિષ્ણાતોનું માનવું છે કે જડીબુટ્ટીઓ ન તો કૃત્રિમ રીતે ઉત્પન્ન થાય છે અને ન તો ઝડપથી ઊગી નીકળે છે. તેની ખેતી અને તેને ઉપયોગ યોગ્ય બનાવવા વચ્ચે ખાસ્સો સમય લાગે છે. તેથી જો કોઇ જડીબુટ્ટી સામાન્ય રીતે બજાર ભાવ કરતાં ઘણી સસ્તી છે તો તે નકલી અથવા અશુદ્ધ હોવાની ભારોભાર શક્યતા હોય છે.

**રિફંડ અને રિટર્ન પોલિસી**

ઓનલાઇન ખરીદી ઘણીવાર અસંતોષકારક પરિણામો આપે છે. તેથી ઓનલાઇન જડીબુટ્ટીઓ ખરીદતી વખતે નિયમો અને શરતોની સમીક્ષા કરો કે શું તમને તે પસંદ ન આવે કે ગુણવત્તાની કસોટીમાં ખરી ન ઊતરે તો રિફંડ પોલિસી છે કે નહીં. જો છે તો રિટર્ન શરતો શું છે?

*ખામીયુક્ત અથવા અસંતુષ્ટ ઉત્પાદનો માટે ગ્રાહક સપોર્ટનો સમય તપાસો. જો કોઇ વિક્રેતા સ્પષ્ટ પોલિસી આપતો નથી તો તેને પ્રાથમિકતા આપશો નહીં.

*છેલ્લે એ વાત પર ધ્યાન આપો કે તમામ જડીબુટ્ટીઓ ત્યારે જ ફાયદાકારક હોય છે જ્યારે તેનો ઉપયોગ યોગ્ય માત્રામાં, યોગ્ય સમય પર અને યોગ્ય પદ્ધતિથી કરવામાં આવે.

તેથી હર્બલ ઉત્પાદનના પેકેજિંગ પર માત્રા- દૂધ કે પાણીની સાથે અથવા તેના વિના યોગ્ય સમય એટલે કે સવાર કે સાંજે અને સમયગાળો એટલે કે દિવસ, અઠવાડિયું વગેરે દર્શાવેલા હોવા જોઇએ. જો કોઇ ઉત્પાદનમાં નિષ્ણાતોની આવી સલાહ ન હોય તો તેનું વધુ માત્રામાં સેવન કરવું હાનિકારક સાબિત થઇ શકે છે. ■

### શુદ્ધ જડીબુટ્ટી ઓનલાઇન ખરીદવા માટેની નવ શરતો

- વિશ્ર્વસનીય વિક્રેતા
- યોગ્ય લેબલિંગ
- મહત્તમ ગ્રાહક સમીક્ષા
- પરીક્ષણ અહેવાલોની ઉપલબ્ધતા
- સસ્તી અથવા અસામાન્ય કિંમતોથી સાવધ રહો
- પ્રમાણિત ઓર્ગેનિક સ્રોત
- રિટર્ન/રિફંડ નીતિ
- ડોક્ટર/નિષ્ણાંતની સલાહ
- પહેલા નાના પેકમાં ટ્રાયલ કરવું

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# મંદિર તો સાચું પકડાયું, પણ ભગવાન ખોટા...!



ઓરિજિનલને બાદ કરતાં બીજા ત્રણ દેવદાસ. કે એલ. સાઈગલ, દિલીપકુમાર, શાહરુખ ખાન....આ ત્રણે દેવદાસ થ્રી-ઇન-વન બની ચંબુના શરીરમાં પ્રવેશી ચુક્યા હતા. ‘કમબખ્ત નશે કે લિયે પીતા હૈ ...યે તો મેરી જુવાની ભુલાને કે લિયે પીતા હું.’ પછી મંદિર પહોંચી આક્રોશ ઠાલવવા લાગ્યો : ‘હે પ્રભુ, મેં તારું શું બગાડ્યું છે કે તું મારો ભવ બગાડવા બેઠો છે. આ ૮૪ લાખ ફેરામાં તું ક્યા નંબરના ફેરાની સજા આપી રહ્યો છે કે મારા જીવનની દીવાલ પરથી ફાસ્ટ લોકલની જેમ ૩૮-૩૮ વર્ષોના કેલેન્ડર ગડથોલિયાં ખાઈ ગયા પણ કોઈ ગગીએ એના હૃદયના દ્વાર પર ‘ભલે પધાર્યા’નું બોર્ડ માર્યું જ નહિ. મારા મિત્રોના ત્યાં બે-ત્રણ વાર પારણું બંધાઈ ચુક્યું, પણ કોઈ ગગીએ મારા માટે હૃદયનું બારણું ખોલ્યું જ નઈ. પ્રભુ, કેટલાકના ત્યાં તો વિધવા-વિધુર બનવાના પ્રસંગ પણ ઉજવાઈ ગયા. અરે, કેટલાકને નસીબમાં બીજવર બનવાનો મોકો મળ્યો, પણ મારા જીવનમાં એકવાર પણ..છટ...ધિક્કાર છે આવા જીવતરને...ભાઈ પ્રભુ, ટેલ મી - કે મારાથી ગયેલા કેસમાં તું બધાને કઈ કમાણી ઉપર રાજા-રાણી - એક્કો આપે છે ને મારા નસીબની બાજીમાં દુરી તીરી અટ્ઠો.., સાલુ ક્યારેય જીતાય જ નઈ, ભક્તો ભલે તને ‘દયાનો સાગર’ કહેતા હોય, પણ મારા માટે તું દયાનું ખાબોચિયું પણ નથી, ભલે તું નોધારોનો આધાર કહેવાતો પણ મારા જીવનમાં મને કોઈ આધાર આપે એવું પાત્ર નઈ આપવાનું? જો ભાઈ પરભુ, તારી ભૂલ તો છે જ કે તે હૃદય આપ્યું પણ એમાં લાગણીઓ શું કામ મૂકી? ને મુક્યા તો મારે ક્યાં સુધી ‘અકેલે હૈ ચલે આઓ જહાં હો’ ગાઈને વગર વાંકે જિંદગી પૂરી કરવાની? ક્યાં સુધી આ નારીજગતમાં બધીઓને મા, બહેન, દીકરી સમજી મન મનાવ્યા કરવાનું? ક્યાં સુધી ભાઈબીજો કે રક્ષાબંધન ઉજવ્યા કરવાની? જવા દે પ્રભુ, મેં તો હજી સુધી મારા દિલ પર પથ્થર મુક્યો છે પણ તું તો ખુદ પથ્થર છે.’

આટલો આક્રોશ ઠાલવી શાંતિથી બોલ્યો : ‘સોરી પ્રભુ, મારાથી આવું ન ખીજાવાય પણ ક્યાં સુધી હું આવો ઘોર અન્યાય સહન કરું? ક્યાં સુધી ચુપ રહુ? શું મારે ઘરડા આશિક તરીકે જ આ જગ છોડવું પડશે?’

ચંબુ આમ પ્રભુ સામે હૈયાવરાળ ઠાલવી મારી પાસે આવ્યો :

‘ઠાકરિયા, મંદિરમાં પ્રભુને કીધું ‘પ્રભુ હું પણ એક માણસ છું મને જીવનમાં સપનાં સાકાર કરવાના કોડ નઈ જાગતા હોય પણ એ મારી સામે નથી જોતો કે નથી મારું સાંભળતો એવા ઈશ્ર્વરને શું ધોઈ પીવાનો?’

‘એક મિનિટ ચંબુ, તું ક્યા મંદિરમાં પ્રાર્થના કરવા ગયેલો?’ મેં પૂછ્યું

‘કાંદિવલીના હનુમાન મંદિરે...’

‘માર્યો ત્યાં જ મોટો લોચો માર્યો તારાથી મંદિર સાચુ પકડાયું, પણ બકા ભગવાન ખોટા પકડાયા...હનુમાનજીએ પ્રભુ રામની સીતા પાછી લાવી આપી એ કબૂલ પણ પોતે તો વાઈફ વસાવી જ નહોતી. તારું ગોઠવાય પછી કોઈ રાવણ ઉપાડી જાય તો આ મંદિરમાં જવાય. બાકી પહેલીવાર ખાતુ ખોલાવવા માટે આ બેંક આઈ મીન આ મંદિર ખોટુ છે. હું એક આઈડિયા આપું? તું કોઈ રાધા- કૃષ્ણના મંદિરમાં જા, કૃષ્ણ કદાચ સાંભળશે. કોઈને પોતાની કેમ કરી લેવી એ અદ્ભુત આવડત તેમનામાં હતી, તું એક માગીશ ને અનેક ધરી દેશે અરે તું ખોબો માગીશ ને એ દરિયો દઈ દેશે. અને થોડી ધીરજ પણ રાખવાની એમ ઉતાવળે આંબા ન પાકે...’

‘તો હું કાચા આંબાથી ચલાવી લઈશ સાલું...હું અહીં આખો ને આખો પાકતો જઉં છું એ નથી દેખાતું?’ ચંબુ ભડક્યો

‘યુ નો? રસ્તામાં કોઈનો વરઘોડો જોઉં છું ત્યારે મને મારી સ્મશાનયાત્રા જતી હોય એવો ભાસ થાય છે. આ દુખ કંઈ ઓછું નથી એ તો રામબાણ વાગ્યા હોય એ જાણે. અરે, હમણાં અથાગ પરિશ્રમ પછી માંડ માંડ પેલા ચંપકલાલની ચંપા સાથે મિલન કમ મીટિંગ ગોઠવાઈ મને થયું હવે નસીબ આડેથી પાંદડુ જ નઈ પણ આખુ વૃક્ષ ખસી રહ્યું છે. હવે તો જીવનના બાગમાં સુગંધ જ સુગંધ પણ...’

‘પણ શું?’ મેં પૂછ્યું

‘અરે, અમારા વિચારોની આપ લે પછી પૂછ્યું હું ફાઈનલ સમજું?’

પણ ત્યાં તો ચંપાએ બોમ્બ ફોડ્યો ને બોલી ‘અંકલ, તમારી બધી વાત મુદ્દાની ને સાચી પણ તમારા દીકરાને જોયા વગર હું તમને ફાઈનલ હા ન કહી શકું?’

‘ઠાકરિયા,અંકલ સાંભળીને આપઘાત કરવાનું મન થાય એવો આઘાત લાગ્યો, ધરતી મારગ આપે તો સમાઈ જવાનું મન થયું પણ હું કઈ સીતા નથી કે ધરતી મને મારગ આપે ને ધરતી પણ કેટકેટલા લોકોને આવા મારગ આપે ને ધરતીને તો આ રોજનું થયું, મારા સપનાં ચકનાચુર થયા એટલે ચંપકલાલના ઘરમાં જ મને પંખા પર લટકી જવાનું મન થયું પણ પછી થયું કે પંખો કોકનો, ઘર કોકનું, ઘરના માણસો કોકના પણ જીવ તો આપણોને? એમ જીવ જેવી અમૂલ્ય ચીજ કોઈના ઘરમાં આપી ન દેવાય... નકામું સાલું આપઘાત પછી આપણે તો ન હોઈએ પણ ચંપકલાલ ને ચંપા પર ખૂનનો આરોપ લાગી જાય એટલે ત્યાં મારો જીવ ન ચાલ્યો. રહીસહી આશા પર પણ પાણી ફરી વળ્યું ઠાકરિયા. લોકો ભલે કહેતા હોય કે દરેકની જોડી સ્વર્ગમાં જ નક્કી કરેલી જ હોય છે. આ પૃથ્વી ઉપર તો માત્ર આપણે ઉજવણી કરીએ છીએ પણ મને લાગે છે કે મારી તો જોડી ને ઉજવણી બન્ને સ્વર્ગમાં જ કરવી પડશે.’

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
ફોક્સ
ડૉ. અશોક કોઠારી

# એક સમયે માંદાની માવજત માટે ફેમિલી પ્રેક્ટિસ સંપૂર્ણ હતી

એક સમયે ફેમિલી ડૉકટરોનો જમાનો હતો. જેમ મુંબઈની ગલીએ ગલીએ ઈરાની રેસ્ટોરંટ હતી તેમ એમ.બી.બી.એસ. દાકતરોના દવાખાના હતા. એક રૂમમાં આગળ કાચના કાઉન્ટરમાં કમ્પાઉંડર બેસતો. દાકતરો દરદીને તપાસીને દવા લખતા. કમ્પાઉંડર તે જોઈને દવા આપતો હતો. કાચની બાટલીઓ ઉપર કાપાવાળો કાગળ ચોંટાડેલો રહેતો તે પ્રમાણે મીક્સચર અપાતું.

## જ્યારે બાટલીઓમાં મીક્સચર અપાતાં

લગભગ પચાસ વરસ પહેલાં લાલ ચળકતું કાર્મિનેટિવ મીક્સચર, તાવ માટે ડાયાફોરટિક મીક્સચર વગેરે દવાખાનામાં બનાવીને આપવામાં આવતું. દરેકની આગવી સોડમ અને કડવાશ પણ કાર્મિનેટિવમાં મીઠાસ હતી. તેવી જ રીતે મીક્સચર અપાતું. મલમ પણ દવાખાનામાં કમ્પાઉંડર બનાવતો હતો. તે સમયે મોટાભાગનાં દાકતરો દવાખાનામાં ટાંકા લેતા હતા. ઘા ઉપર ટિંકચર બેન્ઝાઈન કે એક્રીફલેવીન લગાવતા હતા. નાના ભૂલકાઓ નાકમાં કે કાનમાં રબ્બર પેન્સિલનો ટુકડાં ખોસતા તે કાઢી આપતા હતા. આંખમાં કચરો પડ્યો હોય તો ઈંજેકશનની સોયની અણીથી કાઢી આપતા હતા. કાનમાં કચરો કે મેલ (વૅક્ષ) હોય તો સિરિંજ કે પીચકારીની મદદથી કાઢતા હતા. બીજે ક્યાંય જવાની જરૂર નહોતી પડતી. ફેમિલી ડૉકટર બધા દરદોનો ઈલાજ કરતા હતા. ગળું દુઃખતું હોય તો મેન્ડેલ પેઈંટ સળીની મદદથી ચોપડતા હતા. બાંદરામાં હું ડૉ. રઝાક લાહેજીના મદદનીશ તરીકે કામ કરતો હતો. તેઓ સ્ક્રોટમમાં પાણી ભરાઈ ગયું હોય તો ટ્રોકાર અને કેન્યુલાની મદદથી કાઢતા હતા. તે જમાનામાં એક સમયે વાપરીને ફેંકી દેવાતા પ્લાસ્ટિકનાં ઈંજેકશન (સિરિંજ) આવ્યા ન હતાં. દાકટરો કાચની સિરિંજોને સ્ટર્લાઈઝરમાં કે તપેલીમાં ઉકાળતા હતા. ઘણાં દવાખાનાઓમાં સ્ટર્લાઝનાં નાનકડાં મશીન રહેતા હતાં. ત્યાર પછી જાતજાતની દવાઓ આવી અને સારવાર પદ્ધતિ બદલાઈ ગઈ હતી. એપીસી, સલ્ફાની ગોળીઓ, ટેટ્રાસાઈક્લીન વગેરેએ પગરણ માંડ્યા. મેં જ્યારે પચાસ વર્ષ પહેલાં પ્રેક્ટિસ શરૂ કરી ત્યારે પેનેસિલિન, ટેટ્રાસાઈકલનાં ઈંજેકશનો અને પેટમાં દુઃખતું હોય ત્યારે બેરાલગાનનાં ઈંજેકશન આપતા હતા. શ્વાસ ચઢે ત્યારે એમિનોફાઈલીન નસમાં આપતાં હતાં. ટીબી માટે મહિનાઓ સુધી સ્ટ્રેપ્ટૉમાઈસીનનાં ઈંજેકશન આપતાં હતાં. પેનિસિલીનનાં ઈંજેકશન આપતાં રીએકશન કે પ્રતિક્રિયાથી ઘણા ડૉકટરો ડરતા હતા, પરંતુ તે જમાનામાં ગુપ્તરોગો માટે એજ સચોટ ઉપાય હતો. કમાટીપુરા અને ગોળદેવળ પાસે દાકતરો ડર્યા વગર આ ઈંજેકશનો આપતા હતા. કોંડોમનો ઉપયોગ નહીંવત્ હોવાથી સીફલીસ, ગોનોરીયા વગેરે ગુપ્તરોગોનો સારો ફેલાવો હતો. નસમાં કેલ્શિયમનું ઈંજેકશન આપવાથી શરીરમાં ગરમી આવતી. દરદીઓ ખુશ થતા હતા. ધીમે ધીમે સારવાર પદ્ધતિ બદલાઈ ગઈ હતી. તે જમાનામાં વીસ ફેમિલી ડૉકટર અને સામે એક સ્પશિયાલિસ્ટ હતા. દરેક ફેમિલી ડૉકટર જુદે જુદે ઠેકાણે બે દવાખાના ચલાવતા હતા. ઘણીવાર સ્પેશિયાલિસ્ટને બતાવવું હોય તો ફેમિલી ડૉકટરને સાથે લઈ જતા હતા. કેટલીકવાર દરદી સાથે વિદેશમાં પણ જવાનું થતું હતું.

## કુટુંબના આદરણીય મિત્ર

તે સમયે ફેમિલી ડૉકટર વિઝિટ માટે આવે તે મોટી વાત ગણાતી. ઘરનાં એક બે જણ સામે લેવા ગલીના નાકે કે દરવાજે ઊભા રહેતા. દાકતરની ચામડાની બેગ ઉપાડી પાછળ પાછળ ચાલતા હતા. ઘરના નાના મોટા સૌ ડૉકટર તેમની સામે જુએ અને સ્મિત આપે તેની રાહ જોતા હતા. ફેમિલી ડૉકટર સામે અંગત સંબંધ રાખવા સૌ આતુર રહેતા. જ્યારે ડૉકટર તપાસતા ત્યારે મોટાભાગનાં લોકોને રૂમની બહાર જવાનું કહેતા.

જો ઈંજેકશન આપવાનું હોય તો સ્ટવ ઉપર તપેલીમાં કાચની સિરિંજને ઉકાળતાં. ઘરના નાના મોટા પ્રસંગે ફેમિલી ડૉકટરને ખાસ આમંત્રણ અપાતું. ફેમિલી ડૉકટર કુટુંબના મિત્ર જેવા ગણાતા. બીજી બાબતો માટે પણ તેમની સલાહ લેવાતી. કેટલાક જાણીતા ડૉકટરોને આજે પણ લોકો યાદ કરે છે. દવાખાના ભરેલા રહેતા. ઘણા પારસી, ગોવન, મહારાષ્ટ્રિયન, ગુજરાતી ડૉકટરો હતા.

## એ દુર્લભ થતા જાય છે

કેટલાક જૂના ડૉકટરો વધતી ઉંમર અને બીજા કારણોને લઈ નિવૃત્ત થયા છે. મોટાભાગે તેમના સંતાનો ફેમિલી પ્રેક્ટિસમાં પડવામાં રસ ધરાવતા નથી અને ધીમે ધીમે દવાખાનાં ઓછાં થતાં જાય છે. નવા ડૉકટરો પણ દવાખાનાની જગ્યા મોંઘી હોવાથી અને જીવન ખર્ચાળ હોવાથી - ખાનગી પ્રેક્ટિસમાં પડતા નથી અને આગળ ભણવાનું ચાલુ રાખે છે. કેટલેક ઠેકાણે ખાસ કરીને ઝૂંપડપટ્ટીમાં જાતજાતની અસલી નકલી પદવીઓ ધરાવતા દાકતરોની સંખ્યા વધી રહી છે. તેઓ ઈંજેકશન નસમાં બાટલા ચઢાવી વધુ રકમ લેતા હોય છે. એમ.બી.બી.એસ. ડૉકટરો આ બધાથી દૂર રહે છે.

ફેમિલી ડૉકટરોની ઘટતી સંખ્યા વચ્ચે પણ કેટલાક દાકતરો ઉમદા ઉદાહરણ પૂરા પાડે છે. બાંદ્રામાં લિકિંગ રોડ પાસે ડૉ. દિનેશ ગાંધી બાણું વરસની ઉંમરે પણ મેડિકલ પ્રેક્ટિસમાં રચ્યાપચ્યા રહે છે. વિઝિટ ઉપર જાય છે. જાતે મોટર ચલાવીને બધે જાય છે. મકાનોનાં પગથિયાં ચઢે છે. આધુનિક દવાદારૂ અને સારવાર પદ્ધતિ વિશે વધુ જ્ઞાન મેળવવા સક્રિય રહે છે. મનીપાલની કસ્તુરબા મેડિકલ કૉલેજની ૧૯૫૩ની પ્રથમ બેચના ડૉકટર છે. આવા કેટલાક ડૉકટરો આવી ઉમદા કારકિર્દી સતત ચાલુ રાખે છે.

મુંબઈમાં એમ.બી.બી.એસ. ડૉકટરોનું ૪૦૦૦ ઉપર સદસ્ય ધરાવતું જી.પી.એસ. એસોસિયેશન છે. અત્યારે તેની વાર્ષિક ઉજવણી થઈ રહી છે. અનેક અનુભવી ફેમિલી દાકતરો આ સંસ્થાને સબળ ટેકો આપી ધગશ સાથે આગળ વધાવી રહ્યા છે. ■

feedback@bombaysamachar.com
ટૂંકું ને ટચ
રશ્મિ શુકલ

# સ્પીડ પર લગાવી છે લોકોએ હવે બ્રેક...

એક સમય હતો જ્યારે ઝડપી રહેવું એ માત્ર ગતિશીલતાનું કારણ જ નહીં પણ સફળતાની નિશાની હતી. તેથી જ લોકોએ સફળતા પાછળ આંધળી દોટ મૂકી છે. ફાસ્ટ ઈન્ટરનેટ, બુલેટ ટ્રેન, એક મિનિટમાં સો ખબરો અને ત્રણ મહિનામાં કેરિયરમાં અવ્વલ આવવું આ બધું જ વેગવાન હોવું એની નિશાની છે, પરંતુ હવે લોકો આ ભાગદોડવાળા જીવનથી થાક્યા છે. આ કારણે જ ૨૦૨૬માં આ ગતિશીલતાથી લોકો રોમાંચ નથી અનુભવતા પરંતુ ધીમી ગતિનાં પરિબળો શોધી રહ્યા છે. અને હવે પૂરી દુનિયામાં લોકો સ્લો લાઈફ ઈચ્છી રહ્યા છે. અમેરિકાથી લઈને આફ્રિકા સુધી આ સ્લો લાઈફ એક સ્ટેટસ સિમ્બલ બની ચુકી છે. કારણકે હવે માણસો મશીન



બનીને થાકી ચુક્યા છે હવે તેઓ પોતાની જાતને મળવા માગે છે.

**સ્લો લાઈફ, આળસ નહિ, એક ચેતનાઃ** ઘણી વખત ધીમી રફતારને આળસનું કારણ માનવામાં આવે છે. જોકે ફાસ્ટ લાઈફને વિશ્ર્વ સ્વાસ્થ્ય સંગઠને બર્નઆઉટ અને ડિપ્રેશનનું સૌથી મોટું કારણ માનવામાં આવ્યું છે. અને હવે સ્લો લાઈફ તરફ વળવું એ આળસ નથી પરંતુ નવી ચેતનાનું કારણ માનવામાં આવે છે. એનાં કારણો નીચે મુજબ છે.

- સ્લો લાઈફનું કારણ કામને અધૂરું મૂકવું નથી. જીવનશૈલીમાં બાંધછોડ કરવી નથી કે ઘરમાં પડ્યું રહેવું પણ નથી. પરંતુ સ્લો લાઈફનો અર્થ એ છે કે ઓછું પણ અર્થપૂર્ણ કામ કરવું.
- સ્લો લાઇફનો અર્થ એ છે કે, એ સ્થાનીય જીવનનો આનંદ માણવો અને પારિવારિક જીવન પણ માણવું.
- સ્લો લાઇફનો અર્થ એ છે કે, સંબંધોમાં ગુણવત્તા વધારવી નહિ કે, સંબંધોની સંખ્યા વધારવી.
- સ્લો લાઇફનો સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે, હંમેશાં બધા માટે ઉપલબ્ધ રહેવાની મજબૂરીથી મુક્ત થવું. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# નમણો ચહેરો જોઈતો હોય તો બથુઆની ભાજીનું સેવન કરો!



ઠંડીની મોસમમાં બથુઆની ભાજીને સુપરફૂડ તરીકે ઓળખવામાં આવે છે. બથુઆની લીલીછમ ભાજી સ્વાસ્થ્ય માટે અત્યંત પૌષ્ટિક તથા ફાયદાકારક ગણાય છે. તેમાં સ્વાસ્થ્યવર્ધક અનેક ફાયદા સમાયેલાં છે. શિયાળો શરૂ થાય તેની સાથે મુખ્યત્ત્વે મેથી, પાલક, તાંદળજો, સૂવાની ભાજી કે સરગવાની ભાજીનો ઉપયોગ ગુજરાતી ઘરોમાં વારંવાર થતો હોય છે. ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશમાં અત્યંત શોખથી ખવાતી બથુઆની ભાજીનો સમાવેશ અચૂક કરવો જોઈએ. બથુઆની ભાજીમાં ફાઈબર, આયર્ન, મેગ્નેશ્યિમની સાથે વિટામિન એ, વિટામિન સી, વિટામિન કે ની માત્રા ભરપૂર પ્રમાણમાં હોય છે. તેનું સેવન શિયાળામાં કરવાથી ત્વચા નીખરી ઊઠે છે. કેમ કે તે શરીર માટે ઔષધી તરીકે કામ કરે છે. પાચન તંત્રને સુધારવાની સાથે ઍનિમિયા જેવી તકલીફથી રાહત અપાવે છે. તેથી જ તેને ઠંડીની મોસમના સૂપર ફૂડ તરીકે ઓળખવામાં આવે છે. શિયાળામાં બથુઆનું સેવન નિયમિતપણે કરવાથી શરીરને અગણિત લાભ મળી રહે છે.

બથુઆના સેવનથી શરીરની પાચનક્રિયામાં મોટો સુધારો જોવા મળે છે. ગેસ, અપચો, આફરો ચડવા જેવી તકલીફથી રાહત મેળવી શકાય છે. ઠંડીની મોસમમાં બથુઆની ભાજીનું રાયતું કે તેના પરાઠા બનાવીને શોખથી સ્વાદ માણવામાં આવે છે. જો આપે હજી સુધી બથુઆની ભાજીનો સમાવેશ આહારમાં ના કર્યો હોય તો ઝડપથી ઠંડીના દિવસોમાં શરૂ કરવો જોઈએ. જેથી તાજી બથુઆની ભાજીના લાભ આપ મેળવી શકો.

## બથુઆની ભાજીના સ્વાસ્થ્યવર્ધક લાભ

**એમિનો એસિડથી ભરપૂર :** બથુઆની ભાજીમાં એમિનો એસિડનું પ્રમાણ ભરપૂર માત્રામાં સમાયેલું હોય છે. એવું કહેવાય છે કે એમિનો એસિડ સ્વાસ્થ્ય માટે અત્યંત આવશ્યક ગણાય છે. જે શરીરમાં કોશિકાના નિર્માણ, તેની માવજત તથા પ્રોટીન બનાવવામાં મદદ કરે છે. હાડકાં, ત્વચા, વાળ તથા નખની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે. શરીરના વિવિધ અંગોને નિયંત્રિત કરવા માટે ઉપયોગી હાર્મોન તથા મગજનું કાર્ય સુચારૂ રીતે કરી શકાય તે માટે ઉપયોગી ન્યૂરોટ્રાન્સમિટર બનાવવામાં મદદ કરે છે.

**કૅલરીની માત્રા ઓછી :** નિષ્ણાત ડાયેટિશયન વારંવાર જણાવતાં હોય છે કે સ્વાસ્થ્ય માટે સજાગ વ્યક્તિઓ કૅલરીની માત્રા પ્રમાણભાન રાખીને લેવાનું પસંદ કરતી હોય છે. તેથી જ આપ બથુઆનો સમાવેશ આહારમાં સરળતાથી કરી શકો છો. લીલા તાજા શાકભાજીમાં કૅલરી ઘણી ઓછી માત્રામાં સમાયેલી હોય છે. ૧૦૦ ગ્રામ બથુઆમાં લગભગ ૪૩ કૅલરીની માત્રા મળે છે.

**ફાઈબરથી ભરપૂર :** ફાઈબરથી ભરપૂર આહાર લેવાનું ચલણ હવે વધવા લાગ્યું છે. તેનું મુખ્ય કારણ રેસેદાર વસ્તુનો આહારમાં સમાવેશ પાચનતંત્રની ક્રિયા સુધારવામાં મદદ કરે છે. વજનને નિયંત્રિત કરીને કૉલેસ્ટ્રોલ તથા બ્લડ શુગરની માત્રાને ઘટાડવામાં મદદ કરે છે. આંતરડામાં સ્વસ્થ બૅક્ટેરિયાને વધારવામાં મદદ કરે છે. જેને કારણે હૃદય રોગ તેમજ ટાઈપ 2 ડાયાબિટીસનું જોખમ ઘટે છે. રોગપ્રતિરોધક ક્ષમતા વધે છે. લીલાછમ તાજા બથુઆમાં ફાઈબરની માત્રા ભરપૂર હોય છે તેથી તેનું સેવન નિયમિત રીતે કરવાથી શરીરને ગંભીર બીમારીના જોખમથી બચાવી શકાય છે.

**માઈક્રોન્યૂટ્રિઅન્ટસ્થી ભરપૂર :** બથુઆની ભાજીમાં કૅલ્શ્યિમ, પૉટેશ્યિમ, મેગ્નેશ્યિમની સાથે વિટામિન એ, વિટામિન સી તથા વિટામિન બી-૬ની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. ઉપરોક્ત બધા જ પોષક તત્ત્વો શરીરની કાર્યપ્રણાલીને સુચારૂ રીતે ચલાવવામાં મદદ કરે છે.

**લિવર માટે ગુણકારી :** બથુઆનું સેવન કરવાથી લિવર સંબંધિત સમસ્યાથી બચી શકાય છે. બથુઆની ભાજીને બ્લડપ્યૂરીફાયર તરીકે ઓળખવામાં આવે છે. જે લિવરને ટોક્સિનથી બચાવીને તંદુરસ્તી બક્ષે છે.

**ત્વચા માટે સુપરપફૂડ :** આયુર્વેદ અનુસાર બથુઆની તાસીર ઠંડી ગણાય છે. પકાવ્યા બાદ તે શરીરનું સમતોલન બનાવવામાં મદદ કરે છે. પિત્તદોષને શાંત કરવાની સાથે લોહીને શુદ્ધ કરવામાં મદદ કરે છે. ત્વચા સંબંધિત સમસ્યા જેવી કે ખંજવાળ, સૂકી ત્વચા, કોઈ પ્રકારની ઍલર્જીને કારણે લાલ બની જતી હોય તો તેનો નિકાલ બથુઆની ભાજીના સેવનથી આપ મેળવી શકો છે. તેના નિયમિત સેવનથી ત્વચા ચંદ્રમા જેવી ચળકાટ મારતી બનવા લાગે છે.

**ઍનિમિયાની તકલીફમાં ગુણકારી :** બથુઆ આયર્નથી ભરપૂર ભાજી ગણાય છે. તેથી ઍનિમિયાની તકલીફ ધરાવતી વ્યક્તિ માટે અત્યંત લાભકારી ભાજી ગણાય છે. ભાજીનું સેવન કરવાથી શરીરમાં શક્તિનો સંચાર થવા લાગે છે. લોહીમાં હિમોગ્લોબીનની માત્રામાં વધારો થાય છે. જેને કારણે અકારણ થાક લાગવો કે સ્વભાવ ચીડચીડયો થવા જેવી સમસ્યાથી બચી શકાય છે. બથુઆની ભાજીમાં કૅલ્શ્યિમ પણ સમાયેલું હોય છે. જે હાડકાંને મજબૂતાઈ બક્ષવામાં મદદ કરે છે. ઠંડીની મોસમમાં હાડકાંમાં કળતર કે હાડકાં જકડાઈ જવાંની તકલીફ વધી જતી હોય છે. તેનાથી બચવું હોય તો બથુઆની ભાજીનું સેવન એક સારો પર્યાય ગણી શકાય.

**આંખોની રોશનીમાં સુધારો કરે છે :** સતત મોબાઈલ, ટેલિવિઝન કે કૉમ્પ્યુટરની સામે બેસવાથી નાની વયમાં ચશ્માં આવેલાં લગભગ ૮૦ ટકા બાળકો ભારતમાં જોવા મળશે. જેનું કારણ તેમની દૃષ્ટિ નબળી પડી ગઈ હોય છે. આંખોની તંદુરસ્તી માટે ઝિંક યુક્ત આહાર આવશ્યક ગણાય છે. ઝિંકની ઉણપ આંખોના તેજ ઉપર નકારાત્મક પ્રભાવ પાડે છે.

ઝિંક તથા આયર્ન આંખોની રોશની વધારવામાં ગુણકારી ગણાય છે. બથુઆની ભાજીમાં ઉપરોક્ત બંને ખનીજ સમાયેલાં છે. બથુઆની ભાજીનું સેવન સમગ્ર શરીરની તંદુરસ્તી જાળવી રાખવા માટે અત્યંત ગુણકારી ગણાય છે. જે પૂરક આહાર તથા ઔષધી તરીકે શરીર માટે કામ કરે છે.

**બથુઆનું સેવન કઈ રીતે કરી શકાય?**

બથુઆની ભાજીનું સેવન અનેક રીતે કરી શકાય છે. બથુઆનો સૂપ, બથુઆનું શાક, બથુઆની ભાજીનું રાયતું, બથુઆના થેપલાં બનાવીને ખાઈ શકાય છે. ભાજીનું સેવન કરતાં પહેલાં તેને સારી રીતે સાફ કરવી જરૂરી છે. બાફ્યા બાદ તેનું સેવન કરવું હિતાવહ છે. બથુઆને અંગ્રેજીમાં વાઈલ્ડ સ્પિનેચ કે બૅકોન વીડ તરીકે ઓળખવામાં આવે છે. હિન્દીમાં બથુઆ કે ચિલ્લી શાક, સંસ્કૃતમાં વાસ્તૂક કે ક્ષારપત્ર, કોંકણીમાં ચકવિટ કન્નડમાં ચક્રવિત્ત, ગુજરાતીમાં ટાંકો કે બથવો, પંજાબીમાં બાથુ કે લુનાક, મરાઠીમાં ચાકવત, બંગાળીમાં ચંદનબેથુ તરીકે ઓળખાય છે. બથુઆની ખેતી ભારતમાં હવે બધા જ રાજ્યોમાં થવા લાગી છે. બથુઆની ભાજીનો ઉપયોગ મોટા પ્રમાણમાં ઉત્તર ભારતમાં થતો જોવા મળે છે. ■

### બથુઆનું રાયતું



**સામગ્રીઃ** ૨ કપ બથુઆની ભાજી, ૧ મોટો વાટકો દહીં, ૧ નાની ચમચી શેકેલાં જીરાનો પાઉડર, અડધી ચમચી ખાંડ, સ્વાદાનુસાર સંચળ, સ્વાદાનુસાર મીઠું. વઘાર માટે : ૧ ચમચી શુદ્ધ ઘી ૧ નાની ચમચી જીરું, ચપટી હિંગ, ૧ નંગ સૂકું લાલ મરચું વઘાર માટે, ૧ નાની ચમચી કોથમીર સજાવટ માટે

**બનાવવાની રીત :** સૌ પ્રથમ બથુઆની ભાજીના પાન ચૂંટીને અલગ કરી લેવાં. ભાજીની દાંડી કૂણી હોય તો રાખવી. ભાજીને બરાબર વહેતાં પાણીમાં ધોઈને સાફ કરી લેવી. એક તપેલીમાં ૧ ગ્લાસ પાણી ગરમ કરવું. તેમાં બથુઆની ભાજી ઉમેરી દેવી. ૩-૪ મિનિટ બાદ ભાજીને ચારણીમાં કાઢી લેવી. તેને બરફના ઠંડા પાણીમાં મૂકવી. ૨-૩ મિનિટ બાદ તેને ચારણીમાં રાખીને ગાળી લેવું. જેનાથી ભાજીનો રંગ લીલોછમ રહેશે. ભાજીમાં ૧ નંગ લીલું મરચું, ૧ નાનો ટૂકડો આદું ભેળવીને ભાજીને મિક્સરમાં અધકચરી વાટી લેવી. ૨ કપ દહીંને બરાબર ફેટી લેવું. તેમાં અધકચરી ભાજી ભેળવવી. સ્વાદાનુસાર મીઠું-સંચળ ભેળવવું. ખાંડ ભેળવવી. એક વઘારીયામાં ઘી ગરમ કરીને તેમાં જીરું તેમજ હિંગ, લાલ સૂકાં મરચાંના ટૂકડાં નાખીને વઘાર તૈયાર કરવો. તૈયાર રાયતામાં ઉપરથી રેડવો. રાયતું થોડું ઠંડું કરીને પરાઠા કે ગરમાગરમ ફૂલકા સાથે પીરસવું.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# વ્યસનઃ ધીરે ધીરે સજામાં પલટાતી મજા?

પૃથ્વી પર રહેલી કોઇ પણ વ્યક્તિને પૂછવામાં આવે કે, એ જે કાંઇ પણ કરે છે તે શા માટે કરે છે? તો તેનો એક જ ઉત્તર મળશે કે, તે સુખી અને શાંતિમય જીવન જીવવા માટે જ બધું કરે છે. જીવ-પ્રાણીમાત્રને દુઃખ પસંદ નથી. જીવનમાં આવતા નાના એવા દુઃખને પણ અથાગ પ્રયત્નોથી દૂર કરવા આપણે મથીએ છીએ...


શું જીવનની આ જ વાસ્તવિકતા છે? શું આપણે ખરેખર આવું જ માનીએ છીએ? શું દારૂ, સિગારેટ, ગુટકા વગેરેનાં વ્યસનોના દુઃખથી અજાણ છીએ? તો પણ આપણે શા માટે સામે ચાલીને નરકનાં દુઃખ જેવાં આ વ્યસનોના ગુલામ થઇએ છીએ?

શું તમે જાણો છો કે આજે વિશ્વમાં દર ૬ સેકન્ડે ૧ વ્યક્તિ તમાકુના વ્યસનથી મૃત્યુ પામે છે. તેમાં પણ ભારતમાં દર ૨ મિનિટે ૩ વ્યક્તિનું સિગારેટના વ્યસનથી મોત થાય છે. વિશ્વમાં થતાં મૃત્યુમાંથી ૬ ટકા લોકો દારૂના વ્યસનથી મૃત્યુ પામે છે.

શરીરમાં થતાં અન્ય રોગ કેવળ આપણી ભૂલના કારણે થતાં નથી, એ પણ એક વાસ્તવિકતા છે; પરંતુ દારૂ, સિગારેટ કે તમાકુને કારણે શરીરમાં થતાં કોઇ પણ રોગના જવાબદાર ૧૦૦ એ ૧૦૦ ટકા આપણે જ છીએ. આ વ્યસનોની ભયંકરતા આટલી બધી છે.

## શું આપ જાણો છો?

* વિશ્વમાં પ્રાય : રોજ ૧૪ હજાર લોકો ધ્રૂમ્રપાનના વ્યસનથી મરે છે.
* ધ્રૂમ્રપાનથી થતા મૃત્યુની સંખ્યા આપઘાત કરતાં ૩૦ ગણી વધુ છે, અને દુનિયામાં થતા ખૂન કરતાં ૫૪ ગણી વધુ છે.
* વિશ્વમાં થતાં કેન્સરના મૃત્યુમાં પ્રાય : ૩૦થી વધુ ટકા ફાળો તમાકુનો છે.
* વિશ્વમાં દર વર્ષે તમાકુના વ્યસનને કારણે આશરે ૬૦ લાખ લોકો મોતને ભેટે છે.
* તમાકુને કારણે દર વર્ષે અંદાજે ૨૦ હજાર લોકોને પગ કપાવવો પડે છે.
* ભારતમાં રોજ આશરે ૫૪૩૫ નવાં બાળકો અને ગુજરાતમાં અંદાજે ૨૪૪ નવાં બાળકો ધ્રૂમ્રપાન કરતાં શીખે છે.
* વિશ્વમાં દર વર્ષે લગભગ ૩૩ લાખ લોકો દારૂના વ્યસનથી મૃત્યુ પામે છે.
* ઇ.સ. ૨૦૩૦માં તમાકુને લીધે થતા મૃત્યુની સંખ્યા એઇડ્સ અને ટી.બી. કરતાં વધારે હશે.




## વ્યસનથી મુક્ત થવાના આ છે કેટલાક સરળ ઉપાયઃ

૧) 'મારે વ્યસન છોડવું જ છે.' એવી મક્કમતા કરવી.

વ્યસન રાખવાથી અને છોડવાથી થતાં ફાયદા-નુકસાનોની એક યાદી બનાવી રાખવી.

વ્યસન છોડવાની ઇચ્છા આપણી પોતાની હોવી જોઇએ. કેમ કે, અન્ય લોકોના કહેવાથી કરેલો વ્યસનનો ત્યાગ માત્ર થોડા દિવસ પૂરતો જ ટકે.

મનમાં એવું દૃઢ કરી લેવું જોઇએ કે, 'વ્યસન એ માત્ર ગુલામી, બરબાદી અને દુઃખ જ છે.'

૨) વ્યસન છોડવા વિશેની માન્યતા બદલવી.

વ્યસન છોડવું તેને બોજ કે દુઃખ ન માનીએ, પરંતુ 'એક પરમ શત્રુનો ત્યાગ કરું છું' તેવું સમજીએ.

૩) વ્યસન છોડવાની કોઇ પણ એક તારીખ નક્કી કરી લેવી.

ઘણા વ્યસની વ્યસન છોડવાનું નક્કી કરે છે, પરંતુ ચોક્કસ સમય નિર્ધારિત ન હોવાથી તેને પોતાનું મન રમાડયા કરે છે કે, 'આજ-કાલમાં વ્યસન છોડી દઇશ.' પરંતુ આવા લોકો કયારેય વ્યસન છોડી શકતા નથી.

૪) શ્રીહરિની મદદ લેવા માટે રોજ પ્રાર્થના કરવી. એ અવશ્ય આપણને મદદ કરીને વહેલી તકે વ્યસનમુક્ત કરશે.

૫) આપણે શા માટે વ્યસનો છોડવા છે? તેના મુખ્ય ત્રણેક કારણ શોધી, આપણને દેખાય તેવી જગ્યાએ મોટા અક્ષરે લખી રાખવું; જેથી તે વારંવાર યાદ આપ્યા કરે.

૬) વ્યસન છોડવાની ઇચ્છા પરિવારજનો તથા સહચર મિત્રોને જણાવવી. કેમ કે જો વ્યસન છોડવાની ઇચ્છાની જાણ માત્ર પોતા પૂરતી જ રાખીશું, તો મન આપણને ગમે ત્યારે છેતરશે. તેથી સહચરોને જાણ કરવાથી તેઓ યોગ્ય સમયે ખૂબ જ મદદ કરી શકશે.


૭) વ્યસન છોડવાની પ્રક્રિયા દરમ્યાન એક-બે નજીકના, જે આપણી હરેક ક્રિયા કે વિચારથી વાકેફ રહી શકે અને જરૂર પડે તો ઊલટ તપાસ કરીને પણ મદદ કરી શકે, તેવા નિર્વ્યસની સ્નેહીજનો સાથે સંપૂર્ણ નિખાલસ રહેવું.

૮) આત્મવિશ્વાસ કેળવ્યા વિના એકસાથે વ્યસન છોડવાની કોશિશ ન કરવી.

વ્યસની જયારે એકસાથે સંપૂર્ણ વ્યસન છોડવા ઇચ્છે છે, ત્યારે તે ઘણીવાર હારી જાય છે. આમ અનેક હાર પછી તે નાહિંમત થઇ જાય છે અને 'મારાથી હવે વ્યસન નહીં છૂટે' એવું સ્વીકારી લે છે. માટે ધીરે-ધીરે વ્યસન ઘટાડતા જવું.

૯) હિંમતપૂર્વક પોતાના વ્યસની મિત્રોનો સંગ છોડી દેવો. કારણ કે વ્યસની મિત્રો ગમે તે સમયે વ્યસનનો આગ્રહ કરી શકે છે. જેમાં લોભાઇ જવાની પૂરેપૂરી શકયતા છે.

૧૦) જો કદાચ કોઇ વ્યસન માટે આગ્રહ કરે તો તેને શરમ રાખ્યા વિના હિંમતપૂર્વક ચોખ્ખી 'ના' પાડી દેવાની ટેવ પાડવી. ■



feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# આસામની જડીબૂટ્ટી



ભારતના ઉત્તરપૂર્વ ભાગમાં વસેલું રાજ્ય જ્યાં પ્રકૃતિએ પોતાનો પૂર્ણ વૈભવ અને વિવિધતા વેરાવેલી છે. કુદરતના બે સ્વરૂપ એક અનમોલ, આલ્હાદક સૌંદર્ય અને પૂરનું વિનાશકારી સ્વરૂપ. હરિયાળી, નદીયો, પહાડો, વન્યજીવ, દુર્લભ વનસ્પતિઓ અને અનોખી સંસ્કૃતિનો સંગમ. બારેમાસ હરિયાળું તેમ જ વહેતી નદીઓ જે મનોહારી છે. એવું ભારતનું આકર્ષક અને પડકારપૂર્ણ રાજ્ય આસામ છે. વરસાદી મોસમમાં પૂરના ઉગ્ર સ્વરૂપ હોય છે. બ્રહ્મપુત્રા નદીમાં પૂરના કારણે ઘણીય ક્ષતિ થાય છે છતાં પણ ત્યાંના લોકોએ પોતાની સંસ્કૃતિ અને કુદરતી વૈભવને સાચવી રાખ્યો છે. કુદરતી ભોજન એ ત્યાંની મોટી વિશેષતા છે. આસામ રાજ્યમાં રહેતા લોકો સરળ સૌમ્ય છે. તેઓ પ્રાકૃતિક રહેણીકરણી શૈલીથી રહે છે. એ નોંધવાલાયક છે. અહીંયા ઘણા પ્રકારની વનસ્પતિઓ છે જેની આંકણી ઔષધીય રૂપે પણ થાય છે.

ભારતીય રસોડામાં જેનો અત્યાધિક ઉપયોગ થાય છે તે છે કોથમીર. આસામમાં તેવું જ વપરાતું માન ધનીયા કે આસામી સીલાંટ્રો આની એક પ્રાકૃતિક મીઠાસ છે. ઔષધીય ગુણોથી ભરપૂર છે. સામાન્ય કોથમીર કરતાં અલગ છે. જેને આસામમાં પથ્થર ધનિયા કે લાઉધનિયા પણ કહે છે. ઘણીવાર મુંબઈમાં પણ જોવા મળે છે.

આસામી માન ધનિયા એન્ટીઓક્સિડેન્ટ વિટામિન-સી અને ખનિજની માત્રાથી ભરપૂર છે. પાચનક્રિયાને સુધારી ભૂખને વધારે છે. ગેસ સોજા જેવી પેટની સમસ્યાઓમાં રાહત આપે છે. બ્લડ સુગરને નિયંત્રિત કરે છે. ડાયાબિટીસ રોગીને આનો રસ લેવો ફાયદાકારક છે. વિટામિન-સી ત્વચાને નિખારે છે. કરચલી પડતી રોકે છે. દાગ-ખીલ માટે આનો લેપ કરવાથી સમસ્યા દૂર થાય છે. એન્ટીઓક્સિડેન્ટના કારણે શરીરની રોગ પ્રતિકારક ક્ષમતા વધારે છે. બેકટેરિયાના સંક્રમણથી બચાવે છે. આનું શાક, ચટણી, જ્યૂસ બનાવી લઈ શકાય છે. આનો જ્યૂસ કોલેસ્ટ્રોલને નિયંત્રિત રાખવા માટે ખૂબ જ મદદગાર છે.

વિયતનામી ધનિયા જે આસામમાં ખૂબ મોટો વપરાશ થાય છે. આના પાન લાંબા અને સાંકડા હોય છે તેના ચેસ્ટનટ રંગના નાના ધાણા હોય છે. આ તીવ્ર ગંધ અને



થોડી તીખી હોય છે. વિટામિન સી મોટા પ્રમાણમાં છે. લગભગ બધાં જ વ્યંજનોમાં આનો ખૂબ મોટો ઉપયોગ થાય છે. આનું વૈજ્ઞાનિક નામ પર્સીકિરિયા ઓડોરેટા છે. આસામી પ્રકારના અથાણાંમાં આનો ઉપયોગ થાય છે.

કેડીલીફ આ પણ એક પ્રકારની કોથમીર છે. આની મીઠાસ સાકર કરતાં ત્રણસો ગણી છે. મીઠી તુલસી પણ કહેવાય છે. આનું વૈજ્ઞાનિક નામ સ્ટીર્વિયા રેખાઉડિયાના બર્ટોની છે. પ્રાકૃતિક રીતે મીઠી પણ બહુ ઓછી કેલરીવાળી છે. આનું હાલનું જે અધ્યન થયું છે તેમાં જણાયું કે એડીક્રાઈમ, મેટાબોલિક, પ્રતિરક્ષા અને હૃદયસંબંધી બીમારીઓના ઉપચાર કરવાનો ગુણ છે. કારણ આ સેલુલર સિગ્નલિંગ પ્રણાલી પર પ્રભાવ પાડે છે. આ એક અવિશ્વસનીય રૂપમાં મીઠી જડીબૂટ્ટી છે.

પોનોઉનુવા જાક આ વનસ્પતિ જે પાચનને સુધારે તેથી આસામની બધી જ દાળ બનાવતી વખતે વપરાય છે.

કોસુ જાક જેને ચરબી કે તારો કે પતે નામથી ઓળખાય છે જે હૃદયના સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે. આને બાફીને ખવાય છે.

કાંચનાર આ એક પ્રસિદ્ધ જડીબૂટ્ટી છે જે બધા જ પ્રકારની ગાંઠો તોડવા માટે રામબાણ ઈલાજ છે. વજનને જલદીથી ઘટાડે છે જેથી આને કાંચનાર ગૂગળ કહે છે. આનું શાક બનાવી આસામમાં ખવાય છે.

આઉટંગા આને હાથીસેબ કહેવાય છે જેનો ઉપયોગ કરી અને અથાણું બનાવવા વપરાય છે. આ ત્યાં ખાસ ડાયાબિટીસ માટે વપરાય છે.

કુટકી આ એક ચિરસ્થાયી જડીબૂટ્ટી છે. જેની ઉપચારાત્મક શક્તિ માટે પ્રસિદ્ધ છે. જેમાં હેપેટોપ્રોટેક્ટિવ અને એન્ટીઓક્સિડેન્ટથી ભરપૂર છે. જે લીવર સમસ્યા માટે ખાસ કરીને કમળા માટે ખૂબ ઉપયોગી છે. હૃદયના સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે.

ભૂતજલીકિયા આ દુનિયાની સૌથી તીખી મરચી છે. જે આસામમાં ખૂબ મોટાપાયે ઉપયોગી થાય છે. પાચન માટે વપરાય છે. જે સૌથી મોંઘી પણ છે. આની મેડીસીન વેલ્યૂ ખૂબ જ છે જેથી મેડીસીનમાં પણ વપરાય છે.

મિશમી ટીટા - આ એક આસામની જડીબૂટ્ટી છે. જેનો ઉપયોગ તાવ અને પેટની સમસ્યા માટે થાય છે. આ કડવી દવા જેવું છે.

આસામ એક પ્રાકૃતિક રાજ્ય છે. લગભગ ત્રણસોથી પણ અધિક જડીબૂટ્ટીઓ મળે છે. કાળા ચોખા (બ્લેક રાઈસ),બાંબૂ, એવાકાડો અને બીજા ઘણાય પ્રકારનાં સુંગધી ચોખા માટે તે પ્રસિદ્ધ છે. ■

# સ્પેનમાં બે ટ્રેન અથડાઈ, ૭૩ મોત



અકસ્માતઃસ્પેનમાં ગઈકાલે બે ટ્રેન અથડાતાં ગમખ્વાર અકસ્માત થયો હતો. (એજન્સી)

મેડ્રિડઃ સ્પેનમાં રવિવારે સાંજે સર્જાયેલા એક ભયાનક ટ્રેન અકસ્માતમાં ૩૯ લોકોનાં મોત થયા હતા અને અનેક મુસાફરો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. દક્ષિણ સ્પેનના કોર્ડોબા પાસે હાઈ-સ્પીડ ટ્રેન પાટા પરથી ઉતરી જતાં સામેથી આવતી બીજી ટ્રેન સાથે અથડાતા આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સ્પેનના પરિવહન પ્રધાન ઓસ્કર પુએન્ટેએ આ જાનહાનિની પુષ્ટિ કરી હતી.

મળતી વિગતો અનુસાર, અકસ્માત ત્યારે થયો જ્યારે માલાગા-મેડ્રિડ જતી ટ્રેન જેમાં આશરે ૩૦૦ મુસાફરો હતા તે પાટા પરથી ઉતરી ગઈ હતી અને સામેના પાટા પર આશરે ૨૦૦ મુસાફરોને લઈને આવી રહેલી મેડ્રિડ-હુએલ્વા ટ્રેન સાથે અથડાઈ હતી. આ અથડામણ એટલી ભીષણ હતી કે મુસાફરોએ તેને ભૂકંપ જેવો અનુભવ ગણાવ્યો હતો. ટ્રેનના ડબ્બાઓમાં ધુમાડો ભરાઈ જતાં મુસાફરોએ બારીના કાચ તોડીને બહાર નીકળવું પડ્યું હતું. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં લોકો કાટમાળમાંથી બહાર નીકળવા માટે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા.

દુર્ઘટનાની વિગતો મળતાની સાથે જ બચાવ કામગીરી માટે સ્પેનની મિલિટરી ઈમર્જન્સી યુનિટ અને રેડ ક્રોસની ટીમોએ ભારે જહેમત આદરી હતી. જો કે રાતના સમયે સર્જાયેલી દુર્ઘટનામાં બચાવ કામગીરીમાં અંધારું એક અવરોધ બન્યું હતું, તેમ છતાં સ્થાનિકોએ મદદ માટે ધાબળા અને પાણી પહોંચાડ્યા હતા. પ્રાદેશિક આરોગ્ય પ્રમુખ એન્ટોનિયો સાન્ઝે જણાવ્યું હતું કે ૭૩ ઈજાગ્રસ્તોને છ અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

જોકે હજુ સુધી અકસ્માતનું કારણ જાણી શકાયું નથી. પરિવહન પ્રધાને આ ઘટનાને અત્યંત વિચિત્ર ગણાવી હતી કારણ કે આ અકસ્માત રેલવેના એક સપાટ પટ્ટા પર થયો હતો જેનું ગત મે મહિનામાં જ નવીનીકરણ કરવામાં આવ્યું હતું. હાલ તપાસ શરૂ કરવામાં આવી હતી, જે પૂર્ણ થતા એક મહિના જેટલો સમય લાગી શકે છે. ■

# ઉમર ખાલિદને જામીન મળવા જોઈએઃ ભૂતપૂર્વ સીજેઆઈ ચંદ્રચૂડ

## -તો ચંદ્રચૂડના કાર્યકાળમાં જામીન અરજી દસ વાર મોકૂફ કેમ રખાયેલી?ઃ કૉંગ્રેસ

નવી દિલ્હીઃ દિલ્હી રમખાણ કેસને મામલે ખટલો ચલાવ્યા વિના જ લગભગ પાંચ વર્ષ જેલમાં વીતાવનાર આરોપી ઉમર ખાલિદ સંબંધિત કેસને ટાંકીને ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) ડી. વાય. ચંદ્રચૂડે જામીન અંગેની સૌથી વિવાદાસ્પદ ચર્ચાઓમાંની એકને સંબોધી હતી.

જયપુર સાહિત્ય મહોત્સવ દરમિયાન વીર સંઘવી સાથે વાતચીત કરતાં ચંદ્રચૂડે લાંબા સમયના જેલવાસને કારણે અસ્વસ્થ પરિસ્થિતિ ઊભી થઈ હોવાની બાબતને સમર્થન આપ્યું હતું.

મેં જેનો ઉલ્લેખ કર્યો છે એ તમામ સિદ્ધાંતોમાંનો પ્રત્યેક એ વાસ્તવિકતા તરફ અંગૂલીનિર્દેશ કરે છે કે જામીનની શરતોનું ઉલ્લંઘન ન થાય તેની તમે ખાતરી કરી શકો છો.

દરમિયાન કૉંગ્રેસનાં પ્રવક્તા અને પક્ષનાં સોશ્યલ મીડિયા ડિપાર્ટમેન્ટનાં વડાં સુપ્રિયા શ્રીનેતે કહ્યું હતું કે ઉમર ખાલિદની જામીન અરજી ૨૦૨૩માં દાખલ કરવામાં આવી હતી, પરંતુ ચંદ્રચૂડ જ્યારે મુખ્ય ન્યાયાધશ હતા તે સમયે જ જામીન અરજીની સુનાવણી ૧૦ વખત મુલતવી રાખવામાં આવી હતી.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં સુપ્રિયાએ લખ્યું હતું કે જો ઝડપી ટ્રાયલ શક્ય ન હોય તો જામીન કાયદેસર છે અપવાદ નથી. લિટરેચર ફેસ્ટિવલ દરમિયાન તેમણે આકર્ષક શબ્દોનો ઉપયોગ કર્યો હતો, પરંતુ તેઓ જ્યારે હોદ્દા પર હતા ત્યારે કઈ બાબતે તેમને સાચી વસ્તુ કરતા રોક્યા હતા? (એજન્સી) ■

# કિશ્તવાડમાં સર્ચ ઓપરેશન ચાલુઃ એક પેરાટ્રૂપર શહીદ

જમ્મુ : કિશ્તવાડ જિલ્લાના ઉપરના ભાગોમાં છુપાયેલા આતંકવાદીઓને શોધવા માટે સોમવારે બીજા દિવસે પણસર્ચ ઓપરેશન ચાલુ રહ્યું હતું અને આતંકવાદીઓ સાથેની અથડામણમાં ગંભીર રીતે ઘાયલ થયેલા એક પેરાટ્રૂપર શહીદ થયાં હતાં, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

રવિવારે ચતરૂ પટ્ટામાં મંડરાલ-સિંહપોરા નજીકના સોન્નાર ગામમાં આ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં અથડામણમાં આતંકવાદીઓ દ્વારા અચાનક ગ્રેનેડ હુમલાને કારણે આઠ સૈનિક ઘાયલ થયા હતા. રવિવારે મોડી રાત્રે આ ઓપરેશન સ્થગિત કરવામાં આવ્યું હતું અને આજે વહેલી સવારે ગીચ ઝાડીઓ અને ઢોળાવવાળા પડકારજનક પ્રદેશમાં ફરી શરૂ કરવામાં આવ્યું હતું.

ઘાયલ સૈનિકોમાંથી એક, હવાલદાર ગજેન્દ્ર સિંહે ૧૮ અને ૧૯ જાન્યુઆરીની રાત્રે અહીંની લશ્કરી હોસ્પિટલમાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા હતા, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. વાઇટ નાઈટ કોર્પ્સના જનરલ ઓફિસર કમાન્ડિંગ અને તમામ રેન્ક સ્પેશિયલ ફોર્સના હવાલદાર ગજેન્દ્ર સિંહને શ્રદ્ધાંજલિ આપે છે, જેમણે ચાલુ ઓપરેશન ત્રાશી-ઈ દરમિયાન સિંગપોરા વિસ્તારમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી વખતે બહાદુરીપૂર્વક સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું.

અમે તેમની અદમ્ય હિંમત, બહાદુરી અને ફરજ પ્રત્યે નિઃસ્વાર્થ સમર્પણનું સન્માન કરીએ છીએ અને આ ગહન દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવાર સાથે મજબૂત રીતે ઉભા છીએ, તેવું સેનાએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ડ્રોન અને સ્નિફર ડોગ્સ દ્વારા સમર્થિત સેના, પોલીસ અને અર્ધલશ્કરી દળોની અનેક ટીમો, આતંકવાદીઓ ભાગી ન શકે તે સુનિશ્ચિત કરવા માટે કડક સુરક્ષા ઘેરાબંધી જાળવી રાખીને વિસ્તારની તપાસ કરી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પાકિસ્તાન સ્થિત જૈશ-એ-મોહંમદ સાથે સંકળાયેલા બે થી ત્રણ આતંકવાદીનું એક જૂથ આ વિસ્તારમાં ફસાયેલું હોવાનું માનવામાં આવે છે. દિવસના પ્રથમ પ્રકાશ સાથે ઓપરેશન ફરી શરૂ થયું હતું અને છેલ્લા અહેવાલો મળ્યા ત્યારે ચાલુ હતું. ■

# મોદી સરકાર હવે રોજગાર અધિકારને 'રેવડી'માં બદલશેઃ ખડગે-રાહુલનો ગ્રામજનોને પત્ર

નવી દિલ્હીઃ મનરેગાનું સ્થાન લેનારા નવા વીબી-જી રામ જી એક્ટનો વિરોધ કરતાં કોંગ્રેસના નેતાઓ મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે દેશની ગ્રામીણ વસ્તી માટે કામ હવે 'રેવડી' બની જશે, જે સરકારની ઇચ્છા મુજબ તેમને આપવામાં આવશે અને તે હવે તેમનો અધિકાર રહેશે નહીં.

ગ્રામીણ લોકોને લખેલા પત્રમાં કોંગ્રેસના નેતાઓએ આરોપ લગાવ્યો કે તેમના કામ કરવાના અધિકારની ચોરી કરવામાં આવી રહી છે અને સાથે જ નવા કાયદા દ્વારા રાજ્યો પર આર્થિક બોજ નાખવામાં આવી રહ્યો છે. ખડગે અને ગાંધી દ્વારા લખવામાં આવેલો આ પત્ર કોંગ્રેસના રાષ્ટ્રવ્યાપી 'મનરેગા બચાવો સંગ્રામ'નો એક ભાગ છે. જેમાં જૂના કાયદાને ફરીથી લાગુ કરવાની માંગ કરવામાં આવી છે. ૧૦ જાન્યુઆરીથી શરૂ થયેલું આ અભિયાન પચીસ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે.

કોંગ્રેસે તેના તમામ રાજ્ય એકના વડાઓને આ પત્રનો તમામ સ્થાનિક ભાષાઓમાં અનુવાદ કરાવીને ગ્રામીણ લોકો સુધી પહોંચાડવા જણાવ્યું છે. પત્રમાં જણાવાયું છે કે ૨૦ વર્ષ પહેલા તત્કાલિન વડા પ્રધાન મનમોહન સિંહના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ સરકારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ(મનરેગા) લાગુ કરીને કામ કરવાના બંધારણીય અધિકારને જીવંત બનાવ્યો હતો.

તેમાં જણાવાયું છે કે ત્યારથી મનરેગાએ ૧૮૦ કરોડથી વધુ દિવસનું કામ ઉત્પન્ન કર્યું છે. ગામના તળાવો અને રસ્તાઓ જેવી લગભગ ૧૦ કરોડ સંપત્તિઓનું નિર્માણ કર્યું છે અને ગ્રામ પંચાયતોને ગ્રામ્ય કક્ષાના પ્રોજેક્ટ્સ પર નિર્ણયો લેવાનો અધિકાર આપીને પંચાયતી રાજ વ્યવસ્થાને મજબૂત બનાવી છે. ■

# 'સર': બંગાળમાં ગરબડવાળા નામ જાહેર કરવા સુપ્રીમ કોર્ટનો આદેશ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (સર)ના કેસમાં સુપ્રીમ કોર્ટે પારદર્શિતા સુનિશ્ચિત કરવા મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, પંચાયત અને વોર્ડ ઓફિસોમાં જેમના રેકોર્ડમાં કોઈપણ પ્રકારની ગરબડ મળી છે, તે તમામ વ્યક્તિઓના નામ જાહેર કરવામાં આવશે. આ નિર્ણય મામલે કોર્ટનું માનવું છે કે, આના કારણે પ્રભાવિત લોકોને સમયસર માહિતી મળશે અને તેઓ તેમના અધિકારોમાંથી વંચિત નહીં રહે. માત્ર માહિતીના અભાવના કારણે કોઈ પણ વ્યક્તિ પોતાના અધિકારથી વંચિત રહે તે ક્યારેય સ્વીકાર્ય નથી. એટલા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

વધારે વિગતે વાત કરવામાં આવે તો, સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે, આ યાદીઓ તાત્કાલિક સ્થાનિક સરકારી કચેરીઓના નોટિસ બોર્ડ પર ચોંટાડવામાં આવે જેથી લોકો તેને સરળતાથી જોઈ શકે. નોંધનીય છે કે, આ ચુકાદો આપીને જે લોકોના દસ્તાવેજોમાં કોઈ ખામી હતી તેવા લોકોને સુપ્રીમ કોર્ટે મોટી રાહત આપી છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે છેલ્લી તારીખ નીકળી ગઈ હોય તો પણ ફોર્મ અને દસ્તાવેજો નીકળી દેવા પડશે. લોકો પોતે ન જઈને પોતાના પ્રતિનિધિ દ્વારા પણ કાગળો જમા કરાવી શકે છે.

કોર્ટના ચુકાદા પ્રમાણે પંચાયત કે બ્લોક ઓફિસમાં લિસ્ટ લગ્યા પછી ૧૦ દિવસમાં ફરિયાદ કે આપત્તિ નોંધાવી શકાશે. સરકારને દરેક પંચાયત અને બ્લોક ઓફિસમાં વિશેષ ડેસ્ક બનાવવાનો આદેશ આપ્યો છે, આના કારણે લોકોને સરકારી કચેરીઓમાં નકામા ધક્કા ખાવાથી રાહત મળશે અને કામ સરળતાથી કરાવી શકાશે. માત્ર એસઆઈઆર મામલે જ નહીં પરંતુ સુપ્રીમ કોર્ટે મમતા સરકારને રાજ્યમાં શાંતિ જાળવવા કડક આદેશ આપ્યા છે. ■

# ઉન્નાવ રેપ કેસઃ દિલ્હી હાઇ કોર્ટે કુલદીપ સેંગરની અરજી ફગાવી

નવી દિલ્હીઃ દિલ્હી હાઇકોર્ટે સોમવારે ઉન્નાવ દુષ્કર્મ પીડિતાના પિતાના કસ્ટડીમાં મૃત્યુના કેસમાં ભાજપમાંથી હાંકી કાઢવામાં આવેલા નેતા કુલદીપ સિંહ સેંગરને ફટકારવામાં આવેલી ૧૦ વર્ષની જેલની સજા સ્થગિત કરવાનો ઇનકાર કર્યો હતો.

ન્યાયાધીશ રવિન્દર ડુડેજાએ જણાવ્યું કે સજા સ્થગિત કરવાની અરજી ફગાવવામાં આવે છે. ન્યાયાધીશે કહ્યું કે સેંગરે લાંબો સમય જેલમાં વિતાવ્યો હોવા છતાં દોષિત ઠેરવવા સામેની અપીલનો નિર્ણય લેવામાં વિલંબના આધારે તેમને રાહત આપી ન શકાય.

કારણ કે વિલંબ આંશિક રીતે એટલા માટે થયો હતો કારણ કે તેમણે આ કેસમાં અનેક અરજીઓ દાખલ કરી હતી.

કોર્ટે જણાવ્યું કે તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને અને કાનૂની માળખા, સસ્પેન્શનને નિયંત્રિત કરતા ન્યાયિક સિદ્ધાંતો, અપીલકર્તાના ભૂતકાળના રેકોર્ડ અને પ્રકાશમાં આવેલા કોઇપણ નવા સંજોગોની ગેરહાજરીનો વિચાર કર્યા પછી કોર્ટને રાહત આપવાનો કોઇ આધાર મળતો નથી.

કોર્ટે અપીલની સુનાવણી માટે ૩ ફેબ્રુઆરીની તારીખ નક્કી કરી છે. ૧૩ માર્ચ, ૨૦૨૦ના રોજ એક ટ્રાયલ કોર્ટે સેંગરને આ કેસમાં ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારતી હતી. તેમજ ૧૦ લાખ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખોરું | FOOD |
| ખોરડું | BODY |
| ખોરાક | DONKEY |
| ખોલકો | RANCID |
| ખોળિયું | ROOM |

### માતૃભાષાની મહેક

મનવા પર ઘર પહોંચી દુઃખ ન કહીએ રોઈ, માન ગુમાવીએ આપણું વહેંચી ન લેતું કોઈ રીતે દુહો સમજવો જોઈએ. પારકે ઘરે જઈ પોતાની વ્યથા ઠાલવી આંસુ ન સારવા, કારણ કે એમ કરવાથી આબરૂના ધજાગરા થાય છે અને એ દુઃખમાં કોઈ સહભાગી નથી થતું. મુસીબત માથે પડે ત્યારે સ્વસ્થ રહી, હસતા મોઢે એનો સામનો કરવાનો હોય.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ZOOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પાણી
બ) પ્રાણી
ક) પાતાળ
ડ) પારો

### ઈર્શાદ

ભૂલી ગયો છું એમ તો દુનિયાનાં ઘર તમામ,
આવી રહ્યું છે યાદ મને એનું ઘર હજી.
-- શેખાદમ આબુવાલા

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | | ૬ | ૭ |
| ૮ | | | ૯ | | | | | ૧૦ | |
| | ૧૧ | | | | | | ૧૨ | | |
| ૧૩ | | | | ૧૪ | | ૧૫ | | | |
| | | ૧૬ | | | | | ૧૭ | | ૧૮ |
| ૧૯ | | | | | ૨૦ | | | | |
| | | ૨૧ | | | | | | ૨૨ | |
| ૨૩ | ૨૪ | | | ૨૫ | | ૨૬ | | | |
| ૨૭ | | | ૨૮ | | | | | ૨૯ | ૩૦ |
| ૩૧ | | | | | | ૩૨ | | | |

**આડી ચાવી**

૧. માપવાનો ગજ (૪)
૪. અવિવેકી (૫)
૮. વિષ્ણુ, શ્રીકૃષ્ણ (૨)
૯. ગણપતિ (૪)
૧૦. લક્ષ્મી (૨)
૧૧. ત્યાગ કરવો, છોડવું (૩)
૧૨. એકાકી, કોઈના સાથ વિનાનું (૩)
૧૩. છૂટું, બંધનરહિત (૨)
૧૫. પોપટ (૨)
૧૬. પૃથ્વી (૩)
૧૭. લક્ષ્મીપતિ વિષ્ણુ (૩)
૧૯. કામદેવ (૩)
૨૦. એક કેફી પદાથ (૩)
૨૧. સ્ત્રીઓનું નાકનું ઘરેણું (૨)
૨૨. વય, ઉંમર (૨)
૨૩. સહેલું, સરળ (૩)
૨૬. સંકેત (૩)
૨૭. ત્વરા, ગતિ (૨)
૨૮. સુંદર સ્ત્રી (૪)
૨૯. પગથિયાવાળો ઊંડો કૂવો (૨)
૩૧. શરણે કે આશ્રયમાં (૫)
૩૨. નઠોર, જડ (૪)

**ઊભી ચાવી**

૧. મહિનો (૨)
૨. ત્યજી દીધેલું (૪)
૩. ડગમગવું (૩)
૪. વિવેક, સભ્યતા (૩)
૫. --- લેવું=હઠ કે મમત કરવી (૨)
૬. હીરો (૩)
૭. નિર્માલ્ય (૩)
૧૨. બરાબર ભળી ગયેલું (૪)
૧૩. રહેઠાણ (૩)
૧૪. હાથ (૨)
૧૬. તવંગર, પૈસાદાર (૪)
૧૮. દીર્ઘાયુ, સો વર્ષનું (૩)
૨૦. --- મંગની પટ બ્યાહ (૨)
૨૨. અંત, છેડો (૪)
૨૩. જુસ્સો (૩)
૨૪. સરિત્પતિ (૩)
૨૫. પડતી દશા (૩)
૨૬. પ્રમાણિકતા (૩)
૨૮. એક કઠોળ (૨)
૩૦. પાઘડીનો --- છેડે (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ ખ | લ | ૨ ક | | | ૩ મા | ન | ભં | ૪ ગ |
| ૫ વા | ટ | | ૬ ર | ૭ ખ | ડે | લ | | | મા |
| ય | | ૮ ભ | ભૂ | ત | | મ | | ૯ મે | ર |
| ૧૦ કા | જી | | પ | | ૧૧ ઉ | તા | ૧૨ વ | ળા | |
| | | ૧૩ અ | ણ | ૧૪ ન | મ | | ૧૫ રાં | પ | ડી |
| ૧૬ અ | ૧૭ વે | જ | | ૧૮ વ | ર | ૧૯ જં | ગ | | |
| | ૨૦ પા | ય | ૨૧ દ | લ | | ગ | | ૨૨ ને | ૨૩ ક |
| ૨૪ ઉ | ર | | ર | | ૨૫ સ | પ | નું | | ડ |
| ન્ન | | | ૨૬ કા | મ | દા | ર | | ૨૭ દે | વું |
| ૨૮ ત | ક | રા | ર | | | ૨૯ સ્ત | વ | ન | |

### ઓળખાણ પડી?



અંદાજે છ હજાર વર્ષ પહેલા અસ્તિત્વમાં આવેલા અને મધુર ધ્વનિ ઉત્પન્ન કરતા તંતુ વાદ્ય - સ્ટ્રીંગ ઈન્સ્ટ્રુમેન્ટની ઓળખાણ પડી?

અ) CELLO બ) VIOLA ક) HARP ડ) CLARINET

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

'જે કહ્યું માને વિધાતાનું એ મુકદ્દર હું નહીં' પંક્તિમાં 'મુકદ્દર' શબ્દનો અર્થ જણાવો.

અ) મરજી બ) મોહબ્બત ક) નસીબ ડ) ઈરાદો

### માઈન્ડ ગેમ

વિવિધ દેશની અલગ અલગ લાક્ષણિકતા હોય છે. વિશ્વનો કયો દેશ ઊગતા સૂર્યના દેશ તરીકે ખ્યાતિ ધરાવે છે એ જાણો છો?

અ) ભૂતાન બ) જાપાન ક) ઈરાન ડ) મલેશિયા

### સુડોકુ-૯૧૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૩ | | ૬ | | | |
| ૫ | | ૩ | | | | ૮ | | ૯ |
| | | ૭ | ૧ | | ૮ | ૪ | | |
| ૮ | ૪ | | ૭ | | ૧ | | ૯ | ૫ |
| | | | | | | | | |
| ૧ | ૩ | | ૯ | | ૨ | | ૮ | ૭ |
| | | ૬ | ૨ | | ૫ | ૯ | | |
| ૯ | | ૧ | | | | ૫ | | ૩ |
| | | | ૮ | | ૯ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૭ | ૩ | ૧ | ૫ | ૨ | ૬ | ૮ | ૪ |
| ૮ | ૨ | ૫ | ૪ | ૩ | ૬ | ૧ | ૭ | ૯ |
| ૪ | ૬ | ૧ | ૭ | ૯ | ૮ | ૩ | ૫ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૫ | ૪ | ૧ | ૯ | ૬ | ૮ |
| ૫ | ૯ | ૮ | ૨ | ૬ | ૩ | ૪ | ૧ | ૭ |
| ૧ | ૪ | ૬ | ૯ | ૮ | ૭ | ૫ | ૨ | ૩ |
| ૨ | ૫ | ૭ | ૩ | ૧ | ૯ | ૮ | ૪ | ૬ |
| ૩ | ૮ | ૪ | ૬ | ૨ | ૫ | ૭ | ૯ | ૧ |
| ૬ | ૧ | ૯ | ૮ | ૭ | ૪ | ૨ | ૩ | ૫ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખોખરો | ROUGH |
| ખોગીર | SADDLE |
| ખોટકાવું | STOP |
| ખોડ | DEFECT |
| ખોટ | LOSS |

**ગુજરાત મોરી મોરી રેઃ** પાણી

**ઓળખાણ પડી?** અહમદનગર

**માઈન્ડ ગેમ :** તુતીકોરીન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** છોડીને

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) નીતા દેસાઈ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભારતી બુચ (૭) શ્રદ્ધા આશર (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) શીરીન ઔરંગાબાદવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) લજિતા ખોના (૧૭) નિખિલ બંગાળી (૧૮) હર્ષા મહેતા (૧૯) અમીશી બંગાળી (૨૦) જયવંત પદમશી ચિખલ (૨૧) કિરીટ છેડા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) ભરત કજરિયા (૨૫) ભાવના કર્વે (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) કમલ માતલિયા (૨૮) મહેશ સઘવી (૨૯) ચેતના છેડા (૩૦) અંજુ ટોલિયા (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) ડાયના સંતોકે (૩૪) રમેશભાઈ દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) હિનાબેન દલાલ (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) અરવિંદ કામદાર (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) નિતીન જયંતિલાલ બજરિયા (૪૩) પ્રવીણ વોરા (૪૪) નીતા દેસાઈ (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬ ડૉ. પ્રકાશ કટકિયા (૪૭) મહેશ દોશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ધીરેન્દ્ર મુલરાજ (૫૦) ગીતા ઉદ્દેશ

# ક્યાંક ભાજપ ઉદ્ધવ ઠાકરે સાથે તો ક્યાંક કૉંગ્રેસ શિંદે સાથે

## રાજ્યમાં મેયર પદ માટે મોટી હલચલ

મુંબઈ : રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી મ્યુનિસિપલ ચૂંટણીઓના પરિણામો આવી ગયા છે. આ ચૂંટણીમાં ભાજપે પ્રચંડ વિજય મેળવ્યો છે. પરિણામો પછી, મેયર કોણ બનશે તે અંગે ચર્ચા ચાલી રહી છે. કેટલીક નગરપાલિકાઓના પરિણામોએ મૂંઝવણ ઊભી કરી છે. રાજ્યની વિવિધ નગરપાલિકાઓની પરિસ્થિતિ જોતાં ગઠબંધન કરીને આ મૂંઝવણનો ઉકેલ લાવવો જરૂરી છે. જેવી ગૂંચવણ ચૂંટણીમાં કોનું ગઠબંધન, કોની સાથે, કયા સ્થળે છે? તેના વિશે હતી, તેવી જ સ્થિતિ પરિણામો પછી, હવે મેયર પદ માટે પણ દેખાઈ રહી છે. ચાલો આ વિશે વધુ વિગતવાર માહિતી મેળવીએ.

### ■ ચંદ્રપુરમાં બીજેપી અને ઠાકરે શિવસેના સાથે આવશે?

ચંદ્રપુર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શિવસેના ઠાકરે જૂથ અને કોંગ્રેસ ગઠબંધન કરશે તેવા સંકેતો મળી રહ્યા હતાં. શિવસેના ઉબાઠા જૂથના જિલ્લા પ્રમુખ સંદીપ ગિરહેએ જણાવ્યું છે કે જે અમારા મેયર બનાવશે અમે તેની સાથે જવા તૈયાર છીએ. હવે એવા અહેવાલ છે કે ચંદ્રપુર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સરકાર બનાવવા માટે ભાજપ અને શિવસેના યુબીટી વચ્ચે બેઠક યોજાઈ છે. શિવસેનાની આ ઓફર કોંગ્રેસ પર દબાણ વધારી શકે છે. જો શિવસેના ભાજપ સાથે હાથ મિલાવે, તો કોંગ્રેસના મોઢા સુધી આવેલો કોળિયો છીનવાઈ જાય એવી શક્યતા છે. બીજી તરફ કોંગ્રેસને સત્તામાં આવતા રોકવા માટે ભાજપ શિવસેનાને મેયર પદ આપે તેવી શક્યતા નકારી શકાય નહીં.

### ■ કોલ્હાપુરમાં કૉંગ્રેસ અને શિંદેની શિવસેના એક થવાની શક્યતા

કોલ્હાપુરમાં કોંગ્રેસ અને શિંદેની શિવસેના એક સાથે આવે તેવી શક્યતા છે. આ વિશે બોલતા સતેજ પાટીલે પડદા પાછળ શું ચાલી રહ્યું છે તેની માહિતી આપી છે. જો ૩૪ કોંગ્રેસના કોર્પોરેટરો અને ૧૫ શિંદે કોર્પોરેટરો ભેગા થાય તો કોલ્હાપુરમાં સરકાર બનાવવી શક્ય છે તેથી આ ગઠબંધન અંગેની બેઠકોએ વેગ પકડ્યો છે.

### ■ માલેગાંવમાં એઆઈએમઆઈએમ અને ઈસ્લામ પાર્ટી સાથે આવવાની શક્યતા

માલેગાંવમાં એઆઇએમઆઇએમ દ્વારા એક મોટી રાજકીય વાટાઘાટો શરુ છે. એઆઇએમઆઇએમ એ ઇસ્લામ પાર્ટીને ટેકો આપવાની તૈયારી કરી છે. સાંપ્રદાયિક પક્ષો અને શક્તિઓને રોકવા માટે આ ગઠબંધન રચાય તેવી શક્યતા છે. એઆઇએમઆઇએમ ધારાસભ્ય મુફ્તી ઇસ્માઇલે સ્પષ્ટ કર્યું છે કે તેઓ શિવસેના-ભાજપ સાથે સરકાર નહીં બનાવે. તેથી મુફ્તી ઇસ્માઇલે શહેરના હિત માટે ઇસ્લામ પાર્ટી, સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસ સાથે જોડાણનો સંકેત આપ્યો છે.

### ■ ઉલ્હાસનગરમાં વંચિત બહુજન આઘાડીને કારણે શિંદેની શિવસેનાનો મેયર બની શકે છે

ઉલ્હાસનગરમાં વંચિત બહુજન આઘાડીમાંથી ચૂંટાયેલા બે કોર્પોરેટરોએ શિંદેની શિવસેનાને સત્તાવાર રીતે ટેકો આપવાની જાહેરાત કરી છે. તેથી શિવસેનાનું સંખ્યાબળ વધીને ૪૦ થયું છે, જ્યારે ભાજપના ૩૭ કોર્પોરેટરો છે. વંચિત બહુજન આઘાડીના કોર્પોરેટરો સુરેખા સોનવણે અને વિકાસ ખરાતે નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેના નિવાસસ્થાને જઈને શિવસેનાને સમર્થન આપતો પત્ર સોંપ્યો છે. તેથી, શિંદે જૂથનો મેયર બને છે તો ડેપ્યુટી મેયર વંચિત બહુજન આઘાડીનો બનવાની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

### ■ કેડીએમસીમાં શિવસેના અને ભાજપ વચ્ચે આંતરિક સંઘર્ષ

કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મહાયુતિને સ્પષ્ટ બહુમતી મળી હોવા છતાં, મેયર પદને લઈને શિવસેના અને ભાજપ વચ્ચેનો આંતરિક સંઘર્ષ હવે સામે આવ્યો છે. અહીં બંને પક્ષો અલગ અલગ સત્તા સમીકરણો સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાથી રાજકીય વાતાવરણ ગરમાઈ રહ્યું છે. અહીં મહાયુતિના કુલ ૧૦૩ કોર્પોરેટરો ચૂંટાયા છે, જેમાં ૫૦ ભાજપના અને ૫૩ શિવસેના (શિંદે જૂથ)ના છે. સંખ્યાબળ હોવા છતાં, મેયર પદને લઈને શિવસેના અને ભાજપ વચ્ચે ખેંચતાણ ચાલુ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને પક્ષો પોતાના દમ પર સત્તા રચવા માટે આગળ વધી રહ્યા છે, અને ઉદ્ધવ ઠાકરે જૂથ, મનસે અને કોંગ્રેસનો ટેકો મેળવવા માટે ગુપ્ત પ્રયાસો થઈ રહ્યા હોવાની રાજકીય વર્તુળોમાં ચર્ચા છે. આ દરમિયાન એવી પણ ચર્ચા છે કે ઉદ્ધવ ઠાકરે જૂથના ચારથી પાંચ કોર્પોરેટરો શિવસેના શિંદે જૂથના સંપર્કમાં છે.



**પૂર્વ તૈયારીઃ** ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિન નિમિત્તે ઠેકઠેકાણે રાષ્ટ્રધ્વજ તિરંગો લહેરાવવામાં આવતો હોય છે ત્યારે હાલમાં કારીગરો તિરંગો બનાવવામાં વ્યસ્ત છે. (અમય ખરાડે)

### શિવસેનાના બે જૂથ, ઓવૈસીની એન્ટ્રી

# મુંબઈ મહાનગરપાલિકામાં પક્ષના કાર્યાલયોની સંખ્યામાં કરાશે વધારો

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકામાં છેલ્લા ત્રણ વર્ષથી બંધ રહેલી પાર્ટી ઓફિસો હવે ટૂંક સમયમાં ખુલવા જઈ રહી છે. જોકે આ વખતે શિવસેનામાં બે જૂથ પડવાને કારણે અને એમઆઇએમના આઠ કોર્પોરેટરો ચૂંટાઈ આવવાને કારણે મુંબઈ મહાનગરપાલિકામાં રાજકીય પક્ષોની સંખ્યા વધી છે. આથી જો આ રાજકીય પક્ષોના જૂથો માગણી કરશે, તો તેમને પાર્ટી ઓફિસ ફાળવવી પડશે. તે માટે મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને હવે તૈયારીઓ શરૂ કરવી પડશે.

મુંબઈ મહાનગરપાલિકાની મુદત માર્ચ ૨૦૨૨માં પૂરી થયા પછી પણ, પૂર્વ કોર્પોરેટરોની માગણી મુજબ થોડા સમય માટે પાલિકામાં પાર્ટીની ઓફિસ કચેરીઓ કાર્યરત રાખવામાં આવી હતી. જોકે, જૂન ૨૦૨૨માં શિવસેનામાં ભંગાણ પડ્યા બાદ ડિસેમ્બર ૨૦૨૨માં શિવસેનાના બે જૂથો વચ્ચે પાર્ટી જ મોટો વિવાદ થયો હતો. બંને પક્ષના કાર્યકરો સામસામે આવી ગયા હતા. જેના કારણે અંતે પાલિકા પ્રશાસને ડિસેમ્બર ૨૦૨૨માં પાલિકાની તમામ પાર્ટી ઓફિસોને તાળા મારી દીધા હતા. પરંતુ, તેને શરૂ કરવાની માગણી કરવામાં આવી હતી. આમ ભાજપના ભૂતપૂર્વ કોર્પોરેટરોને પાલિકામાં તેમના હકના કાર્યાલયો મળ્યા. પરંતુ, અન્ય તમામ પક્ષોના કાર્યાલયો બંધ કરી દેવામાં આવ્યા હતા. જ્યારે શિવસેના પક્ષના કાર્યાલયમાં પાલિકા પ્રશાસને કામચલાઉ ધોરણે ચૂંટણી કાર્યાલય શરૂ કર્યું છે.

મુંબઈ મહાનગરપાલિકા, રાજકીય પક્ષના કોર્પોરેટરોની સંખ્યાના આધારે પાર્ટીને નાના-મોટા હોલ પૂરા પાડે છે. શિવસેના છેલ્લાં પચીસથી ત્રીસ વર્ષથી મુંબઈ મહાનગરપાલિકામાં સત્તામાં હોવાથી તેમની પાસે સૌથી વધુ કોર્પોરેટરો હતા. તેથી તેમને મોટા પાર્ટી ઓફિસો આપવામાં આવ્યા હતા. આ ચૂંટણીમાં ભાજપના કોર્પોરેટરોની સંખ્યા ૮૯ થઈ ગઈ છે. તેથી આ વર્ષે તેમને એક મોટો હોલ આપવો પડશે.

બીજી તરફ શિવસેના પક્ષ બે જૂથોમાં વિભાજીત થયો હોવાથી, તેમને આ વર્ષે બે અલગ અલગ હોલ આપવા પડશે. જો મનસે અને એમઆઈએમ પણ હોલની માગ કરે, તો તેમને પણ હોલ આપવો પડશે. આ બાબતની હાલમાં મ્યુનિસિપલ વહીવટી સ્તરે સમીક્ષા કરવામાં આવી રહી છે.

મ્યુનિસિપલ એક્ટની જોગવાઈઓ અનુસાર જો કોઈ જૂથ પાસે બે કોર્પોરેટરો હોય અને તેઓ પાર્ટી ઓફિસની માગણી કરે તો તેમને ઓફિસ આપવી પડશે. જોકે તે માટે તેમણે કોંકણ ડિવિઝનલ કમિશનર પાસે ગ્રુપ તરીકે નોંધણી કરાવવી પડશે.

# નાલાસોપારામાં ૧.૮૫ કરોડ રૂપિયાની અંબરગ્રીસ જપ્તઃ બેની ધરપકડ

થાણેઃ નાલાસોપારા પૂર્વમાં ૧.૮૫ કરોડ રૂપિયાની અંબરગ્રીસ (વ્હેલની ઊલટી) વેચવા આવેલા શખસને તુલિંજ પોલીસે ઝડપી પાડ્યો હતો. આરોપીને અંબરગ્રીસ વેચવા માટે આપનારા થાણેના યુવકની પણ બાદમાં ધરપકડ કરવામાં આવી હતી.

તુલિંજ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ પાલઘર જિલ્લાના જવ્હાર તાલુકાના રહેવાસી કાદર ગફાર કરગથ્રા (૫૨) અને થાણેના કાસારવડલી વિસ્તારમાં રહેતા કિશોર મહાદેવ તપસાળે તરીકે થઇ હતી.

તુલિંજ પોલીસ સ્ટેશનના અધિકારીને માહિતી મળી હતી કે નાલાસોપારા પૂર્વમાં ૯૦ ફીટ રોડ પર પ્રગતિનગર ખાતે શનિવારે એક વ્યક્તિ અંબરગ્રીસ વેચવા માટે આવવાની છે. આથી પોલીસ ટીમે ત્યાં છટકું ગોઠવ્યું હતું અને કાદર ગફાર કરગથ્રાને તાબામાં લીધો હતો. કાદરની ઝડતી લેવામાં આવતાં અંબરગ્રીસ મળી આવી હતી. આથી કાદર વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરાઇ હતી. કાદરને અંબરગ્રીસ કાસારવડવલીમાં રહેનારા કિશોર તપસાળેએ આપી હોવાનું પૂછપરછમાં જાણવા મળ્યા બાદ તેને પણ તાબામાં લેવાયો હતો.

# ‘ભાજપ અને શિંદે સેનાની લડાઈમાં અમને તેમાં ન ખેંચો’

## ઉદ્ધવ જૂથની બીએમસી મેયર ચૂંટણી અંગે સ્પષ્ટતા

મુંબઈઃ ૧૫ જાન્યુઆરીએ યોજાયેલી રાજ્યની ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. ભાજપે અનેક નગરપાલિકાઓમાં એકલા હાથે સત્તા મેળવી છે, પરંતુ બીએમસીના મેયર પદ માટે ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. પાલિકાની ચૂંટણીમાં ભાજપે ૮૯ બેઠકો જીતી છે અને શિવસેના શિંદે જૂથે ૨૯ સીટો જીતી છે . મહાયુતિને બીએમસીમાં બહુમતી મળી છે, પરંતુ મેયર પદ માટે બંને પક્ષો વચ્ચે ટક્કર ચાલી રહી છે. દરમિયાન ઉદ્ધવ ઠાકરેનું નિવેદન સામે આવ્યું છે કે જો પાલિકામાં ભાજપનો મેયર બનશે, તો તેમના કાઉન્સિલરો મતદાન દરમિયાન ગેરહાજર રહેશે. શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેના આ નિવેદનને રાજકીય રીતે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે અને એવું કહેવામાં આવી રહ્યું છે કે આનાથી ભાજપને પાછલા બારણેથી મદદ મળશે.

હવે શિવસેના (યુબીટી) પ્રવકતા હર્ષલ પ્રધાનનું એક ટ્વિટ સામે આવ્યુ છે. તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે સત્તા માટે ભેગા થયેલા ભાજપ અને શિંદે સેના એકબીજા સાથે લડે અમને તેમાં ન ખેંચે. ભાજપ અને શિંદે જૂથ જેવા સત્તાના ભૂખ્યા, સમાન વિચારધારા ધરાવતા પક્ષોએ પોતાની લડાઇ જાતે લડવી જોઇએ.

દરમિયાન, એવા અહેવાલો બહાર આવ્યા કે ભાજપે મેયરની ચૂંટણી દરમિયાન શિવસેના ઠાકરે જૂથનો સીધો સંપર્ક કર્યો હતો.

# અંબરનાથ ચૂંટણીઃ હાઈ કોર્ટે પક્ષપલટુ વિધાનસભ્યોને ઝાટકી નાખ્યા

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે સોમવારે અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલના એનસીપી સભ્યોની પક્ષ પલટુ વૃત્તિને વિશ્વ ફરવા નીકળ્યા છે એવી ગણાવી તેમને ઝાટકી નાખ્યા હતા અને થાણે જિલ્લા કલેક્ટરના પાલિકામાં જોડાણોને માન્યતા આપવા અને માન્યતા રદ કરવાના આદેશોને સ્થગિત રાખ્યા હતા.

ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘુગે અને નયાયમૂર્તિ અભય મંત્રીની ખંડપીઠે આ મુદ્દો કલેક્ટરને સોંપી તેમને સંબંધિત પક્ષો - ભાજપ, કોંગ્રેસ, એનસીપી અને શિવસેના -ને સુનાવણી આપવા અને આદેશ પસાર કરવાનો નિર્દેશ આપ્યો હતો.

કોર્ટે હળવાશથી કહ્યું કે શરૂઆતમાં ભાજપ-કોંગ્રેસ ‘અંબરનાથ વિકાસ આઘાડી’ (એવીએ) માં જોડાયેલા અને પછી પલટી મારી શિવસેના તરફ વફાદારી દેખાડનારા એનસીપીના ચાર ઉમેદવાર જગત ભ્રમણ પર નીકળ્યા છે એવો કટાક્ષ કર્યો હતો.

૨૦ ડિસેમ્બરે યોજાયેલી ચૂંટણી પછી, ભાજપના સ્થાનિક એકમે એવીએ ના બેનર હેઠળ કટ્ટર હરીફ કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા અને મ્યુનિસિપલ કાઉન્સિલમાં સત્તા મેળવી સાથી પક્ષ શિવસેનાને કોરાણે મૂકી દીધી હતી. હકીકતમાં શિવસેના સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો હતો. એવીએમાં રાજ્ય સરકારમાં ભાજપના અન્ય સાથી પક્ષ અજિત પવારની આગેવાની હેઠળના એનસીપીનો પણ સમાવેશ હતો.

અદાલત એવીએની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમાં કલેક્ટરના ૯ જાન્યુઆરીના આદેશને પડકારવામાં આવ્યો હતો.

આજે આ ચાર વ્યક્તિ (એનસીપી સભ્યો) તેમની (એકનાથ શિંદે) સાથે છે, ગઈકાલે તેઓ કોઈ બીજા સાથે હતા. તેઓ વિશ્વ ભ્રમણ કરવા નીકળ્યા લાગે છે. આવતી કાલે જો તેઓ કોઈ બીજા સાથે જાય તો શું? સોમવારે સુનાવણી દરમિયાન ન્યાયમૂર્તિ ઘુગેએ કટાક્ષ કર્યો હતો.

અદાલતે તમામ સંબંધિત પક્ષોને ૨૮ જાન્યુઆરીના રોજ કલેક્ટરને તેમની લેખિત રજૂઆતો આપવાનો નિર્દેશ આપ્યો હતો, અને ત્યારબાદ ૨૧ દિવસ પછી તેમણે આદેશ પસાર કરવાનો રહેશે. (પીટીઆઈ)

# દરિયાની વચ્ચે તૈયાર થઇ રિંગ, તંત્ર સતર્ક



વસઈઃ વસઈ-વિરાર વિસ્તારમાંથી મોટી સંખ્યામાં બોટો માછીમારી માટે ઊંડા દરિયામાં જતી હોય છે. તાજેતરમાં વસઈના પાછુબંદરની એક માછીમારી બોટ જ્યારે માછીમારી માટે ગઈ હતી, ત્યારે તેમને ઊંડા દરિયામાં પાણીના પ્રવાહનું એક મોટું વમળ બનેલું જોવા મળ્યું હતું. આ કુંડાળાનો વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના બાદ તંત્ર સતર્ક થઈ ગયું હતું. તેમ જ માછીમારોમાં પણ ચિંતાનું વાતાવરણ જોવા મળ્યું હતું.

વસઈ પશ્ચિમના અર્નાલા, વસઈ, નાયગાંવ, પાછુબંદર, કિલ્લાબંદર જેવા વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં કોળી બાંધવો માછીમારીનો વ્યવસાય કરે છે. આ માટે માછીમારો પોતાની બોટ લઈને ઊંડા દરિયામાં જાય છે. તાજેતરમાં વસઈના પાછુબંદરની ’ઓમ નમઃ શિવાય’ નામની માછીમારી બોટ દરિયામાં માછીમારી માટે ગઈ હતી. જીપીએસ ક્રમાંક ૨૦-૧૫-૫૫૪, ૭૧-૫૮-૫૭૬ પર માછીમારોને પાણીનું એક મોટું વમળ બનેલું જોવા મળ્યું હતું. તેમની બોટ થોડા સમય માટે આ જગ્યાએ ફસાઈ ગઈ હતી, પરંતુ એન્જિનની ગતિ વધારીને માછીમારો આ બોટને સુરક્ષિત બહાર લઈ આવ્યા હતા.

આ વમળનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. મત્સ્ય અધિકારીઓને આ અંગે જાણ કર્યા પછી, તેમણે આ બાબતે કોસ્ટ ગાર્ડ અને નૌકાદળને આ અંગે જાણ કરી હોવાનું જણાવ્યું હતું.

દરિયામાં બનેલી આ રિંગ છેલ્લા અઠવાડિયાથી આવી જ છે. આ રિંગ શા કારણે બની તે અંગે પ્રશ્ન ઉઠાવવામાં આવી રહ્યો છે. એક તરફ એવી દલીલ કરવામાં આવી રહી છે કે પાલઘર વિસ્તાર ભૂકંપની સંભાવના ધરાવતો હોવાથી તો આવી રિંગ બની નથી ને. બીજી તરફ માછીમારોમાં ચર્ચા થઈ રહી છે કે કોઈ ઓએનજીસી મશીનરી ત્યાં છે કે શું...?

### યુકેના ડૉક્ટર-યુટ્યુબર સંગ્રામ પાટીલનો દાવો

# ‘એક્ટિવ’ એલઓસીને કારણે મને મુંબઈ એરપોર્ટ પર રોકવામાં આવ્યો

મુંબઈઃ લોકપ્રિય યુટ્યુબર ડૉ. સંગ્રામ પાટીલે સોમવારે દાવો કર્યો હતો કે મુંબઈ પોલીસ દ્વારા તેની વિરુદ્ધ જારી કરવામાં આવેલું લૂકઆઉટ સર્ક્યુલર (એલઓસી) પાછું ખેંચવાની પ્રક્રિયા શરૂ થઇ ગઇ હોવા છતાં તે હજી પણ ‘એક્ટિવ’ છે, કારણ કે સોમવારે સવારના તે યુનાઇટેડ કિંગડમ પાછો જઇ રહ્યો હતો ત્યારે તેને ઇન્ટરનેશનલ એરપોર્ટ પર રોકવામાં આવ્યો હતો.

યુકેના નાગરિક પાટીલે કહ્યું હતું કે મુંબઈ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ઇમિગ્રેશન સત્તાવાળાઓએ તેને રોક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે મારા નામે લૂકઆઉટ સર્ક્યુલર ‘એક્ટિવ’ છે.

ઇમિગ્રેશન ઓફિસરોએ મને જાણ કરી હતી કે એલઓસીને કારણે તમે ભારત છોડીને જઇ ન શકો, એવો દાવો પાટીલે કર્યો હતો.

મુંબઈ પોલીસે ૧૦ જાન્યુઆરીએ સાયબર ક્રાઇમ પ્રકરણે પાટીલને કસ્ટડીમાં લીધો હતો. એ સમયે પોલીસ અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે પાટીલની ધરપકડ કરવામાં આવી નથી, પણ તેમણે ભારતીય ન્યાય સુરક્ષા સંહિતા (બીએનએસએસ)ની કલમ ૩૫ (૩) હેઠળ નોટિસ ફટકારી છે, જે પોલીસને આરોપીને ધરપકડ કરવાને બદલે નોટિસ જારી કરવાની મંજૂરી આપે છે.

પાટીલે દાવો કર્યો હતો કે ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૩ના અધિકારીઓએ મને ૧૬ જાન્યુઆરીના રોજ મને બોલાવ્યો હતો અને મેં પોલીસના તમામ પ્રશ્નોના જવાબ લેખિતમાં આપ્યા હતા.

‘મેં મારું નિવેદન નોંધાવ્યું હતું અને તપાસ પૂરી થઇ ગઇ હોવાથી તેમ જ હું ૧૯ જાન્યુઆરીએ પાછો ફરવાનો હતો, એ બાબતને ધ્યાનમાં રાખીને લૂકઆઉટ સર્ક્યુલર રદ કરવા પોલીસને વિનંતી કરી હતી. પોલીસે ૧૦ જાન્યુઆરી બાદ એલઓસી પાછું ખેંચવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી અને તે હેતુ માટે મારી સહી તથા પાસપોર્ટનો ફોટો લીધો હતો, એવો દાવો તેણે કર્યો હતો. (પીટીઆઇ)

# ઈન્ડિગોને નજીવા દંડ બદલ પાઈલટ સંગઠનની ટીકા

## મુસાફરો અને વિમાનની સલામતીનો સોદો ન હોય

મુંબઈઃ ઉડ્ડયન નિયમનકાર ડીજીસીએ દ્વારા ડિસેમ્બરમાં લાખો મુસાફરોને અસર કરનારા મોટા પાયે ફ્લાઇટ વિક્ષેપો માટે ઇન્ડિગો પર ૨૨ કરોડ ૨૦ લાખ રૂપિયાનો અત્યંત નજીવો દંડ લાદવા બદલ પાઇલટ્સના સંગઠન એફઆઈપીએ સોમવારે ટીકા કરી કહ્યું હતું કે મુસાફરો અને વિમાનની સલામતીનો સોદો ન હોય.

ફેડરેશન ઓફ ઇન્ડિયન પાઇલોટ્સએ નિયમનકાર દ્વારા તપાસમાં ધ્યાનમાં લેવામાં આવેલા ફ્લાઇટ રદ કરવાના સમયગાળા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે દંડની રકમ ખૂબ જ ઓછી છે.

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)એ શનિવારે વિગતવાર તપાસ બાદ અમલીકરણ પગલાંની જાહેરાત કરી.

ડિસેમ્બરની શરૂઆતમાં હજારો ફ્લાઇટ્સ રદ કરવા બદલ ઇન્ડિગો પર કુલ રૂ. ૨૨.૨૦ કરોડનો દંડ ડીજીસીએ દ્વારા ફટકારવામાં આવ્યો હતો અને એરલાઇનના સીઇઓ અને ચીફ ઓપરેટિંગ ઓફિસરને ચેતવણી આપી ઓપરેશન્સ કંટ્રોલ સેન્ટરના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ જેસન હર્ટરને તેમના વર્તમાન પદ પરથી દૂર કરવાનો આદેશ આપ્યો હતો.

ડીજીસીએ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૩ થી ૫ ડિસેમ્બર દરમિયાન ૨,૫૦૭ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી અને ૧,૮૫૨ ફ્લાઇટ્સ મોડી પડી હતી, જેના કારણે દેશભરના એરપોર્ટ પર ત્રણ લાખથી વધુ મુસાફરોને અસર થઈ હતી. (પીટીઆઈ)

### મુંબ્રા પોલીસની કાર્યવાહી

# થાણે અને મધ્ય પ્રદેશથી ૨૭ કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ જપ્તઃ પાંચ આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ મુંબ્રા પોલીસ સ્ટેશનની એનડીપીએસ સ્કવૉડ દ્વારા ડ્રગ્સની તસ્કરીના આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ કરીને થાણે તેમ જ મધ્ય પ્રદેશમાંથી ૨૭.૨૧ કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. આ પ્રકરણે મધ્ય પ્રદેશના ચાર સહિત પાંચ આરોપીની ધરપકડ કરવામાં આવી હોઇ થાણે પોલીસ કમિશનરેટ હેઠળ પોલીસ સ્ટેશન સ્તરે ડ્રગ્સનો જપ્ત કરાયેલો આ સૌથી મોટો જથ્થો હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબ્રા પોલીસ સ્ટેશનની એનડીપીએસ સ્કવૉડે મળેલી માહિતીને આધારે બિલાલ હોસ્પિટલ નજીક છટકું ગોઠવીને બાસુ ઉમરદીન સૈયદને ૨૩.૫ ગ્રામ મેફેડ્રોન સાથે પકડી પાડ્યો હતો. બાસુ વિરુદ્ધ ગુનો દાખલ કર્યા બાદ તેની પૂછપરછમાં મધ્ય પ્રદેશના સપ્લાયર રામસિંહ અમરસિંહ ગુજ્જર અને કૈલાશ શંભુલાલજી બિલાઇના નામ સામે આવ્યા હતા, જેઓ ડ્રગ્સ વેચવા માટે આવવાના હોવાની માહિતી મળતાં પોલીસ ટીમે બંનેને તાબામાં લીધા હતા અને તેમની પાસેથી ૭.૩૦ કરોડ રૂપિયાનું ૩.૫૧ કિલો મેફેડ્રોન જપ્ત કરવામાં આવ્યું હતું. પોલીસ કસ્ટડીમાં બંને સપ્લાયરની પૂછપરછ કરાયા બાદ પોલીસની ટીમ મધ્ય પ્રદેશ રવાના કરાઇ હતી અને ત્યાં કાર્યવાહી કરી ૧૯.૯૧ કરોડ રૂપિયાના ૯.૯૫ કિલો મેફેડ્રન ડ્રગ્સ સાથે મનોહરલાલ રંગલાલ ગુજ્જર તથા રાજુ ઉર્ફે રિયાઝ મોહંમદ સુલતાન મોહંમદ મન્સુરીને ઝડપી પાડ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.આમ પોલીસ ટીમે કુલ ૨૭.૨૧ કરોડ રૂપિયાનું મેફેડ્રોન ડ્રગ્સ પકડી પાડ્યું હતું અને પાંચ જણની ધરપકડ કરી હતી. પાંચેય જણ રેકોર્ડ પરના આરોપી છે અને તેમની વિરુદ્ધ નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ, ભારતીય દંડસંહિતા અને આર્મ્સ એક્ટ હેઠળ ગુના નોંધાયેલા છે. આરોપીઓ મધ્ય પ્રદેશથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ લાવતા હતા અને થાણેમાં તેને વેચતા હતા.

# મતદાન કરવા ગયેલી મહિલાના ફ્લૅટમાંથી દાગીના ચોર્યાઃ ભૂતપૂર્વ નોકરાણી પકડાઈ

(અમારા પ્રતનિધિ તરફથી)

મુંબઈઃ મીરા રોડમાં રહેતી મહિલા મતદાન કરવા બાન્દ્રા ગઈ ત્યારે તેના ફ્લૅટમાંથી અંદાજે સાત લાખ રૂપિયાના દાગીના ચોરવાના કેસમાં પોલીસે ભૂતપૂર્વ નોકરાણીની ધરપકડ કરી હતી. ફ્લૅટમાં કામ કરતી હતી ત્યારે આરોપીએ ચોરીછૂપીથી મેઈન ડોરની ડુપ્લિકેટ ચાવી બનાવી રાખી હતી, એવું તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું.

કાશીમીરા નજીકના પેણકર પાડા ખાતે આવેલી લોઢા ઍક્વા ઈમારતમાં રહેતી અનીતા ગંડલેના ફ્લૅટમાં ૧૫ જાન્યુઆરીની બપોરે ચોરી થઈ હતી. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧ના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર સુશિલકુમાર શિંદેની ટીમે ઉષાતાઈ સંજય કઠારે (૪૦)ને પકડી પાડી હતી. તેની પાસેથી ચોરીના ૧૩ તોલા સોનાના દાગીના હસ્તગત કરવામાં આવ્યા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર ૧૫ જાન્યુઆરીએ મહાનગરપાલિકાની ચૂંટણી હતી. ફરિયાદી અનીતા અગાઉ બાન્દ્રામાં રહેતી હોવાથી તેનું મતદાનનું સેન્ટર બાન્દ્રામાં હતું. મતદાન કરવા અનીતા બપોરે ૧૨.૩૦ વાગ્યે ઘરેથી નીકળી હતી. સાંજે ૬.૩૦ વાગ્યાની આસપાસ તે પાછી ફરી ત્યારે ઘટનાની જાણ થઈ હતી. આ પ્રકરણે અનીતાએ કાશીમીરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેની સમાંતર તપાસ ક્રાઈમ બ્રાન્ચે હાથ ધરી હતી.

સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે પોલીસે શકમંદને ઓળખી કાઢી હતી. ઉષાતાઈ હાલમાં ફરિયાદી રહે છે એ જ ઈમારતમાં ઘરકામ કરે છે. અગાઉ તે અનીતાના ફ્લૅટમાં કામ કરતી હતી.

# આવતી કાલ સુધીમાં જવાબ આપો નહીં તો વર્લ્ડ-કપમાંથી આઉટ: બાંગ્લાદેશને આઈસીસીનું અલ્ટિમેટમ

નવી દિલ્હી: ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)ને ભારતમાં યોજાનારા ટી-૨૦ વર્લ્ડ કપમાં રમવા અંગેનો નિર્ણય ૨૧ જાન્યુઆરી સુધીમાં લેવા અથવા સાત ફેબ્રુઆરીથી શરૂ થતી ટૂર્નામેન્ટમાંથી ખસી જવા માટે તૈયાર રહેવા જણાવ્યું છે.

આઈસીસી અને બીસીબી વચ્ચે વાતચીત થઈ હોવા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. બીસીસીઆઈના નિર્દેશ પર બાંગ્લાદેશના ફાસ્ટ બોલર મુસ્તફિઝુર રહેમાનને આઈપીએલ ૨૦૨૬માંથી બહાર કરવામાં આવ્યા બાદ સમગ્ર વિવાદ શરૂ થયો હતો. આઈસીસીના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ''બીસીબીના અધિકારીઓને ૨૧ જાન્યુઆરી સુધીમાં નિર્ણય લેવાનું કહેવામાં આવ્યું છે. જો તેઓ ભારતની યાત્રા કરવાનો ઇનકાર કરે છે તો રેન્કિંગના આધારે બીજી ટીમની પસંદગી કરવામાં આવશે.''

સુરક્ષા ચિંતાઓ અને રાષ્ટ્રીય ગૌરવનો ઉલ્લેખ કરીને બીસીબીએ જણાવ્યું હતું કે તેની ટીમ કોલકાતા અને મુંબઈમાં વર્લ્ડ કપ લીગ મેચ રમવા માટે ભારતની યાત્રા કરશે નહીં. ટૂર્નામેન્ટનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે જેથી આઈસીસી બાંગ્લાદેશની મેચોને શ્રીલંકામાં યોજશે નહીં. જો બાંગ્લાદેશની ટીમ ભારત આવવાનો ઈનકાર કરે છે તો સ્કોટલેન્ડ તેમના વર્તમાન રેન્કિંગના આધારે પાત્ર બની શકે છે. બાંગ્લાદેશ ગ્રૂપ સીમાં વેસ્ટ ઈન્ડિઝ, ઈટાલી, ઈંગ્લેન્ડ અને નેપાળ સાથે છે. ■

## - તો સ્કોટલેન્ડને તક...

ઢાકા: ટીમની સુરક્ષાની ચિંતાને કારણે બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી)એ આઈસીસી મેન્સ આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપ માટે બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ ભારત મોકલવાની મનાઈ કરી છે અને ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ને બાંગ્લાદેશની તમામ મેચ શ્રીલંકા ખસેડવા વિનંતી કરી હતી, જે નકારી કાઢવામાં આવી હતી. આયર્લેન્ડ ક્રિકેટએ પણ ગ્રુપ બદલવાનો ઇનકાર કર્યો હતો. એવામાં અહેવાલ છે કે બાંગ્લાદેશની ટીમ વર્લ્ડ કપમાંથી બહાર થઇ શકે છે. અહેવાલ મુજબ તમમ રસ્તાઓ તપસ્યા બાદ હવે અંતિમ નિર્ણય બીસીબીએ લેવાનો છે. જો બાંગ્લાદેશ વર્લ્ડ કપ માટે તેની ટીમ ભારત નહીં મોકલે તો, આઈસીસી રિપ્લેસમેન્ટ ટીમની જાહેરાત કરી શકે છે. વર્તમાન રેન્કિંગના આધારે, સ્કોટલેન્ડને તક મળી શકે છે. ■

પેરા-બેડમિન્ટન ટૂર્નામેન્ટ

## પ્રમોદ ભગત અને સુકાંત કદમને બબ્બે ગોલ મેડલ

નવી દિલ્હી: ભારતના પ્રમોદ ભગત અને સુકાંત કદમે કૈરોમાં ઇજિપ્ત પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલ ટૂર્નામેન્ટ ૨૦૨૬માં પોતપોતાના સિંગલ્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ ટીમ કેટેગરીમાં પણ ગોલ્ડ મેડલ જીત્યો હતો.

ભગતે એસએલ૩ મેન્સ સિંગલ્સની ફાઇનલમાં ઉમેશ વિક્રમ કુમારને હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે મેચ ૧૯-૨૧, ૨૧-૧૫, ૨૧-૧૩ સાથે મેચ જીતી હતી.

એસએલ૪ મેન્સ સિંગલ્સમાં સુકાંતે ભારતના સૂર્યકાંત યાદવને ૨૭-૨૫, ૨૧-૧૮થી હરાવ્યો હતો.

આ જોડીએ મેન્સ ડબલ્સમાં ઉમેશ અને સૂર્યકાંતને હરાવીને ગોલ્ડ મેડલ પણ જીત્યો હતો. ■

## ગર્વ છે ભારત સામેના વિજય પર: ડેરિલ મિચલ

ઇન્દોર: ન્યૂઝીલેન્ડના સ્ટાર બેટ્સમેન ડેરિલ મિચલે કહ્યું હતું કે ભારત સામેની વન-ડે સિરીઝમાં ઐતિહાસિક જીત દબાણમાં શાંતિથી નિર્ણયો લેવા અને એકબીજા પર વિશ્વાસ કરવાના કારણે મળી છે. ન્યૂઝીલેન્ડે રવિવારે અહીં ત્રીજી અને અંતિમ વન-ડે મેચમાં ૪૧ રનથી જીત મેળવીને ભારતીય ધરતી પર પોતાની પહેલી દ્વિપક્ષી વન-ડે સિરીઝ જીતી લીધી હતી.

ભારત તરફથી સદી ફટકારનારા વિરાટ કોહલી અને હર્ષિત રાણા વચ્ચે મહત્ત્વપૂર્ણ ભાગીદારીના કારણે ૩૩૮ રનના મુશ્કેલ લક્ષ્યનો પીછો કરવામાં થોડી આશા જગાવી હતી પરંતુ અંતમાં પાર્ટનરશિપ તૂટ્યા પછી ભારતની જીતની તમામ આશાઓ પર પાણી ફરી વળ્યું હતું.

મિચલે સ્વીકાર કર્યો હતો કે તે સમયે તેમની ટીમ દબાણમાં હતી, પરંતુ સંયમ જાળવવા બદલ તેમના ખેલાડીઓની પ્રશંસા કરી હતી. ત્રીજી મેચમાં ૧૩૭ રન ફટકારનારા મિશેલે કહ્યું હતું કે, ''તેમની ભાગીદારી ખૂબ સારી હતી અને તે સમયે મેદાન, વિકેટ અને નાના કદના કારણે અમે ઘણા દબાણમાં હતા.

મને ગર્વ છે કે અમારા ખેલાડીઓ શાંત રહ્યા અને તેમની રણનીતિને સારી રીતે અમલમાં મૂકી હતી. આ એક શાનદાર મેચ હતી જે રોમાંચક તબક્કામાં પહોંચી હતી. મને લાગે છે કે બંને ટીમોને તેમના પ્રદર્શન પર ખૂબ ગર્વ હોવો જોઈએ.''

મિશેલે એમ પણ કહ્યું હતું કે આ શ્રેણી જીત તેમના માટે ઘણું મહત્ત્વ ધરાવે છે. ભૂતકાળમાં ઘણી ન્યૂઝીલેન્ડ ટીમોએ ભારતનો પ્રવાસ કર્યો છે અને જ્યારે પણ તમે અહીં આવો છો, ત્યારે તમે કંઈક શીખો છો અને વિકાસ કરો છો, પરંતુ આ ટીમ સાથે દરેકને અહીં આપણે જે પ્રાપ્ત કર્યું છે તેના પર ખૂબ ગર્વ છે. જ્યારે આપણે ઘરે પાછા ફરીશું ત્યારે દરેકના ચહેરા પર મોટી સ્મિત હશે. જ્યારે મિચલને વન-ડે સિરીઝની જીતની તુલના ભારતમાં ન્યૂઝીલેન્ડની ટેસ્ટ શ્રેણી જીત સાથે કરવાનું કહેવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે બંને જીત દર્શાવે છે કે ટીમ યોગ્ય દિશામાં આગળ વધી રહી છે.

તેણે કહ્યું હતું કે, ''ભારતને તેના ઘરઆંગણે કોઈપણ ફોર્મેટમાં હરાવવું ક્યારેય સરળ નથી. આ ટીમ સાથે તે કરવું ન્યૂઝીલેન્ડ ક્રિકેટ માટે ખૂબ જ ખાસ છે.'' ■

## કિવીઓ સામે હારવાનાં ચાર કારણ

ઇન્દોર: ગઈ કાલે ઇન્દોરમાં રમાયેલી વન-ડે મેચમાં ન્યૂ ઝીલેન્ડે ભારતને ૪૧ રનથી હરાવ્યું, આ સાથે ન્યુઝીલેન્ડે ત્રણ વન-ડે મેચની સિરીઝ ૨-૧થી કબજે કરી. ભારતીય ટીમે ત્રણ વર્ષ બાદ ઘરઆંગણે વન-ડે સિરીઝ હારી. ભારતીય ટીમની હાર માટે ઘણાં કારણો જવાબદાર રહ્યા.

ભારતીય ટીમ હવે લાંબા સમય સુધી વન-ડે મેચ રમવાની નથી, ત્યારે ન્યૂ ઝીલેન્ડ સામે હાર બાદ જાણવા મળેલી ખામીઓ સુધારવા ટીમ મેનેજમેન્ટ પાસે સમય છે. ન્યૂ ઝીલેન્ડ સામેની સિરીઝ હાર પાછળ ખાસ કરીને ટોપ ઓર્ડર બેટર તરીકે રોહિત શર્મા અને ઓલરાઉન્ડર તરીકે રવિન્દ્ર જાડેજાની નિષ્ફળતા જેવા મહત્ત્વનાં કારણો જવાબદાર રહ્યા.

**૧. રોહિત શર્માનો ક્રિઝ પર ટકી ના શક્યો:**

રોહિત શર્માનો ટોપ ઓર્ડરમાં પ્રભાવશાળી પ્રદર્શન ન કરી શક્યો. ત્રણેય વન-ડે મેચમાંથી એકેયમાં રોહિત ટીમને વિસ્ફોટક શરૂઆત આપી ન શક્યો. આક્રમક શોટ રમવાને બદલે તે સાંભળીને શોટ રમતો દેખાયો, જે તેની નેચરલ ગેમની વિરુદ્ધ છે. તે ઝડપી આઉટ થઇ જતા, શુભમન ગિલ અને વિરાટ કોહલી પર ઇનિંગ આગળ વધારવાનું દબાણ વધી ગયું.

**૨. રવિન્દ્ર જાડેજાએ નિરાશ કર્યા:**

રવિન્દ્ર જાડેજાને ભારતીય ટીમનો સૌથી ભરોસાપાત્ર ઓલરાઉન્ડર માનવામાં આવે છે, પરંતુ ન્યૂ ઝીલેન્ડ સામેની ત્રણેય વન-ડે મેચમાં તેનું પ્રદર્શન ખૂબ જ સાધારણ રહ્યું, જેને કારણે ટીમની મુશ્કેલીઓ વધી ગઈ.

જાડેજા મિડલ ઓવરમાં વિકેટ ન લઇ શક્યો. છેલ્લી મેચ તે ડેરિલ મિશેલ અને ગ્લેન ફિલિપ્સની જોડીને તોડી ન શક્યો, છેલ્લી વન-ડેમાં તેણે ફક્ત ૬ ઓવર ફેંકી અને ૪૧ રન આપ્યા અને એક પણ વિકેટ ન લઇ શક્યો.

જાડેજાનું આ નબળા પ્રદર્શનને કારણે કુલદીપ યાદવ અને અન્ય સ્પિનર્સને મદદ ન મળી, જેની અસર મેચનાં પરિણામ પર પડી. જાડેજાની બેટિંગ પર નજર કરીએ તો, તે ૪, ૨૭ અને ૧૨ રન જ બનાવી શક્યો.

**૩. મિડલ-ઓર્ડરનો સંઘર્ષ જારી**

ન્યૂ ઝીલેન્ડ સામેમી છેલ્લી વન-ડે મેચમાં શ્રેયસ ઐયર અને કેએલ રાહુલ સંઘર્ષ કરતા જણાયા. છેલ્લી વન-ડે મેચમાં માત્ર નવ ઓવરના ગાળામાં ભારતીય ટીમનો સ્કોર ૨૮/૦ થી ૭૧/૪ પર પહોંચી ગયો હતો. વિરાટ કોહલીની ૧૨૪ રનની શાનદાર ઇનિંગ નિષ્ફળ રહી. નીતિશ કુમાર રેડ્ડીએ ૪૩ બોલમાં ૫૨ રન બનાવ્યા પણ ભારતને શ્રેયસ કે રાહુલ પાસેથી સારી ઇનિંગની આશા હતી.

**૪. નબળી ફીલ્ડિંગ:**

ભારતના દિગ્ગજ ક્રિકેટર ગાવસ્કરે છેલ્લી વન-ડેમાં ખરાબ ફીલ્ડીંગને ટીમની હારનું કારણ ગણાવ્યું. ગાવસ્કરે કહ્યું ''હું નામ નહીં લઉં, પરંતુ કેટલાક ખેલાડીઓએ સળતા સિંગલ આપી દીધા, મને લાગ્યું કે ફીલ્ડિંગ ઘણી વધુ સારી થઇ શકી હોત.'' ■




નવી દિલ્હી: ન્યૂ ઝીલેન્ડ સામે ઘરઆંગણે રમાયેલી વન-ડે સિરીઝની હાર બાદ ભારતીય ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાના પ્રદર્શન પર સવાલ ઊઠી રહ્યા છે. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ પછી તેનું ફોર્મ સતત ઘટતું રહ્યું છે. ૫૦ ઓવરના ફોર્મેટમાં ભારતે તેના વિકલ્પ તરફ આગળ વધવું જોઈએ કે નહીં તે અંગે ચર્ચા શરૂ થઈ છે. જાડેજા લગભગ ૧૭ વર્ષથી ભારતની વન-ડે ટીમનો મુખ્ય ખેલાડી રહ્યો છે. પરંતુ તાજેતરના આંકડા ટીમ મેનેજમેન્ટ માટે ચિંતાનું કારણ બની રહ્યા છે.

૨૦૨૩ના વર્લ્ડ કપ ફાઇનલ પછી રમાયેલી ૧૩ વન-ડે મેચમાં જાડેજાએ ફક્ત ૧૪૯ રન કર્યા છે. જેની સરેરાશ ૨૯.૮ છે. તેનાથી પણ મોટી ચિંતા તેની બોલિંગ છે. તેણે આ ૧૩ મેચમાં માત્ર ૧૨ વિકેટ લીધી છે, અને ચેમ્પિયન્સ ટ્રોફી પછી પ્રદર્શન વધુ ખરાબ રહ્યું છે. તેણે છ મેચમાં માત્ર એક વિકેટ લીધી અને તેનો ઇકોનોમી રેટ ૬ થી ઉપર ગયો છે. દક્ષિણ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ સામેની તાજેતરની વન-ડે સિરીઝમાં જાડેજાના પ્રદર્શને પસંદગી સમિતિની ચિંતા વધારી છે. તેણે દક્ષિણ આફ્રિકા સામે બે ઈનિંગ્સમાં કુલ ૫૬ રન કર્યા છે જ્યારે ન્યૂઝીલેન્ડ સામેની આખી શ્રેણીમાં તેણે ફક્ત ૪૩ રન ફટકાર્યા છે. તેણે છ મેચમાં માત્ર એક જ વિકેટ લીધી હતી. જાડેજાના ખરાબ ફોર્મ વચ્ચે અક્ષર પટેલ અને વોશિંગ્ટન સુંદર મજબૂત વિકલ્પો તરીકે ઉભરી આવ્યા છે. ■

## 'અમારામાં હતો આત્મવિશ્વાસ ને એકબીજા માટે વિશ્વાસ'

▶ વિજય હઝારે ટ્રૉફી જીત્યા પછી વિદર્ભના કૉચ ઉસ્માન ગનીએ કહ્યું

બેંગલૂરુ: વિદર્ભના મુખ્ય કોચ ઉસ્માન ગનીનું માનવું છે કે વિજય હઝારે ટ્રોફીમાં તેમની ટીમની શાનદાર જીતને ખેલાડીઓનો એક બીજા પર વિશ્વાસનું પરિણામ ગણાવી હતી. જેના કારણે તેમને પડકારજનક પરિસ્થિતિઓમાં સફળતાપૂર્વક પાર પાડવામાં મદદ મળી હતી. રણજી ટ્રોફી ચેમ્પિયન વિદર્ભે રવિવારે અહીં સૌરાષ્ટ્રને ૩૮ રનથી હરાવીને ઘરેલુ વન-ડે ટૂર્નામેન્ટનું ટાઈટલ જીત્યું હતું.

ગનીએ કહ્યું હતું કે, ''અમે એકબીજા પર વિશ્વાસ કરીએ છીએ. મર્યાદિત ઓવરના ક્રિકેટમાં પણ અમારી ટીમ મજબૂત છે પરંતુ અમે અગાઉ વ્હાઈટ બોલ ફોર્મેટમાં ટ્રોફી જીતી શક્યા નહોતા. આ વર્ષે અમે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં કેટલીક નજીકની મેચો હારી ગયા હતા અને સુપર લીગ સુધી પણ પહોંચી શક્યા ન હતા.''

તેમણે કહ્યું હતું કે પરંતુ આ વખતે અમે આત્મવિશ્વાસથી ભરેલા હતા અને મર્યાદિત ઓવરની ટ્રોફી જીતવા માટે અમે એકબીજાને સાથ આપ્યો હતો. ટીમે સકારાત્મક ક્રિકેટ રમીને પડકારનો સારી રીતે સામનો કર્યો હતો. તેમની ટીમની જીતનું રહસ્ય જાહેર કરતા ગનીએ કહ્યું હતું કે તે બધા ખેલાડીઓનું સમર્થન કરે છે અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ સકારાત્મક રહે છે. પરિસ્થિતિ ગમે તેટલી મુશ્કેલ હોય અમારે પ્રત્યેક ખેલાડીનું સમર્થન કરવું પડશે. આપણે તેમની સાથે ઊભા રહેવું પડશે. જો કોઈ મેચ આપણા માટે ખરાબ જાય તો આપણી પાસે હંમેશા પાછા ફરવાનો આત્મવિશ્વાસ રહે છે અને અમે ટીમના દરેક સભ્યને આ જ શીખવી રહ્યા છીએ.

ગનીએ કહ્યું હતું કે આ હવે ટીમની માનસિકતા બની ગઈ છે અને જો તમે છેલ્લી કેટલીક મેચો (વિજય હઝારે ટ્રોફી સેમિફાઇનલ અને ફાઇનલ) જુઓ તો અમારે આ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો નથી. તે બધું એક ટીમ તરીકે સકારાત્મક માનસિકતા જાળવવા વિશે છે. સ્થાનિક ક્રિકેટ સર્કિટમાં ઘણી ટીમોથી વિપરીત વિદર્ભે રેડ-બોલ અને વાઇટ-બોલ ફોર્મેટ વચ્ચે યોગ્ય સંતુલન બનાવ્યું છે. ગનીએ આનું કારણ વિદર્ભની મજબૂત બેન્ચ સ્ટ્રેન્થ અને સારા વિકલ્પોની ઉપલબ્ધતાને ગણાવી હતી.

તેમણે કહ્યું હતુ કે, ''ધ્રુવ શોરેને ફાઇનલમાં રમવાની તક મળી ન હતી. દાનિશ માલેવર પણ અમારી સાથે નહોતો, કારણ કે તે રાજકોટમાં લીગ સ્ટેજ દરમિયાન ઘાયલ થયો હતો. પરંતુ વિદર્ભની બેન્ચ સ્ટ્રેન્થ મજબૂત છે અને ટીમમાં સ્થાન મેળવવા માટે સ્વસ્થ સ્પર્ધા છે. અમારી પાસે ઘણા ખેલાડીઓ છે જે તકનો મહત્તમ ઉપયોગ કરવા માગે છે.''

વિદર્ભ ૨૨ જાન્યુઆરીએ અનંતપુરમાં આંધ્ર પ્રદેશ સામે રણજી ટ્રોફી અભિયાન ફરી શરૂ કરશે. ટીમ હાલમાં પાંચ મેચમાં પચીસ પોઈન્ટ સાથે ગ્રૂપ-એમાં ટોચ પર છે. ગનીએ કહ્યું હતું કે વાઇટ-બોલ ફોર્મેટથી રેડ-બોલ ફોર્મેટમાં અનુકૂળ થવું એક પડકાર છે, પરંતુ તે બધી ટીમો માટે છે. અમે જાણીએ છીએ કે તેનો સામનો કેવી રીતે કરવો. ■

## આરામ નહીં કરે શુભમન ગિલ, પંજાબ તરફથી રણજી ટ્રૉફીમાં રમશે

નવી દિલ્હી : ભારતના ટેસ્ટ અને વનડે કેપ્ટન શુભમન ગિલે રવિવારે સમાપ્ત થયેલી ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણી પછી આરામ ન કરવાનો નિર્ણય લીધો છે અને ગુરુવારથી રાજકોટમાં સૌરાષ્ટ્ર સામે રણજી ટ્રોફી મેચમાં પંજાબ માટે રમશે. ગિલે ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણીમાં ત્રણેય મેચ રમી હતી. હવે ગિલે આરામ કરવાને બદલે રેડ-બોલ ક્રિકેટમાં પાછા ફરવાનું પસંદ કર્યું છે કારણ કે તે ભારતની ટી-૨૦ વર્લ્ડ કપ ટીમનો ભાગ નથી. ૨૬ વર્ષીય ખેલાડીનું લક્ષ્ય પંજાબને રણજી ટ્રોફી નોકઆઉટમાં પહોંચાડવાનું છે.

પંજાબ ટીમના નજીકના સૂત્રએ પીટીઆઈને જણાવ્યું હતું કે, શુભમને વનડે શ્રેણી પછી આરામ ન કરવાનો નિર્ણય લીધો છે. ઇન્દોરથી રાજકોટ પહોંચવામાં તેને આઠ કલાક લાગ્યા કારણ કે ત્યાંથી કોઈ સીધી ફ્લાઇટ ઉપલબ્ધ નથી.

પંજાબ હાલમાં ગ્રૂપ-બીમાં છઠ્ઠા સ્થાને છે અને પાંચ મેચમાં ૧૧ પોઈન્ટ છે. આગામી રાઉન્ડમાં ક્વોલિફાય થવા માટે તેને બાકીની ત્રણેય મેચ જીતવાની જરૂર પડશે. ગિલની વાપસીથી ટીમની બેટિંગ મજબૂત થઈ છે. કોલકાતામાં દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટમાં ઈજાગ્રસ્ત થયા પછી ગિલની આ પ્રથમ રેડ-બોલ મેચ હશે. ■



શુક્રવારે મુંબઈના ડી.વાય. પાટીલ સ્ટેડિયમ ખાતે ગુજરાત જાયન્ટ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે ફ્લડલાઇટ્સની ચમક હેઠળ રમાયેલી મહિલા પ્રીમિયર લીગ મેચમાં હાજરી આપીને ધારાવીની શાળાના લગભગ ૫૦ બાળકોને ટોચના આંતરરાષ્ટ્રીય મહિલા ક્રિકેટરોને રમતમાં જોવાની તક મળી. આ સ્ટેડિયમની મુલાકાત ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ છેલ્લા એક વર્ષમાં ધારાવીમાં હાથ ધરવામાં આવેલી રમતગમત-આધારિત પહેલની શ્રેણીનો એક ભાગ છે. ગયા અઠવાડિયે, ગુજરાત જાયન્ટ્સની ત્રણ ખેલાડીઓએ ધારાવીની મુલાકાત લીધી હતી અને મહિલા ક્રિકેટરો સાથે વાતચીત કરી હતી. ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટને અમલમાં મૂકતી સ્પેશિયલ પર્પઝ વ્હીકલ, નવભારત મેગા ડેવલપર્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા મેચ આઉટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઘણો સુધારો જરૂરી : ગિલ

▶ કિવીઓ સામે પછડાટ બાદ ભારતીય કૅપ્ટન કહે છે

ઇન્દોર: કેપ્ટન શુભમન ગિલે રવિવારે ન્યૂ ઝીલેન્ડ સામે વન-ડે શ્રેણી ગુમાવ્યા બાદ કહ્યું હતું કે વિરાટ કોહલીનું શાનદાર ફોર્મ અને હર્ષિત રાણાનું ઓલરાઉન્ડ પ્રદર્શન સકારાત્મક પાસાં રહ્યા છે પરંતુ ભારતીય ટીમને ઘણા ક્ષેત્રોમાં સુધારાની જરૂર છે. કોહલીએ પોતાની રેકોર્ડ ૫૪મી વનડે સદી ફટકારી પરંતુ ૩૩૮ રનના લક્ષ્યનો પીછો કરતા ભારત ૪૬ ઓવરમાં ૨૯૬ રનમાં ઓલઆઉટ થઈ ગયું અને ૪૧ રનથી મેચ હારી ગયું હતું. નીતીશ કુમાર રેડ્ડી (૫૩) અને રાણા (૫૨) ની અડધી સદી છતાં ભારતીય ટીમ જીત મેળવી શકી નહોતી. મેચ બાદ ગિલે કહ્યું હતું કે ''પહેલી મેચ પછી અને અહીં ૧ના સ્કોર ૧ થી આવ્યા પછી અમે જે રીતે રમ્યા તેનાથી અમે નિરાશ છીએ. કેટલાક ક્ષેત્રો એવા છે જેને આપણે જોવાની, વિચારવાની અને સુધારવાની જરૂર છે. વિરાટ જે રીતે બેટિંગ કરી રહ્યો છે તે હંમેશાં સકારાત્મક પાસું છે. આ સીરિઝમાં હર્ષિતે જે રીતે બેટિંગ કરી છે તે ઉત્તમ રહી છે. આઠમા નંબર પર બેટિંગ કરવી સરળ નથી. જે રીતે તેણે પ્રદર્શન કર્યું.''

ગિલે કહ્યું હતું કે, ''વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને અમે તેને (નીતીશ કુમાર રેડ્ડી) તકો આપવા માગીએ છીએ અને તેને પૂરતી ઓવર આપવા માગીએ છીએ અને જોઈએ છીએ કે કયા કોમ્બિનેશનો અમારા માટે કામ કરે છે અને કેવા પ્રકારની બોલિંગ તેના માટે કામ કરે છે.'' ■

## વિરાટ પાસેથી શીખે યુવા ક્રિકેટરો: ગાવસકર

નવી દિલ્હી: ભૂતપૂર્વ કેપ્ટન સુનીલ ગાવસ્કરનું માનવું છે કે ભારતને સારી શરૂઆત ન મળવાના કારણે ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝ ગુમાવી હતી અને ટીમના બેટ્સમેનોએ વિરાટ કોહલી પાસેથી શીખવું જોઈએ કે મુશ્કેલ લક્ષ્યનો પીછો કરતી વખતે ઇનિંગ્સ કેવી રીતે આગળ વધારવી જોઈએ. ભારત ઇન્દોરમાં ન્યૂઝીલેન્ડ સામે ત્રીજી અને અંતિમ વન-ડે મેચ ૪૧ રનથી હારી ગયું હતું. ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે પહેલીવાર વનડે શ્રેણી ગુમાવી હતી. ભારતના મુખ્ય બેટ્સમેનોમાં ફક્ત કોહલીએ સારું પ્રદર્શન કર્યું હતું. તેણે ૧૦૮ બોલમાં ૧૨૪ રન કર્યા હતા. ગાવસ્કરે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે ''વિરાટ કોહલીને સંપૂર્ણ મદદ ન મળતા ભારત માટે પરિસ્થિતિ પડકારરૂપ બની હતી. કોહલીને ખૂબ જ ઓછી મદદ મળી હતી. આ શ્રેણીમાં ભારત માટે વાસ્તવિક સમસ્યા સારી શરૂઆત મેળવવામાં અસમર્થતા રહી છે. ભારત ક્યારેય સારી શરૂઆત કરી શક્યું નથી અને તે તેમની હારનું એક મુખ્ય કારણ છે. તેઓ મોટા સ્કોરનો પીછો કરી શક્યા નથી.'' ભારતના અડધા બેટ્સમેન ૧૫૯ રનમાં આઉટ થઈ ગયા હતા, જેના કારણે તેમની જીતની શક્યતાઓ નહીંવત બની હતી. ગાવસ્કરે કહ્યું હતું કે, ''જ્યારે તમે શાનદાર ફોર્મમાં રહેલા કેએલ રાહુલની વિકેટ ગુમાવી દો છો. તમારી પાસે નીતિશ કુમાર રેડ્ડી છે જેણે ૫૩ રનની આ ઇનિંગ પહેલાં પોતાની ક્ષમતાનું સંપૂર્ણ રીતે પ્રદર્શન કર્યું ન હતું અને પછી હર્ષિત રાણા જેના વિશે તમે ક્યારેય કહી શકતા નથી કે તે કેવું પ્રદર્શન કરશે. ત્યારે લક્ષ્ય સુધી પહોંચવું એક મોટો પડકાર બની જાય છે. ભારતે બરાબર આ પરિસ્થિતિનો સામનો કર્યો હતો.'' ભૂતપૂર્વ બેટ્સમેને અંત સુધી પ્રયાસ કરવા બદલ કોહલીની પ્રશંસા કરી અને અન્ય લોકોને તેની માનસિકતાનું અનુકરણ કરવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું હતું કે, ''તેની ખાસિયત એ છે કે તે બંધાયેલો નથી. ઘણા બેટ્સમેન અને બોલરો ચિંતા કરે છે કે લોકો તેમના વિશે કેવી રીતે વિચારે છે અને તેમને લાગે છે કે તેમને તેમની ક્ષમતા પ્રમાણે જીવવું પડશે. વિરાટ એવો નથી. તે (કોહલી) પોતાના કામ પ્રત્યે સંપૂર્ણપણે સમર્પિત છે તેનો સ્વભાવ સૌથી મહત્ત્વપૂર્ણ છે. તે એવું નથી વિચારતો કે મારી પાસેથી છગ્ગો ફટકારવાની અપેક્ષા રાખવામાં આવે છે. તે પરિસ્થિતિ અનુસાર રમે છે. તે ક્યારેય હાર માનતો નથી. તેણે અંત સુધી પ્રયાસ કર્યો હતો. ■

ડબલ્યુપીએલ

## મુંબઈ-દિલ્હી આજે ટકરાશે: કમબૅક માટે બંને ટીમ મથશે

વડોદરા : વિમેન્સ પ્રિમિયર લીગમાં આજે મંગળવારે મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ સામ સામે ટકરાશે. બંન્ને ટીમો વાપસી કરવાનો પ્રયાસ કરશે. હરમનપ્રીત કૌરની કેપ્ટનશિપ હેઠળની મુંબઈ ઈન્ડિયન્સે અત્યાર સુધી પાંચ મેચમાં ફક્ત બે જ જીત મેળવી છે. તેમની ખેલાડીઓ સતત સારુ પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહી છે. મુંબઈ ઈન્ડિયન્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી) સામે હારથી શરૂઆત કરી હતી, પરંતુ પછી બીજી મેચમાં ૧૯૫ રનના ટાર્ગેટનો બચાવ કરીને દિલ્હી કેપિટલ્સને ૫૦ રનથી પરાજય આપ્યો હતો. ગુજરાત જાયન્ટ્સ સામે સાત વિકેટની જીતથી મુંબઈ ઈન્ડિયન્સને વાપસી કરી હતી પરંતુ યુપી વોરિયર્સ સામે સતત બે હારથી તેઓ પાછળ પડી ગયા. જોકે, મુંબઈ પાંચ ટીમોના પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને છે. મુંબઈ ઈન્ડિયન્સની સૌથી મોટી ચિંતા પાવરપ્લેમાં સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળતા છે. હેલી મેથ્યુઝની ઈજા અને ટોચના ક્રમમાં અમેલિયા કેર અને જી. કમલિની સાથે અસફળ પ્રયોગોને કારણે મુંબઈ ઈન્ડિયન્સનો ટુર્નામેન્ટમાં સૌથી ઓછો પાવરપ્લે રન રેટ (૬.૫૦) છે. ટોચના ક્રમના બેટ્સમેનોની નિષ્ફળતાએ કેપ્ટન હરમનપ્રીત અને નેટ સાયવર-બ્રન્ટ પર બોજ વધાર્યો છે. જ્યારે પણ આ બે બેટ્સમેન સારું પ્રદર્શન કરી રહ્યા નથી, ત્યારે મુંબઈ ઇન્ડિયન્સ સંઘર્ષ કરે છે. દરમિયાન, મુંબઈ ઇન્ડિયન્સે તેમની પ્લેઇંગ ઇલેવનમાં વારંવાર ફેરફાર કર્યા છે, જેના કારણે ટીમમાં અસ્થિરતા વધી છે. તેમની ફિલ્ડિંગ પણ નિરાશાજનક રહી છે. પાંચ મેચમાં ૧૦ કેચ છોડવાથી તેમને મહત્ત્વપૂર્ણ ક્ષણો ગુમાવવી પડી છે. બીજી બાજુ ગયા સીઝનના રનર્સ-અપ રહેલી દિલ્હી કેપિટલ્સ ચાર મેચમાં ત્રણ હાર સાથે ટેબલમાં તળિયે છે. તેઓએ સતત બે હાર સાથે પોતાના અભિયાનની શરૂઆત કરી હતી. તેમનો એકમાત્ર વિજય યુપી વોરિયર્સ સામે હતો.દિલ્હીને કેપ્ટન જેમિમા રોડ્રિગ્સનું મિડલ ઓર્ડરમાં નિરાશાજનક પ્રદર્શન રહ્યું છે. છેલ્લી મેચમાં શૂન્ય રન પર આઉટ થયા બાદ લૌરા વોલ્વાર્ડ પણ ફોર્મમાં વાપસી કરવા માગશે. ટૂર્નામેન્ટનો લીગ તબક્કો હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયો છે અને કોઈપણ ભૂલ મોંઘી સાબિત થઈ શકે છે. તેથી મુંબઈ અને દિલ્હી બંને જીત મેળવવા માટે કોઈ કસર છોડશે નહીં. ■

# રિલાયન્સ અને આઇસીઆઇસીઆઇમાં વેચવાલીના દબાણે બેન્ચમાર્કને ૩૨૪ પોઇન્ટ નીચે ધકેલ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: વૈશ્વિક બજારમાં ટ્રમ્પે શરૂ કરેલી નવી ટેરીફ વોરની ચિંતા અને અનિશ્ચિતતા વચ્ચે સ્થાનિક સ્તરે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઇટર્નલ, એચડીએફસી બેન્ક અને આઇસીઆઇસીઆઇ બેન્ક જેવા બ્લુચીપ શેરોમાં વેચવાલીના દબાણે બેન્ચમાર્ક સપ્તાહના પહેલા જ દિવસે ૩૨૪ પોઇન્ટ નીચે ધકેલાયો હતો. એશિયાઇ બજારોમાં મિશ્ર વલણ અને યુરોપના બજારોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. આ ઉપરાંત ડોલર સામે રૂપિયાની નબળાઇ અને એફઆઇઆઇની એકધારી વેચવાલી બજારનું માનસ ખોરવી રહી છે.

બીએસઈ સેન્સેક્સ ૩૨૪.૧૭ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૮૩,૨૪૬.૧૮ પર બંધ થયા. દિવસ દરમિયાન, તે ૬૭૨.૦૪ પોઈન્ટ અથવા ૦.૮૦ ટકા ઘટીને ૮૨,૮૯૮.૩૧ પર બંધ થયો હતો. તેવી જ રીતે, નિફ્ટી, ૧૦૮.૮૫ પોઈન્ટ અથવા તો ૦.૪૨ ટકા ઘટીને ૨૫,૫૮૫.૫૦ પર બંધ થયો. બંને મુખ્ય બેન્ચમાર્કમાં એક સાથે ઘટાડો વિવિધ બજાર વિભાગોમાં વ્યાપક વેચાણનું દબાણ દર્શાવે છે.

સેન્સેક્સના શેરોમાં રિલાયન્સ ટોપ લૂઝર રહ્યો હતો. આ ઉપરાંત આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇટર્નલ, ટાઇટન, અદાણી પોર્ટ, ટીસીએસ અને અલ્ટ્રાટેક સિમેન્ટનો સમાવેશ હતો. જ્યારે ઇન્ટરગ્લોબ એવિએશન, ટેક મહિન્દ્રા, હિંદુસ્તાન યુનિલીવર અને બજાજ ફાઇનાન્સનો સમાવેશ સૌથી વધુ વધનારા શેરોમાં હતો.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ઈન્ડિગો ૪.૩૦ ટકા, ટેક મહિન્દ્ર ૨.૮૫ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૨૭ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૧૮ ટકા, કોટક બેન્ક ૨.૦૨ ટકા, મારુતિ ૧.૯૬ ટકા, ટ્રેન્ટ ૧.૧૬ ટકા, આઈટીસી ૧.૧૧ ટકા અને એક્સિસ બેન્ક એક ટકા વધ્યા હતા, જ્યારે રિલાયન્સ ૩.૦૪ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૨૬ ટકા, ઈટર્નલ ૨.૧૯ ટકા, ટાઈટન ૧.૪૦ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૩૯ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૩૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૧૭ ટકા, એનટીપીસી ૦.૭૯ ટકા અને ઈન્ફોસિસ ૦.૫૪ ટકા ઘટ્યા હતા.

કંપની પરિણામોની નિરાશાએ પણ સેન્ટિમેન્ટને નુકસાન પહોંચાડ્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં નફામાં માત્ર નજીવો વધારો નોંધાયા બાદ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ૩.૩૭ ટકાથી વધુનો કડાકો જોવા મળ્યો હતો. આવકમાં મજબૂત વધારો થયો હતો, પરંતુ માર્જિન પર દબાણ અને રિટેલ કમાણીમાં ઘટાડો થવાથી રોકાણકારો નિરાશ થયા હતા, જેના કારણે શેરમાં એક વર્ષમાં સૌથી મોટો કડાકો જોવા મળ્યો હતો.

ઇન્ડિયન રેલવે ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડે ડિસેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ત્રીજા ક્વાર્ટરમાં ૧૦.૫૧ ટકાના વધારા સાથે રૂ. ૧,૮૦૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. બેડ લોનમાં ઘટાડાને કારણે રાજ્ય સરકારની માલિકીની પંજાબ નેશનલ બેંક (પીએનબી)એ ડિસેમ્બર ૨૦૨૫માં પૂરા થયેલા ત્રીજા ક્વાર્ટરમાં ૧૩ ટકાના વધારા સાથે રૂ. ૫,૧૦૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

આઇએમએફે ભારતની અપેક્ષાથી સારી કામગીરી ધ્યાનમાં લઇને રાજકોષીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારતના જીડપી ગ્રોથનો અંદાજ ઓક્ટોબરની આગાહી સામે ૦.૭ ટકા વધારીને હવે ૭.૩ ટકા જાહેર કર્યો છે. કંપનીના રિટેલ આઉટલેટને સોંપવા માટે રૂ. એક લાખની લાંચ લેવાના આરોપમાં સીબીઆઇએ મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)ના એક સેલ્સ ઓફિસરની ધરપકડ કરી છે. એશિયન બજારોમાં, દક્ષિણ



કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ ઊંચા મથાળે સ્તરે સ્થિર થયો હતો, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો હતો. યુરોપિયન બજારો નોંધપાત્ર રીતે નીચા સ્તરે ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે. યુએસ બજારમાં સાધારણ ઘટાડો જોવા મળ્યો હતો.

ટોચના એનાલિસ્ટે જણાવ્યું હતું કે, યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આઠ યુરોપિયન દેશો સામે નવી ટેરિફ ધમકીઓની જાહેરાત કર્યા પછી સંભવિત યુએસ-ઇયુ વેપાર વિવાદની ચિંતા ફરી જાગી હોવાથી વૈશ્વિક સ્તરે રોકાણકારોમાં જોખમ લેવાની ક્ષમતા નબળી પડી ગઈ. આ ઘટનાક્રમે વૈશ્વિક ઇક્વિટી બજારમાં વ્યાપક રિસ્ક ઓફ મૂડ ઉભો કર્યો છે. ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે ૧૪ પૈસાના ઘટાડા સાથે ૯૦.૯૨ની સપાટીએ પાછા ફરતાં પહેલા રૂપિયાએ મહિનામાં બીજી વખત ૯૧ની સપાટી બતાવી હતી. બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ઘટાડો થયો છે.

ભારતીય ઇક્વિટી બજારોમાં આ અઠવાડિયે સ્ટોક-સ્પેસિફિક અને રેન્જ-બાઉન્ડ મૂવમેન્ટ જોવા મળે તેવી શક્યતા છે. મુખ્યત્વે કોર્પોરેટ સેકટરના ત્રીજા કાવાર્ટરના પરિણામોની જાહેરાત, વૈશ્વિક બજારના સંકેતો અને વિદેશી સંસ્થાકીય રોકાણકાર (એફઆઇઆઇ)ના વલણને આધારિત ચાલ જોવા મળશે. એ જ સાથે અમેરિકાની ગ્રીનલેન્ડ તથા ઇરાન સંદર્ભની હિલચાલ પર પણ રોકાણકારો ચાંપતી નજર રાખશે.

આ ઉપરાંત વૈશ્વિક વેપાર વાટાઘાટો પર ભૌગોલિક રાજકીય ઘટનાઓની અસર અને અપડેટ્સ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને પ્રભાવિત કરતા મુખ્ય પરિબળો રહેશે. આ બધામાં કોર્પોરેટ કમાણીની મોસમ કેન્દ્ર તબક્કામાં છે, જેને આધારે શેરલશ્રી કામકાજ બજારમાં અફડાતફડી મચાવતા રહેશે.

વૈશ્વિક મોરચે, રોકાણકારો જીડીપી વૃદ્ધિ, જોબલેસ ક્લેઇમ્સ અને પીએમઆઇ ડેટા સહિત યુએસ આર્થિક ડેટાને નજીકથી ટ્રેક કરશે. આ ડેટા વૈશ્વિક રિસ્ક એપીટીટી અને ચલણની હિલચાલને પ્રભાવિત કરી શકે છે. યુએસ વેપાર વાટાઘાટો અને ભારતીય આયાત પર ટેરિફની આસપાસની અનિશ્ચિતતા બજારના સેન્ટિમેન્ટ પર ભાર મૂકે છે.

કેન્દ્રીય બજેટ નજીક આવી રહ્યું હોવાથી વિવિધ અટકળો અને અપેક્ષાઓ પર આધારિત સેકટરલ હિલચાલ વેગ પકડે એવી સંભાવના છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઉર્જા, બેંકિંગ અને વપરાશ સાથે જોડાયેલા શેરોમાં પ્રવૃત્તિમાં વધારો જોવા મળી શકે છે. આ અઠવાડિયે પરિણામો જાહેર કરવા માટે નિર્ધારિત મુખ્ય કંપનીઓમાં ભેલ, એસટીઆઇમાઇન્ડટ્રી, પીએનબી, એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક, બેંક ઓફ ઇન્ડિયા, ઇન્ટરગ્લોબ એવિએશન, ડીએલએફ, બીપીસીએલ, અદાણી એનર્જી સોલ્યુશન્સ અને અદાણી ગ્રીન એનજીર્નો સમાવેશ થાય છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ગયા વર્ષની સરખામણીમાં વધી રહેલા યુએસ બોન્ડ યીલ્ડ અને મજબૂત ડોલર વચ્ચે ભારતીય ઇક્વિટીમાંથી ચાલુ મહિનામાં અત્યાર સુધીમાં રૂ. ૨૨,૫૩૦ કરોડ (યુએસડી ૨.૫ બિલિયન ડોલર)થી વધુ પાછા ખેંચી લીધા છે. આ ૨૦૨૫માં નોંધાયેલા રૂ. ૧.૬૬ લાખ કરોડ (યુએસડી ૧૮.૯ બિલિયન ડોલર)ના આઉટફ્લો પછી આવ્યું છે, જે અસ્થિર ચલણની હિલચાલ, વૈશ્વિક વેપાર તણાવ અને સંભવિત યુએસ ટેરિફ અંગેની ચિંતાઓ અને બજાર મૂલ્યાંકનમાં વધારો થવાને કારણે થયું હતું.

યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો અને ડોલરની મજબૂતાઈએ યુએસ સંપત્તિઓને પ્રમાણમાં વધુ આકર્ષક બનાવી છે. ભૌગોલિક રાજકીય અને વેપાર-સંબંધિત અનિશ્ચિતતા ઉભરતા બજારના જોખમની ભૂખ પર દબાણ લાવી રહી છે. ટોચની સ્ટોક બ્રોકિંગ ફર્મના ચીફ સ્ટ્રેટેજિસ્ટે કહ્યું હતું કે, યુએસ-ભારત વેપાર કરાર પર અનિશ્ચિતતાએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ઠંડું પાણી રેડવાનું કામ કર્યું છે. સ્થાનિક મોરચે, ચોક્કસ બજાર સેગમેન્ટમાં પ્રમાણમાં વધુ પડતા મૂલ્યાંકન, ચાલુ કમાણી સીઝનના મિશ્ર સંકેતો સાથે, વિદેશી રોકાણકારો દ્વારા પ્રોફિટ બુકિંગ રોકાણકારોને પોર્ટફોલિયો રિબેલેન્સિંગ તરફ દોરી ગયું છે. ડોલર સામે રૂપિયાના સતત અવમૂલ્યને પણ બજારનું માનસ ડહોળ્યું છે. વર્ષ ૨૦૨૫માં રૂપિયો લગભગ પાંચ ટકા ઘટીને અને તાજેતરમાં ડોલર દીઠ ૯૦.૪૪ની આસપાસ વધુ નબળો પડી રહ્યો છે.

# ડૉલર સામે રૂપિયાએ મહિનામાં બીજી વખત સત્ર દરમિયાન ૯૧ની સપાટી કુદાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે આજે ડૉલર ઈન્ડેક્સ અને ક્રૂડતેલના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવા છતાં વૈશ્વિક વેપારોમાં પુનઃ અનિશ્ચિતતાઓ સપાટી પર આવવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ ઉપરાંત આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં પીછેહઠ જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે એક તબક્કે ૨૩ પૈસાના કડાકા સાથે એક મહિનામાં બીજી વખત ૯૧ની સપાટી કુદાવી ગયો હતો. જોકે, સત્રના અંતે નવ પૈસા ઘટીને ૯૧.૮૭ના મથાળે બંધ રહ્યો હતો.

ગ્રીનલેન્ડ પર કબજો કરવાની અમેરિકાની યોજનાનો વિરોધ કરનાર દેશો સામે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારતા આજે વૈશ્વિક વેપારની ચિંતા ફરી સપાટી પર આવતા ટ્રેડરોનું માનસ ખરડાતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું કે આજે સત્રના આરંભે ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૦.૭૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૦.૬૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૧.૦૧ અને ઉપરમાં ૯૦.૬૫ની રેન્જમાં અથડાઈને અંતે નવ પૈસાના ઘટાડા સાથે ૯૦.૮૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો ૪૪ પૈસા તૂટ્યો હતો.

સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકતરફી વેચવાલી ઉપરાંત આજે બજારમાં નરમાઈનું વલણ, કોર્પોરેટ ક્ષેત્રની અને હેજરોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં સતત ચોથા સત્રમાં ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે વૈશ્વિક બજારોમાં વધી રહેલાં જોખમો અને ગ્રીનલેન્ડના મુદ્દે અમેરિકા અને યુરોપિયન યુનિયન વચ્ચે ભૂરાજકીય તણાવ વધે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા જોતા રૂપિયો ૯૦.૬૦થી ૯૧.૩૦ આસપાસની રેન્જમાં રહેશે.

# યુરોપિયન યુનિયન પર ટૅરિફની ટ્રમ્પની ધમકીઃ વૈશ્વિક સોના-ચાંદી નવી ટોચે સ્થાનિકમાં ચાંદી વધુ ₹ ૧૨,૦૮૫ ઊછળી, સોનામાં ₹ ૨૩૫૩ની તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગ્રીનલેન્ડ અંગે ચાલી રહેલા વિવાદ સંદર્ભે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે યુરોપિયન દેશો પર વધારાની ટૅરિફ લાદવાની ધમકી ઉચ્ચારતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગ ખૂલતાં ભાવ નવી ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચ્યાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૨,૦૮૫ ઊછળી આવ્યા હતા, જ્યારે સોનામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૪૪થી ૨૩૫૩ની તેજી જોવા મળી હતી.



આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨,૦૮૫ના ઉછાળા સાથે રૂ. ૨,૯૩,૯૭૫ની સપાટીએ પહોંચ્યા હતા. જોકે, તેજીના વંટોળમાં ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી લેવાલી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શાંત હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૪૪ વધીને રૂ. ૧,૪૩,૩૭૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૩૫૩ વધીને રૂ. ૧,૪૩,૯૪૬ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ ઊંચી સપાટીએથી રોકાણલક્ષી છૂટીછવાઈ માગને બાદ કરતાં સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. ગત શનિવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જ્યાં સુધી યુરોપિયન દેશો ડેન્માર્કના ટાપુ ગ્રીનલેન્ડની ખરીદીને મંજૂરી નહીં આપે ત્યાં સુધી વિરોધ કરનારા દેશો પરની ટૅરિફમાં વધારો કરવામાં આવશે, એવું જણાવ્યું હોવાથી આજે લંડન ખાતે સોના અને ચાંદીમાં સલામતી માટેની માગમાં વધારો થતાં ભાવ સર્વોચ્ચ સપાટી સુધી પહોંચ્યા હોવાનું એક્સએસ ડૉટ કૉમના વિશ્લેષક લિન્હ ટ્રાને જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૧.૫ ટકા વધીને ઔંસદીઠ ૪૬૬૨.૮૫ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૧.૬ ટકા વધીને ૪૬૬૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૩.૭ ટકાની તેજી સાથે ઔંસદીઠ ૯૩.૨૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ટ્રમ્પની ધમકીને પગલે આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ રહ્યું હતું અને રોકાણકારોની સલામતી માટેની માગ સોનું, ચાંદી, જાપાનીઝ યેન અને સ્વિસ ફ્રાન્ક તરફ વળી હોવાનું લિન્હે જણાવતા ઉમેર્યું હતું કે આર્થિક અનિશ્ચિતતા અને નીચા વ્યાજદરના સંજોગોમાં સોના ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં રોકાણકારોની લેવાલી રહેતી હોય છે. આથી જ આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં આઠ ટકાનો અને ચાંદીના ભાવમાં ૩૦ ટકા જેટલો ઉછાળો નોંધાઈ ગયો છે.

દરમિયાન ગત શુક્રવારે ફેડરલ રિઝર્વનાં વાઈસ ચેરમેન મિશેલ બૉમેને જણાવ્યું હતું કે રોજગાર ક્ષેત્રે જોવા મળી રહેલી નરમાઈને ધ્યાનમાં લેતા ફેડરલ રિઝર્વે જરૂર પડ્યે વ્યાજદરમાં કપાત માટે સજ્જ રહેવું જોઈએ.

# કોપર, બ્રાસ અને નિકલમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ બાઉન્સબૅક



મુંબઈ: ગ્રીનલેન્ડર પર કબજો કરવાની અમેરિકાની યોજનાનો વિરોધ કરનાર યુરોપિયન દેશો પર ટૅરિફ લાદવાની અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જાહેરાત કરતાં આજે વૈશ્વિક બજારોમાં ફરી વેપારની અનિશ્ચિતતાઓ સપાટી પર આવી હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને કોપર અને બ્રાસની વેરાઈટીઓ ઉપરાંત નિકલ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૫નું બાઉન્સબૅક જોવા મળ્યું હતું. જોકે, આજે માત્ર ટીનમાં સતત ત્રીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૧૫ ઘટી આવ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી નીકળતાં જે ધાતુઓમાં બાઉન્સબૅક જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૧૨૬૫, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને અનુક્રમે રૂ. ૧૧૯૬ અને રૂ. ૧૦૮૯, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને અનુક્રમે રૂ. ૧૧૮૫ અને રૂ. ૧૧૭૩ અને બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૨૦, રૂ. ૭૧૮ અને રૂ. ૧૬૪૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે એલ્યુમિનિયમ ઈન્ગટટ્સ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૩૨૩ અને રૂ. ૧૯૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એકમાત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૪૫૩૪ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ઝિન્ક સ્લેબમાં ખપપૂરતા કામકાજે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૩૦ અને રૂ. ૩૧૮ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં મથકો પાછળ સુધારો, વેપાર છૂટાછવાયા

### ૧થી ૧૫ જાન્યુઆરી દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ ૧૮.૬ ટકા વધી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદો સાંકડી વધઘટે અથડાઈને અંતે સાધારણ ત્રણ રિંગિટના ઘટાડા સાથે બંધ રહ્યો હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલના હાજર ભાવમાં ટકેલું વલણ જોવા મળ્યું હતું, જ્યારે મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડ અને સરસવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે દેશી તેલમાં છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત તા. ૧થી ૧૫ જાન્યુઆરી દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા મહિનાના સમાનગાળાના ૬,૧૩,૧૭૨ ટન સામે ૧૮.૬ ટકા વધીને ૭,૨૭,૪૪૦ ટનની સપાટીએ રહી હોવાનું એક યાદીમાં જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ બુંગેના આરબીડી પામોલિનના જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૫૫ અને ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૬૫ તથા સોયા રિફાઈન્ડના ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૩૧૫, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૬૫ અને રૂ. ૧૩૪૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૮, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૮૭, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૬૦ અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા.

વધુમાં આજે ગુજરાતમાં આજે મગફળીની ગોંડલ મથકે ૨૦,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૮૦,૦૦૦ ગૂણીની આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૦૦માં થયાના અહેવાલ હતા.

જ્યારે આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૦૦, સિંગતેલના રૂ. ૧૬૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૫ અને સરસવના રૂ. ૧૫૧૫ના મથાળે રહ્યા હતા.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હતી. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. એકનો સાધારણ સુધારો જોવા મળ્યો હતો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં કિલોદીઠ રૂ.છથી ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં ખપપૂરતી માગ હોવા છતાં અમુક માલની ગુણવત્તા સારી હોવાથી તેના ભાવ ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ.એકના સુધારા સાથે રૂ. ૩૭૬૦થી ૩૮૨૩ના મથાળે રહ્યા હતા, જ્યારે માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. છથી ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૯૨થી ૩૯૬૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૦૦થી ૩૭૬૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૯૦થી ૩૮૨૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.





રાજકોટ સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં વધતી જતી માથાકૂટ, ચોરી અને દારૂ પીવાની ફરિયાદોને પગલે પ્રનગર પોલીસ સ્ટેશન દ્વારા અચાનક સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું... (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કીડિયાનગર નજીક માલગાડીના બે ડબ્બા ખડી પડતાં કચ્છનો ટ્રેન વ્યવહાર ખોરવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રાપરના કીડિયાનગર પાસેથી પસાર થનારી એક માલગાડીના બે ડબ્બા પાટા ઉપરથી ખડી પડતાં છ કલાકથી વધારે સમય સુધી રેલ વ્યવહાર બાધીત થતાં ચાર મહત્ત્વની ટ્રેનના આવાગમનને અસર થઈ હતી.

જાણવા મળતી વિગતો મુજબ, ગત મધરાત્રિના અરસામાં કીડિયાનગર પાસેની ડાઉન લાઇન પરથી જઈ રહેલી એસટીપીપી-એમડીસીસી માલગાડી (લોકો સંખ્યા ૪૯૩૮૪)ના બે ડબ્બા કોઈ અજ્ઞાત કારણોસર પાટા પરથી ખડી પડતાં રેલ પ્રશાસનમાં ભારે દોડધામ થઇ પડી હતી. ઘટનાસ્થળે દોડી ગયેલા રેલવે પ્રશાસને કલાકો સુધી મરંમત કામગીરી શરૂ કરી હતી અને ફંગોળાયેલાં કન્ટેનરોને ક્રેનની મદદથી ઉઠાવવામાં આવ્યાં હતાં.

અલબત્ત, આ ઘટનાને પગલે ગાંધીધામ-પાલનપુર એક્સપ્રેસ ટ્રેન રદ કરવામાં આવી હતી, તો બાંદ્રા ટર્મિનસ-ભુજ (૧૨૯૫૯)ને ભીલડી, મહેસાણા, વિરમગામ, સામખિયાળીના પરિવર્તિત માર્ગ ઉપર ચલાવવામાં આવી હતી, દિલ્હી-સરાઈરોહિલ્લા-ભુજ (૨૦૪૮૪) એક્સપ્રેસને ભીલડી-મહેસાણા-વિરમગામ-સામખિયાળીના પરિવર્તિત માર્ગો પર ચલાવવામાં આવી હતી, ટ્રેન નંબર ૨૨૪૮૩ ભગત કી કોઠી-ગાંધીધામ એક્સપ્રેસને ભીલડી સ્ટેશન ઉપર શોર્ટ ટર્મિનેટમાં રોકાવી દેવામાં આવતાં મુસાફરોનો કિંમતી સમય વેડફાયો હતો. રેલવે પ્રશાસને યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી શરૂ કરી હતી અને લગભગ સાતથી આઠ કલાકના સમયગાળા દરમિયાન પ્રભાવિત રેલ વ્યવહારને પુનઃ કાર્યરત કરવામાં આવ્યો હતો.માલગાડી શા માટે ખડી પડી તે જાણવા રેલવે તંત્રએ તપાસ હાથ ધરી છે. ■

# રાજકોટ મનપામાં એ.સી.બી.નો દરોડોઃ વોર્ડ નં. ૧૭ના સેનેટરી સબ ઈન્સ્પેક્ટર લાંચ લેતા ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરના વોર્ડ નં. ૧૭(બ) અટીકા ફાટક ઑફિસમાં સફાઈ કામદારો પાસેથી ચાલતી લાંચખોરીનો પર્દાફાશ થયો છે. સેનેટરી સબ ઇન્સ્પેક્ટર જીતેન્દ્ર રમેશભાઈ ગડીયલ રજાના સરભર પેટે રૂ. ૨,૦૦૦ની લાંચ માગતા એ.સી.બી.ના છટકામાં રંગેહાથ ઝડપાયા હતા. રાજકોટ જિલ્લા મહિલા કૉંગ્રેસ પ્રમુખ મનીષાબા વાળાની ફરિયાદના આધારે પી.આઈ. આર.આર. સોલંકીએ આ ટ્રેપ ગોઠવી હતી. આરોપીએ અગાઉ રૂ. ૧,૦૦૦ સ્વીકાર્યા બાદ, બાકીના રૂ. ૧,૦૦૦ લેતા પકડાઈ ગયા હતા. સફાઈ કામદારોને નોકરીમાં હેરાન કરવાની ધમકી આપી નાણાં પડાવતા ભ્રષ્ટ અધિકારી સામેની આ કાર્યવાહીથી મનપા તંત્રમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ■

# ભુજના સામત્રા ગામમાં પૈસા માટે પતિને જીવતો સળગાવવાના ચકચારી ગુનાની આરોપી પત્નીને જામીન પર છોડવા અદાલતનો ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગત ઓક્ટોબર માસની શરૂઆતમાં ભુજ સમીપે આવેલા સામત્રા ગામ ખાતે ૬૦ વર્ષના પતિને બર્બરતાપૂર્વક ગેરેજમાં પૂરી, કેરોસીન છાંટીને જીવતો સળગાવીને મોતને ઘાટ ઉતારી દેવાના દેશભરમાં ભારે ચકચારી બનેલા ગુનાની મૂળ હિંમતનગર, બનાસકાંઠાની રહેવાસી આરોપી એવી કૈલાસ કનુસિંહ ચૌહાણએ ચાર્જશીટ બાદ દાખલ કરેલી નિયમિત જામીન અરજી નામદાર સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી.

ચાર્જશીટ મુજબ, પતિથી અડધી ઉંમરની કૈલાસે ભુજમાં ખરીદેલાં મકાન માટે પતિ ધનજી ઊર્ફે ખીમજી વિશ્રામ કેરાઈ પાસે નાણાંની માગણી કરી હતી જેને આપવાનો ઈનકાર કરતાં ગત ૧૦-૧૦-૨૦૨૫ના રોજ ઉશ્કેરાયેલી કૈલાસે પતિને ઘરના આંગણાંમાં આવેલા ગેરેજ સુધી ઢસડીને લઈ ગઈ હતી અને પતિ પર કેરોસીન છાંટીને સળગાવી દઈ ગેરેજનો દરવાજો બંધ કરી દીધો હતો. ધનજીભાઈની મરણચીસો સાંભળીને દોડી આવેલા પાડોશીઓએ તેમને તાત્કાલિક હૉસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં ટૂંકી સારવાર બાદ ગણતરીના કલાકોમાં તેઓએ દમ તોડી દીધો હતો.

મૃતકના પત્નીનું ચાર વર્ષ અગાઉ કોરોના કાળ વેળાએ અવસાન થયું હતું. સંતાન અલગ સંસાર માંડીને રહેતા હોઈ, એકલતા ભાંગવા તેઓએ દોઢેક વર્ષ પૂર્વે મેટ્રિમોનિયલ સાઈટના માધ્યમથી કૈલાસ સાથે લગ્ન કર્યા હતાં. કૈલાસના પણ ભુજમાં રહેતા અગાઉના પતિથી છૂટાછેડાં થયા હતા.

આ ગંભીર ગુનામાં કૈલાસની પ્રથમદર્શનીય સંડોવણી જણાઈ આવતી હોવાનું, જામીન પર છોડાય તો સાક્ષીઓ અને પુરાવાઓને પ્રભાવિત કરી શકે તેવી શક્યતા હોવાનું, સમાજવિરોધી ગંભીર ગુનો હોવાનું જણાવીને ભુજના છઠ્ઠા અધિક સેશન્સ જજ વી.એ. બુદ્ધે જામીન અરજી ફગાવી દીધી હતી. ■

# ભાવનગરના સિદસર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૧૩મી સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ઈન્ટરનેશનલ કરાટે સંસ્થા કરાટે એકેડેમી ઑફ જાપાન ગોજુરીયુ ઈન્ડિયા, ભાવનગર દ્વારા તા. ૦૧-૦૨ને રવિવારના રોજ સ્પોર્ટ કોમ્પ્લેક્સ, સિદસર, ભાવનગર ખાતે ૧૩મી સ્ટેટ કરાટે ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાવનગર ઉપરાંત અમદાવાદ, જૂનાગઢ, રાજકોટ, બોટાદ વગેરે જિલ્લાના ૪૦૦ થી વધુ કરાટેના વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ સ્ટેટ લેવલની કોમ્પિટિશનમાં ભાવનગર જિલ્લાનાં શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા તેમ જ સામાજિક સંસ્થા સાથે જોડાયેલ તથા અગ્રગણ્ય ઉદ્યોગપતિઓ હાજર રહી કરાટેબાજોનો ઉત્સાહ વધારશે. આ ચેમ્પિયનશિપમાં ૧ થી ૩માં નંબર લાવનાર દરેક સ્પર્ધકોને મેડલ તેમ જ સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવશે. ■

# દુષ્કર્મ પીડિત શ્રમિક પરિવારની બાળકીને સારવાર ના મળતા પોક્સો કોર્ટે ભુજની જી.કે જનરલ હોસ્પિટલને નોટિસ ફટકારી

ભુજઃ ગત ૧૨મી જાન્યુઆરીના રોજ બંદરીય મુંદરા તાલુકાના એક ગામમાં ઝારખંડના શ્રમજીવી પરિવારની છ વર્ષની માસૂમ બાળાની એકલતાનો લાભ લઈને પડોશમાં રહેનારા એક નરાધમે દુષ્કર્મ ગુજાર્યાના ઘૃણાસ્પદ બનાવમાં ભોગ બનેલી આ બાળાને તાત્કાલિક સારવાર આપવામાં ગામના આરોગ્ય કેન્દ્ર, મુંદરા ખાતેની સરકારી હોસ્પિટલ અને ભુજની અદાણી જી.કે. જનરલ હોસ્પિટલ દ્વારા બેદરકારી દાખવી હોવાનું રિપોર્ટમાં ફલિત થતાં નામદાર પોકસો કોર્ટે આ તમામ હોસ્પિટલના જવાબદારોને કારણદર્શક નોટિસ ફટકારતાં રાજ્યના આરોગ્ય તંત્રમાં ભારે ચકચાર પ્રસરી હતી.

માનવજાત માટે શરમજનક બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, છેક ઝારખંડથી પેટિયું રળવા કચ્છ આવેલું દંપતી મુંદરા તાલુકાના એક ગામમાં આવેલી ખાનગી કંપનીની લેબર કોલોનીમાં રહીને કંપનીમાં મજૂરીકામ કરતું હતું. ગત ૧૨-૧ના રોજ નિત્યકર્મ મુજબ પતિ-પત્ની પોતાની વ્હાલસોયી પુત્રીને ઘરે મૂકીને મજૂરીકામ અર્થે કંપનીમાં ગયાં હતાં. આ વેળાએ એકલતાનો લાભ લઈને બાજુમાં રહેનાર મૂળ બિહારના મનીષ કુમાર માંઝી નામના યુવકે માસૂમ બાળકીની એકલતાનો લાભ લઈને તેણી પર દુષ્કર્મ ગુજારી, શારીરિક-માનસિક ઈજાઓ પહોંચાડી હતી.

બનાવ અંગે ફરિયાદ નોંધાતાં જ મુંદરા મરીન પોલીસે આરોપીને ઝડપી લીધો હતો. જો કે, જઘન્ય બનાવ બાદ માનસિક અને શારીરિક રીતે ભાંગી પડેલી નાનકડી બાળકીને સારવાર અર્થે પ્રથમ મુંદરાની સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ ભુજની જી.કે. જનરલ હોસ્પિટલ લઇ જવામાં આવી હતી. ગુનાનો ભોગ બનનાર બાળકીને મુંદરાની હોસ્પિટલે વધુ સારવાર માટે ભુજ જી.કે, જનરલ હોસ્પિટલમાં રીફર કરી હતી. બાળકીને લઈ તેની માતા પરોઢે સાડા ચાર વાગ્યે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં પહોંચી હતી. પરંતુ ૧૨ કલાક સુધી હોસ્પિટલમાં બાળકીની 'ઇન્ડોર પેશન્ટ' તરીકે સારવાર કરાઈ ના હોઈ માતા પીડાથી કણસતી બાળકી સાથે વિશાળ હોસ્પિટલમાં ઠેબે ચઢતી રહી હતી. છેક સાંજે પાંચ વાગ્યે બાળકીની શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી તેવું પરિવારે જણાવ્યું હતું.

આ તમામ હૉસ્પિટલોમાં ગરીબ પરિવારની બાળકીની યોગ્ય સારવાર ના કરાઈ હોવાનું જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અને ચાઈલ્ડ વેલફેર કમિટીના ધ્યાને આવ્યું હતું. તેમણે આ બાબતને ગંભીરતાથી લઈ એડિશનલ સેશન્સ જજ અને સ્પેશિયલ જજ (પોક્સો) જે.એ. ઠક્કરની કોર્ટ સમક્ષ વિગતવાર રિપોર્ટ રજૂ કર્યો હતો જેને અત્યંત ગંભીરતાથી લઈને જજ જે.એ. ઠક્કરે ભદ્રેશ્વર આરોગ્ય કેન્દ્ર, મુંદરા સિવિલ હોસ્પિટલ અને જી.કે. જનરલ હોસ્પિટલના જવાબદાર અધિકારીઓ તથા સિવિલ સર્જનને કારણદર્શક નોટિસ ફટકારી છે. ■

# રાજકોટ જિલ્લા પંચાયતની બેઠકમાં ₹૩૦.૫૫ કરોડના વિકાસ કામોને મંજૂરીઃ સ્થળાંતર ખર્ચનો વિવાદ ગરમાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની મહત્ત્વની બેઠકમાં જિલ્લાના વિકાસ માટે આશરે ₹૩૦ કરોડ ૫૫ લાખના કામોને વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. આ બેઠકમાં રોડ-રસ્તા, આરોગ્ય અને પશુપાલન સહિતના કુલ ૪૯ જેટલા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી વિકાસ કામોને બહાલી આપવામાં આવી હતી.

વિકાસ કામોની સાથે સાથે જિલ્લા પંચાયતના નવા બિલ્ડિંગમાં સ્થળાંતર દરમિયાન થયેલા ખર્ચનો વિવાદ પણ કેન્દ્રસ્થાને રહ્યો હતો. આ મામલે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખે નિવેદન આપતા જણાવ્યું હતું કે, સ્થળાંતર ખર્ચ અંગેની તપાસ હવે પૂર્ણ થવાના આરે છે. કાર્યપાલક ઈજનેર ટૂંક સમયમાં આ અંગેનો સત્તાવાર રિપોર્ટ સોંપશે.

નોંધનીય છે કે, ₹ એક કરોડથી વધુના ખર્ચના કામો મંજૂર કરવામાં આવ્યા હતા, જેમાંથી હાલ માત્ર ₹૧૯ લાખનો જ હિસાબ મળ્યો છે. બાકીના તમામ બિલોની ઝીણવટભરી તપાસ છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહી છે. તપાસ રિપોર્ટ આવ્યા બાદ જ આ વિવાદિત ખર્ચની સત્યતા બહાર આવશે. ■

# ગાંધીધામમાં પુત્રની નજર સામે માર્ગ ઓળંગતી માતાનું ડમ્પરની હડફેટે મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીધામના શહેરના કાર્ગો યાદવનગર સામે માર્ગ ઓળંગી રહેલા મંજુબેન રમેશ સોલંકીને ડમ્પરે હડફેટમાં લેતાં આ માતાએ જીવ ખોયો હતો, જયારે અંજારમાં ટ્રેન હેઠળ આવી જતાં અમિત ઉપાધ્યાય (ઉ.વ.૩૫)નું મોત થયું હતું, બીજી તરફ પ્રાગપર પોલીસમાં ગ્રામ રક્ષક દળમાં ફરજ બજાવતા મૂળ વવારના ૪૭ વર્ષીય મેઘરાજ કરશન કારિયા (ગઢવી)ને કાર સાથે અકસ્માત નડતાં તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામના કાર્ગો બાપા સીતારામ નગરમાં રહેતાં મંજુબેન સોલંકીને ગત તા. ૮-૧ના સવારના અરસામાં અકસ્માત નડયો હતો. તેઓ લાકડાં વીણવા નીકળ્યા હતા અને પોતાના મોટા પુત્રને બે કલાક બાદ છકડો લઇને ત્યાં આવવા જણાવ્યું હતું. બે કલાક બાદ તેમનો પુત્ર અને અશોકકુમાર સોલંકી છકડો લઇને યાદવનગર પાસે પહોંચ્યાં એ વેળાએ મંજુબેન અને તેમના બહેન લાકડાં વીણીને માર્ગ ઓળંગી રહ્યા હતા ત્યારે ગાંધીધામથી કંડલા જઈ રહેલું ડમ્પરએ આ મહિલાને પુત્ર અને ફરિયાદીની નજર સમક્ષ હડફેટમાં લેતાં ગંભીર ઇજાઓના પગલે તેમનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે. ■

# ભારત અને વિદેશના રસાયણશાસ્ત્રીઓ આજે ભાવનગરમાં ભેગા થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ CSIR -સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ભાવનગર ગુજરાત સાયન્સ એકેડેમી (GSA)ના સહયોગથી ૨૦-૨૧ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ 'રસાયણશાસ્ત્રમાં પરિવર્તનશીલ અભિગમોમાં નવી સીમાઓ' વિષય પર એક આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરી રહી છે. આ પરિષદ પ્રાયોગિક રસાયણશાસ્ત્ર અને ડિજિટલ નવીનતાના આંતરછેદ પર ચર્ચા કરવા માટે વિશ્વભરના અને ભારતના અગ્રણી વૈજ્ઞાનિકોને એકસાથે લાવશે. તે કૃત્રિમ બુદ્ધિ, મશીન લર્નિંગ અને કોમ્પ્યુટેશનલ મોડેલિંગ દ્વારા રાસાયણિક શોધમાં થઈ રહેલા ક્રાંતિકારી ફેરફારોને પ્રકાશિત કરશે.

સંયોજક ડો. ડી.એન. શ્રીવાસ્તવ અને ડો. સૌમ્યા હાલદર અનુસાર મુખ્ય વક્તાઓમાં પ્રો. ગેબ્રિયલ લેમકોફ (ઇઝરાયેલ) અને પ્રો. મરિસા કોઝલોવ્સ્કી (યુએસએ) સામેલ છે તેમ જ આઈઆઈટી, આઈઆઈએસઈઆર અને સીએસઆઈઆર પ્રયોગશાળાઓના પ્રતિષ્ઠિત સંશોધકો પણ ભાગ લેશે. CSMCRIના ડાયરેક્ટર ડો. કન્નન શ્રીનિવાસન અને GSA ના અધ્યક્ષ પ્રો. પંકજકુમાર એન. ગજ્જરે તેમના સંયુક્ત નિવેદનમાં જણાવ્યું કે વિવિધ વિષયોમાં સહકારને પ્રોત્સાહન આપીને આ પરિષદ નવીનતાને પ્રેરણા આપશે, નેટવર્કને મજબૂત બનાવશે અને રાસાયણિક વિજ્ઞાનના ભવિષ્યને આકાર આપશે. આ કોન્ફરન્સમાં લેક્ચર્સ, પોસ્ટર સત્રો અને ઉદ્યોગ પ્રદર્શનો હશે, જેમાં પ્લેટિનમ, ગોલ્ડ અને સિલ્વર પેકેજ ઉપલબ્ધ હશે. કોન્ફરન્સમાં સ્થળ પર નોંધણી પણ ઉપલબ્ધ થશે. ■

# રાજકોટમાં ૨૪ કલાકમાં ત્રણ યુવક-યુવતીએ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં ૨૪ કલાકમાં ત્રણ આપઘાતના કેસ નોંધાયા છે, જેમાં ત્રણેય મૃતક ૨૪થી ૪૦ વર્ષની વય વચ્ચે એટલે કે પોતાની યુવાવયમાં હતા. એક યુવતી અને બે યુવકે આપઘાત કરતા ફરી માનસિક તાણનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે.

એક ઘટનામાં ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનોમાં રહેતી પલક નિલેશભાઈ ઝાલા (૨૪)એ પાંચમાં માળેથી છલાંગ લગાવી હતી. પલકની માતાનાં કહેવા અનુસાર પલક અગાસીમાં જાઉં છું કહી ગઈ હતી અને તેના એક મિત્ર સાથે વાત કરી રહી હતી. ત્યારબાદ તે નીચે કૂદી પડી હતી. હૉસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. માતાનાં કહેવા અનુસાર યુવતીના પુરુષ મિત્રના થોડા દિવસોમાં લગ્ન હતાં અને તે નિરાશ હતી. પલકના પિતા હયાત નથી, પલક ખાનગી નોકરી કરી પરિવારને મદદ કરતી હતી.

આ રીતે લેબ ટેક્નિશિયન તરીકે કામ કરતા ભાવેશભાઈ નાગજીભાઈ સંઘાણી (૪૦)એ ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. સંતાનમાં બે પુત્ર ધરાવતા ભાવેશભાઈએ આ પગલું શા માટે ભર્યું તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. ત્રીજી એક ઘટનામાં બંસી કેવિનભાઈ રૈયાણી (૩૦) નામની પરિણીતાએ ઘઉંમાં નાખવાની ગોળી ખાઈ લીધી હતી. મહિલાને ઊલટી થતા તેને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવી હતી, પરંતુ તેનું મોત થયું હતું. બંસીનાં પાંચ વર્ષ પહેલા લગ્ન થયા હતાં અને તેને સંતાનમાં એક દીકરો હોવાનું બહાર આવ્યું છે. પોલીસ વધુ તપાસ હાથ ધરી રહી છે. ■

# સગા દીકરાની હત્યા કરનારા બાપને સેશન્સ કોર્ટે આજીવન કેદ અને દંડ ફટકાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં વર્ષ ૨૦૨૩માં પિતાએ પુત્રની હત્યા કરી હતી. આ કેસમાં સેશન્સ કોર્ટે પિતાને આજીવન કેદ અને ૨૫,૦૦૦ના દંડની સજા ફટકારી હતી. ૯મી માર્ચના રોજ મોડી રાત્રે આરોપી બટુકભાઈ કુકડીયા(૫૫)એ મહેશ કુકડીયા(૩૧)ની હત્યા કરી હતી. આ હત્યા સાબિત કરવામાં મૃતકના માતા રેખાબેન તેમ જ હત્યા માટે વપરાયેલી લાકડી પરના બ્લડગ્રૂપે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ઘટનાના બીજા દિવસે એટલે કે ૧૦મી માર્ચે રેખાબેન દીકરા મહેશની રાહ જોઈ રહ્યા હતાં. મહેશ આગલી રાત્રે ખેતરમાં પાણી વાળવા ગયો હતો અને ત્યાં જ સૂઈ રહ્યો હતો. સવારે દીકરો ન આવતા માતા ખેતરમાં જોવા ગયા ત્યારે દીકરો મૃત હાલતમાં મળ્યો હતો. માતાએ પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ નોંધાવ્યો હતો અને પિતા સામે શંકા વ્યક્ત કરી હતી.

પોલીસે પિતાની ધરપકડ કરી પૂછપરછ કરી હતી. પિતા બટુકભાઈ કંઈ જ કામધંધો કરતા ન હતા અને દીકરા પાસેથી પૈસા માગતા હતા અને પરિવારને હેરાન કરતા હતાં, તેમ પણ માતાએ જણાવ્યું હતું.

જોકે આ ઘટનાના સાક્ષી કોઈ ન હોવાથી ગુનો સાબિત કરવો અઘરો હતો. પુત્ર અને પિતાનું બ્લડગ્રૂપ એ હતું અને લાકડી પર મળેલા લોહીના ડાઘા પણ એ ગ્રૂપના હતા. આ લોહી પુત્રનુ હોવાનું સાબિત થતા તેમ જ માતાએ આપેલા કબૂલનામા બાદ પિતાનો દોષ સાબિત થયો હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું. કોર્ટે પિતાને આજીવન કેદ અને રૂ. ૨૫,૦૦૦નો દંડ ફટકાર્યો હતો. ■

# રાજકોટમાં જીએસટીની સર્જિકલ સ્ટ્રાઈકઃ એસ્ટ્રોન ચોકના મોબાઈલ સ્ટોર પર બીજા દિવસે પણ તપાસનો ધમધમાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સૌથી પોશ અને વ્યસ્ત ગણાતા એસ્ટ્રોન ચોક વિસ્તારમાં આવેલી એક પ્રતિષ્ઠિત મોબાઈલ શોરૂમ પર જીએસટી વિભાગની તવાઈ બીજા દિવસે પણ યથાવત્ રહી હતી. ટેક્સ ચોરી અને નાણાકીય વ્યવહારોમાં ગેરરીતિની બાતમીને આધારે શરૂ કરવામાં આવેલી આ આકસ્મિક કાર્યવાહીને પગલે શહેરના વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. જીએસટીના ઉચ્ચ અધિકારીઓની ટીમ દ્વારા સ્ટોરના ખરીદ-વેચાણના બિલો અને બેંક ટ્રાન્ઝેક્શનની અત્યંત બારીકાઈથી તપાસ કરવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મોબાઈલ સ્ટોરમાં મોટા પાયે ટેક્સની હેરાફેરી થતી હોવાની આશંકા છે. અધિકારીઓ દ્વારા શોરૂમના ફિઝિકલ સ્ટોક અને રજિસ્ટર પરના આંકડાઓ વચ્ચેના તફાવતને ચકાસવામાં આવી રહ્યો છે. તપાસ દરમિયાન મોટા પ્રમાણમાં વાંધાજનક દસ્તાવેજો અને ડિજિટલ ડેટા જપ્ત કરવામાં આવ્યો હોવાની ચર્ચા છે. અધિકારીઓની ટીમ સતત બીજા દિવસે પણ શોરૂમ પર ખડેપગે રહીને એક-એક વ્યવહારની ઝીણવટભરી તપાસ કરી રહી છે.

ઉલ્લેખનીય છે કે એસ્ટ્રોન ચોક એ રાજકોટમાં મોબાઈલના વેપારનું મુખ્ય હબ હોય આ વિસ્તારના અગ્રણી સ્ટોર પર દરોડા પડતા અન્ય વેપારીઓ પણ સતર્ક થઈ ગયા છે. બજારમાં ચર્ચાઓ ચાલી રહી છે કે આગામી દિવસોમાં તપાસનો વ્યાપ વધી શકે છે અને અન્ય મોટા શોરૂમ્સ પણ જીએસટીના દાયરામાં આવી શકે છે. જોકે, જીએસટી વિભાગ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર આંકડાકીય માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ પ્રાથમિક અંદાજ મુજબ કરોડો રૂપિયાની ટેક્સ ચોરી બહાર આવે તેવી શક્યતા છે. ■

# જૂનાગઢમાં આધેડ પર તાંત્રિક વિધિના બહાને અમાનુષી અત્યાચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અંધશ્રદ્ધાના નામે માનવતાને શરમાવે તેવી ઘટના જૂનાગઢમાં ઘટી હતી. એક આધેડનું તાંત્રિક વિધિના બહાને અપહરણ કરી નશાકારક વસ્તુ સુંઘાડી બેભાન કરવામાં આવ્યો હતો. જે બાદ ઠાઠડીમાં બાંધીને પ્રાઈવેટ પાર્ટમાં ગરમ સળિયાના ડામ આપવામાં આવ્યા હતા. આ ચકચારી કેસમાં જૂનાગઢ પોલીસે આરોપીની ગણતરીના કલાકોમાં જ ધરપકડ કરી હતી.

મળતી વિગત પ્રમાણે, ગત સપ્તાહે આરોપી સાગર ચૌહાણ નામનો વ્યક્તિ આધેડના ઘરે પહોંચ્યો હતો અને બાપાની વિધિ છે તેમ કહી વિશ્વાસમાં લીધા હતા. જે બાદ આધેડને મોટર સાઇકલ પર બેસાડી અવાવરું રસ્તે લઈ ગયો હતો. જ્યાં આધેડને છરી બતાવી જાનથી મારવાની ધમકી આપી નશાકારક પદાર્થ સુંઘાડી બેભાન કર્યા હતા. જે બાદ બીજા દિવસે તેઓ ભાનમાં આવ્યા ત્યારે દુબળી પ્લોટ આરોગ્ય કેન્દ્ર પાછળ ઠાઠડી પર બાંધેલી હાલતમાં મળી આવ્યા હતા. આરોપીએ તેમને નિર્વસ્ત્ર કરી હાથ, પીટ અને ગુપ્ત ભાગો પર ગરમ વસ્તુથી ડામ આપી અત્યાચાર ગુજાર્યો હતો. પીડિતે પોલીસને જણાવ્યું કે, આરોપી સાગર ચૌહાણ તેને ઘરકામ આપવાના બહાને બોલાવી ગયો હતો. ત્યારબાદ તેણે ક્રૂરતાપૂર્વક ઢોર માર મારી અર્ધમૃત હાલતમાં છોડી દીધો હતો, જેથી તેના પરિવારે સારવાર અર્થે ખસેડ્યા હતા. આટલું જ નહીં આરોપીએ પીડિતના ઘરે જઈને પણ આતંક મચાવ્યો હતો. લોખંડના પાઈપ વડે વાહનોમાં તોડફોડ કરી પરિવારને જાનથી મારવાની ધમકી આપી હતી. જૂનાગઢ પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ગણતરીના કલાકોમાં જ આરોપીને દબોચી લીધો હતો. આ જઘન્ય ગુનામાં અન્ય કોઈ તાંત્રિક કે સાગરીત સામેલ છે કે કેમ તેની તપાસ શરૂ કરી હતી. ■